# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-14 । અંક-095 । વિક્રમ સંવત-2081 । મહા વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

22 FEBRUARY-2025 SATURDAY





પેજ-08

આદરની મહેંદીમાં રણબીર, આલિયા, કરીના મન મૂકીને નાચ્યાં



પેજ-09

ભૂતપૂર્વ કેપ્ટનનો બર્ધમાન પાસે અકસ્માતમાં આબાદ બચાવ




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 20.00 |
| વડોદરા | 34.00 | 18.00 |
| સુરત | 35.00 | 20.00 |


પેજ 5




ભારતની અગ્રણી ટાટા મોટર્સ દ્વારા ટાટા સફારીનાં 27 વર્ષની ઉજવણી

ભારતીય મૂળના કાશ પટેલ અમેરિકી તપાસ એજન્સી FBIના ડિરેક્ટર બન્યા




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75311.06 | ▲ | 424.90 |
| નિફ્ટી | 22795.90 | ▼ | 117.25 |
| સોનું | 85,673.00 | ▼ | 351.00 |
| ચાંદી | 96,136.00 | ▼ | 977.00 |

# EDએ BBC ઈન્ડિયાને ₹3.44 કરોડનો દંડ ફટકાર્યો : 3 ડિરેક્ટરો સામે પણ કાર્યવાહી

## FDI નિયમોના ઉલ્લંઘનના આરોપો

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ BBC વર્લ્ડ સર્વિસ ઈન્ડિયા પર ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ 3.44 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. EDએ તેના ત્રણ ડિરેક્ટરો પર 1.14 કરોડ રૂપિયાથી વધુનો દંડ પણ ફટકાર્યો છે. આ આદેશ ભારતીય વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ (FEMA) હેઠળ જારી કરવામાં આવ્યો હતો. ઈકોનોમિક્સ ટાઈમ્સના અહેવાલ મુજબ, BBC વર્લ્ડ સર્વિસ ઈન્ડિયા 100% FDI કંપની છે. BBC એક ડિજિટલ ન્યૂઝ મીડિયા છે પરંતુ કંપનીએ 100% FDI જાળવી રાખ્યું છે. જ્યારે 2019 માં સરકાર દ્વારા જારી કરાયેલા આદેશ હેઠળ, ડિજિટલ મીડિયામાં FDI ની મર્યાદા 26 ટકા નક્કી કરવામાં આવી હતી, જેને કંપનીએ અવગણી હતી.

# લિડરશિપના દમ પર ગુજરાત નંબર વન રાજ્ય બન્યું : મોદી



ગુજરાત અલગ રાજ્ય બની રહ્યું હતું ત્યારે બધા કહેતા હતા કે ગુજરાત અલગ થઈને શું કરશે, આજે ગુજરાત મોડલ આદર્શ બન્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દિલ્હીના ભારત મંડપમ ખાતે SOUL (સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપ) કોન્ક્લેવના પ્રથમ એડિશનનું ઉદ્ઘાટન કર્યું હતું. મોદીએ કહ્યું કે કોઈપણ દેશના વિકાસ માટે ત્યાંના લોકો એટલે કે નાગરિકોનો વિકાસ જરૂરી છે. ગુજરાતનો ઉલ્લેખ કરતાં પીએમે કહ્યું કે જ્યારે ગુજરાત અલગ રાજ્ય બની રહ્યું હતું ત્યારે બધાએ કહ્યું હતું કે ગુજરાત અલગ થઈને શું કરશે, પરંતુ લિડરશિપના દમ પર ગુજરાત નંબર વન રાજ્ય બન્યું. PMએ કહ્યું- જો તમે કોઈ પણ ઊંચાઈ મેળવવા માંગતા હો, તો શરૂઆત ફક્ત લોકોથી જ કરો. દરેક ક્ષેત્રમાં બેસ્ટ લીડર્સનો વિકાસ કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સમયની માંગ છે. તેથી SOULની સ્થાપના 'વિકસિત ભારત' ની વિકાસ યાત્રામાં ખૂબ જ મહત્વપૂર્ણ અને મોટું પગલું છે.

**ભારત એક વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે :** PM એ કહ્યું- ભારત એક વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે, અને આ ગતિ દરેક ક્ષેત્રમાં તેજ થઈ રહી છે. આ વિકાસને ટકાવી રાખવા અને વિસ્તૃત કરવા માટે આપણને વિશ્વ કક્ષાના નેતાઓની જરૂર છે. આ પરિવર્તનમાં SOUL સંસ્થાઓ ગેમ-ચેન્જર બની શકે છે. આવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ફક્ત એક વિકલ્પ નથી, પણ એક આવશ્યકતા છે.

# દિલ્હી સ્ટેશન નાસભાગના વીડિયો હટાવવા આદેશ

## રેલવેએ Xને નોટિસ આપી, 288 લિંક ડિલિટ કરવા કહ્યું ; 36 કલાકનો સમય

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

15 ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં 18 લોકોના મોત થયા હતા. આ કેસમાં તપાસ રિપોર્ટ હજુ આવ્યો નથી, પરંતુ રેલવેએ ચોક્કસ આદેશ જારી કર્યો છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, રેલવે મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xને નોટિસ જારી કરી છે અને તેને 288 વીડિયોની લિંક્સ દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે 17 ફેબ્રુઆરીએ આ નોટિસ મોકલી હતી અને Xને 36 કલાકની અંદર ઘટના સંબંધિત તમામ વીડિયો લિંક્સ દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. મંત્રાલયની નોટિસમાં કહેવામાં આવ્યું છે કે આ નૈતિકતા તેમજ Xની કન્ટેન્ટ પોલિસીની વિરુદ્ધ છે. સોશિયલ મીડિયા પર આવા વીડિયો શેર કરવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી શકે છે. હાલમાં, ટ્રેનોમાં ભારે ભીડ છે, તેથી રેલ્વે કામગીરી પણ પ્રભાવિત થઈ શકે છે.

# 13 રાજ્યોમાં વરસાદનું એલર્ટ, UPમાં કરા પડ્યા



- **રાજસ્થાનમાં ઠંડી વધી, MPમાં તાપમાન ઘટશે**
- **હિમાચલમાં 20 દિવસ સુધી બરફવર્ષા રહેશે**

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

હવામાન વિભાગ (IMD)એ શુક્રવારે 13 રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. મધ્યપ્રદેશમાં શુક્રવારથી દિવસ અને રાત્રિના તાપમાનમાં ફરી ઘટાડો થશે. હવામાન વિભાગે તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરી છે. રાજસ્થાનમાં વાવાઝોડા અને વરસાદ બાદ ઠંડીમાં વધારો થયો. યુપીના મેરઠ અને હાપુડમાં ગઈ મોડી રાત્રે લગભગ અડધા કલાક સુધી કરા પડ્યા. ઓડિશામાં આગામી ત્રણ દિવસ એટલે કે રવિવાર સુધી ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. ઘણા જિલ્લાઓમાં પાકને પણ નુકસાન થઈ શકે છે. આ કારણે રાજ્ય સરકારે 25 જિલ્લાઓમાં એલર્ટ જાહેર કર્યું છે. છેલ્લા 24 કલાકમાં હિમાચલ પ્રદેશમાં ઘણી જગ્યાએ બરફવર્ષા થઈ હતી. ખાસ કરીને મનાલી, લાહૌલ સ્પીતિ, શિમલા, કિન્નૌર અને ડેલહાઉસી બરફથી ઢંકાયેલા હતા. પ્રવાસીઓ આગામી 6 થી 20 દિવસ સુધી આ સ્થળોએ બરફ જોઈ શકશે.





**સ્વસ્થ મહાકુંભ**

- સરકારી/ખાનગી હોસ્પિટલોમાં 6000 પથારી.
- મેળા વિસ્તારમાં 43 હોસ્પિટલો, 381 ડોક્ટરો તૈનાત.
- 125 રોડ, 7 નદી અને એર એમ્બ્યુલન્સ તૈનાત.
- મુખ્ય માર્ગો પર CHC/PHC નું અપગ્રેડેશન.

**સ્વચ્છ મહાકુંભ**

- 850 ટીમોમાં 10200 સ્વચ્છતા કર્મચારીઓ તૈનાત.
- સ્વચ્છતાની દેખરેખ માટે 1800 ગંગા દૂતો તૈનાત.
- લાઈનર બેગ સાથે 25000 ડસ્ટબિન, 300 સક્શન વાહનો.
- 120 ટીપર - હોપર્સ અને જીપીએસથી સજ્જ 40 કોમ્પેક્ટર ટ્રક.

**સલામત મહાકુંભ**

- 37000 પોલીસ કર્મચારીઓ અને 14000 હોમગાર્ડ તૈનાત.
- 2750 અલ-આધારિત સીસીટીવી કેમેરા અને 80 વીએમડી ટીવી સ્ક્રીન.
- 3 જલ પોલીસ સ્ટેશન, 18 જલ પોલીસ કંટ્રોલ રૂમ.
- 50 ફાયર સ્ટેશન, 20 ફાયર પોસ્ટ, 50 વોચ ટાવર, 4300 ફાયર હાઈડ્રેન્ટ.

• મેળા વિસ્તારનો 4000 હેક્ટર. • 25 સેક્ટરમાં સુવ્યવસ્થિત. • 1850 હેક્ટર પાર્કિંગ વિસ્તાર. • 1,50,000 શૌચાલય. • 1,60,000 તંબુ. • 67,000 LED સ્ટ્રીટ લાઈટ. • 2 નવું પાવર સબ સ્ટેશન. • 66 નવા ટ્રાન્સફોર્મર. • 2000 સોલાર હાઈબ્રિડ સ્ટ્રીટલાઈટ. • 1249 કિમી પાણીની પાઈપલાઈન. • 200 વોટર એટીએમ. • 85 ટ્યુબવેલ. • કાફલો 7000 બસો. • 550 શટલ બસો. • 7 નવા બસ સ્ટોપ. • 30 પોન્ટૂન પુલ. • 9 કાયમી ઘાટ. • 7 રિવરફ્રન્ટ રોડ. • 12 કિમી અસ્થાયી ઘાટ. • 14 નવા ફ્લાયઓવર અને અંડરપાસ • 11 નવા કોરિડોરનું બાંધકામ. • 3000 વિશેષ ટ્રેનો સહિત 13000 ટ્રેનો. • પ્રયાગરાજ એરપોર્ટ પર નવું ટર્મિનલ.

**સંત ગર્વ, મહાકુંભ પર્વ**

• ભક્તો અને પ્રવાસીઓને મદદ કરવા માટે પ્રવાસ માર્ગદર્શિકા. • કુંભ સહ "AI" યાક AI ચેટબોટ સહાય માટે. • આરામ અને આંતરિક શાંતિ માટે પક્ષી અવાજ ઉપચાર. • દેશભરમાંથી કારીગરો અને કારીગરોનો સંગમ. • સંગમમાં ભક્તો માટે બોટ રાઈડની સુવિધા. • ક્રોસરોડ્સ વેદ અને પુરાણની વાર્તાઓને જીવંત બનાવે છે. • સાંસ્કૃતિક સ્ટેજ પર મનમોહક સંગીત, વાદ્ય અને નૃત્ય પ્રદર્શન. • ઉત્તમ પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ

કુંભ પ્રશાસન | આકસ્મિક સહાયતા | હોટલ અને ફુડ | ઉ.પ્ર.ની સિદ્ધિઓ

ચેટ કરવા માટે સ્કેન કરો

કુંભ સહાયક વોટ્સએપ નંબર. ૮૮૭૮૪૭૧૩૫ પર 'નમસ્તે' મોકલો.



**મહાકુંભ હેલ્પલાઈન**

| 1920 | 112 | 1010 | 102, 108 | 18004199139 |
|---|---|---|---|---|
| મહાકુંભ મેળો હેલ્પલાઈન | આકસ્મિક સુવિધાઓ | ખાદ્ય અને નાગરિક પુરવઠા હેલ્પલાઈન. | એમ્બ્યુલન્સ સેવા | રેલ્વે હેલ્પલાઈન |

માહિતી અને જનસંપર્ક વિભાગ, ઉત્તર પ્રદેશ | UPGovtOfficial | CMOUttarpradesh | CMOfficeUP | mahakumbh_25/ | upmahakumbh | MahaKumbh_2025 | https://kumbh.gov.in/

# ઉપલેટા પોસ્ટ ઓફિસના સસ્પેન્ડેડ કર્મચારીએ પોસ્ટના ખાતા ધારકોના રૂપિયાની ઉચાપત કરી ગયા હોવાની પોલીસ નોંધાઈ

## જુન ૨૦૨૦ થી લઈને માર્ચ ૨૦૨૪ સુધીમાં બે જેટલા ખાતા માંથી 1,64,500 રૂપિયાની કરવામાં આવી હોવાનો થયો ઘટસ્પોટ: ઉચાપત સ્વીકારી લીધી છતાં સસ્પેન્ડ કરી ફરિયાદ નોંધાવાઈ

ઉપલેટા : ઉપલેટા પોસ્ટ ઓફીસમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા અને હાલના સસ્પેન્ડેડ કર્મચારી દ્વારા પોસ્ટ ઓફીસમાં ખાતા ધારકોના કોમ્પ્યુટર સીસ્ટમમાં ખાતા ખોલી તેમાં પોસ્ટ વિભાગના પડેલ સરકારી નાણા ખાતાઓમાં જમા કરી પૈસા ઉપાડવાની પહોંચમાં ખાતા ધારકોની ડુબ્લીકેટ સહીઓ કરી બનાવટી દસ્તાવેજ ઉભા કરી ખરા તરીકે ઉપયોગ રૂ. ૧,૬૪,૫૦૦/- રોકડ રકમની ઉચાપત કરી પોતાના ઉપયોગમા લઇ છેતરપીડી વિશ્વાસઘાસ કરતા ગુન્હો કર્યા બાબતમાં ધોરાજી સબ ડીવીઝનલ ઈન્સ્પેક્ટર, પોસ્ટના કાસમ અલીભાઈ થારીયાણીએ મુળ વરજાંગ જાળીયા ગામના અને હાલ ઉપલેટા રહેતા બળદેવ મનોજભાઈ ગામોટ સામે ઉપલેટા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં આ પોલીસ ફરિયાદ નોંધાયા બાદ ઉપલેટા પોલીસે આઈ.પી.સી. કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબ પોલીસ ફરિયાદ નોંધ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે જેમાં આ અંગેની તપાસ ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. એસ.પી. ભટ્ટ દ્વારા ચલાવવામાં આવી રહી છે.



ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ઉપલેટા પોસ્ટ ઓફિસના કર્મચારી બળદેવ ગામોટ દ્વારા બે અલગ-અલગ વ્યક્તિઓના ખાતામાંથી આ રૂપિયાની ઉચાપત કરી હોવાની બાબતની તપાસ ચાલી રહી હતી જેમાં ગોંડલ પોસ્ટ ડિવિઝનના સુપ્રિટેન્ડન્ટ આદેશ અનુસાર ઉપલેટા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે જેમાં આ ઉચાપત થયેલી બાબતમાં તપાસ ચલાવવામાં આવી રહી હતી અને તપાસની અંદર ઉચાપત કરવામાં આવી હોવાની બાબતમાં બળદેવ મનોજભાઈ ગામોટ આ પ્રકરણમા માર્ચ ૨૦૨૪ બાદ સસ્પેન્ડ પણ કરી દેવાયેલ છે જે બાદ તપાસમાં ઉચાપત સામે આવતા સમગ્ર મામલે હાલ પોલીસ ફરિયાદ નોંધાય છે ત્યારે ખાતાધારકોમાં પોસ્ટ પ્રત્યેના ભરોસામાં અવિશ્વાસ ઉભો થયો હોવાનું પણ સામે આવ્યું છે. સરકારી નાણાંની થયેલ ઉચાપતમાં સમગ્ર બાબતે જ્યારે તપાસ શરૂ કરવામાં આવી હતી ત્યારે વિભાગને ઉચાપતની બાબત જણાઈ આવી હતી જેમાં ઉચાપતની બાબત સામે આવતા ઉચાપત કરનાર બળદેવ ગામોટે પોતે કરેલી ઉચાપત સ્વીકારી પણ લીધી હતી અને સ્વીકારી લીધા બાદ ઉચાપત કરેલી રકમ જમા પણ કરાવી દીધી હતી જો કે ઉચાપતની બાબત હાલ રેકોર્ડ ઉપર નોંધાઈ છે અને ઉચાપતનો મામલો સામે આવતા વિભાગને ઉચાપતની બાબતની જાણ થયા બાદ ઉચાપત કરનારે ઉચાપત કરવાનું બંધ કરી ઉચાપત કરેલી રકમ જમા કરાવેલ છે.

# માર્ગ સલામતિ અભિયાન અંતર્ગત લુણાવાડા એઆરટીઓ ખાતે વિદ્યાર્થીઓને રોડ સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી લુણાવાડા

રાજ્યમાં વધી રહેલ માર્ગ અકસ્માત નિયંત્રણમાં લાવવાં અને લોકોને માર્ગ સલામતી માટે માર્ગદર્શન મળી રહે તે માટે માર્ગ સલામતી અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો થકી લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે જેથી રાજ્યમાં અને જિલ્લામાં માર્ગ અકસ્માત અટકાવી શકાય. આજરોજ રોડ સેફ્ટી અભિયાન 2025 અંતર્ગત એઆરટીઓ લુણાવાડા ખાતે વડાગામ પ્રાથમિક શાળાએથી આરટીઓ કચેરીની વિઝીટ કરવા આવેલા વિદ્યાર્થીઓને આરટીઓ ઇન્સ્પેક્ટર શ્રી એન કે પટેલ દ્વારા આરટીઓમાં થતી કામગીરી અને રોડ સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને માર્ગ સલામતી સંકલ્પ પત્ર વાંચી વાલીની સહી લેવા માટે અપીલ કરવામાં આવી.

# Chem-O-Clave 2025 : IIChE-PDEU દ્વારા રાસાયણિક ઈજનેરીમાં નવીનતા અને ટકાઉ વિકાસની ભવ્ય ઉજવણી

(એજન્સી) ગાંધીનગર । તા. 21



ભારતીય રાસાયણિક ઈજનેરી સંસ્થા (IIChE), જે ભારતમાં રાસાયણિક ઈજનેરીના વિકાસ માટે પ્રતિબદ્ધ એક અગ્રણી સંસ્થા છે, પંડિત દીનદયાળ ઉર્જા યુનિવર્સિટી (PDEU) ખાતે Chem-O-Clave 2025 નો ભવ્ય પ્રારંભ કર્યો. ફેબ્રુઆરી 21 અને 22, 2025 દરમિયાન યોજાતું આ દ્વિદિવસીય ઈવેન્ટ રાસાયણિક ઈજનેરી ક્ષેત્રમાં નવીનતા, સહકાર અને જ્ઞાનવિનિમયને પ્રોત્સાહન આપવા માટે એક પ્રીમિયમ પ્લેટફોર્મ રૂપે કાર્ય કરે છે. આ કાર્યક્રમનું પ્રારંભ નોંધણી અને ઉદ્ઘાટન સમારંભ સાથે થયું, જ્યાં આયોજકોએ તમામ માનનીય મહેમાનો અને હાજર વિદ્વાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, જેનાથી સમાગમ માટે એક આકર્ષક અને સર્વસમાવિષ્ટ વાતાવરણ ઉભું થયું. ઉદઘાટન સત્રમાં દીપ પ્રાગટ્ય સમારોહ દર્શાવવામાં આવ્યો હતો, ત્યારબાદ PDEU ના મહાનિર્દેશક ડૉ. એસ. સુંદર મનોહરન દ્વારા મુખ્ય વક્તવ્ય આપવામાં આવ્યું હતું. તેમના વક્તવ્યમાં, ડૉ. મનોહરને શિક્ષણ અને ઉર્જા ક્ષેત્રમાં PDEUની પ્રભાવશાળી વૃદ્ધિ પર ભાર મૂક્યો હતો, નોંધ્યું હતું કે તે ઉત્પાદન અને તેના ભાવિ વિસ્તરણ અને તકો અંગે આંતરદૃષ્ટિ શેર કરતી પ્રથમ સંસ્થા છે. આગળ, કાર્યક્રમના સંયોજક ડૉ. પ્રવીણ કોડગિરેએ ઉદ્ઘાટન ભાષણ આપ્યું, જેમાં પ્રથમ દિવસે યોજાનાર કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી. ત્યારબાદ, રાસાયણિક ઈજનેરી વિભાગના વડા ડૉ. આશિષ ઉન્નારકતે સ્વાગત ભાષણ આપ્યું, જેમાં વિભાગની સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો અને શિક્ષકોના તેમના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન તેમજ સમાજ માટે આપેલા મહત્ત્વના ફાળાના વખાણ કરવામાં આવ્યા.

# ચાણસ્મા શહેર કોંગ્રેસ પ્રમુખ વરુણ વ્યાસનું પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ દ્વારા સન્માનીત કરાયા

નીતિન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા પાલિકા ની ચૂંટણી દરમિયાન સરાહનીય કામગીરી કરનાર ચાણસ્મા શહેર કોંગ્રેસ પ્રમુખ વરુણ વ્યાસનું પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ દ્વારા સન્માનીત કરાયા ઉલ્લેખનીય છે કે ચાણસ્મા પાલિકાની ચૂંટણી માં કોંગ્રેસ ના પાંચ નગર સેવકો ને ભવ્ય વિજય અપાવવા બદલ સાથે ચાર અપક્ષ વિજેતા ઉમેદવારો પૈકી ૩ અપક્ષ વિજેતા ઉમેદવારો નું કોંગ્રેસ અગ્રણીઓ ના સીધા માર્ગદર્શન નીચે ચાણસ્મા શહેર કોંગ્રેશ પ્રમુખ વરૂણભાઈ વ્યાસ ની કોંગ્રેસ ની વિચારધારા સાથે જોડવા વ્યુહાત્મક પ્રેરણા થકી સરાહ નીય કામગીરી



કરવા બદલ પાટણ જિલ્લા કોંગ્રેસ સમિતી કાર્યાલય ખાતે આવેલા પ્રદેશ કોંગ્રેશ ના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ દ્વારા વિશિષ્ટ સન્માન કરાયું હતું જેમાં પૂર્વ પ્રદેશ કોંગ્રેશ પ્રમુખ અમિત ચાવડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમર દેસાઇ ચાણસ્મા તાલુકા કોંગ્રેસ ના અગ્રણીઓ પૈકી રાજુલ પટેલ નાગજીજી દરબાર રમેશભાઈ દેસાઈ(વકીલ) સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

જયારે નગર પાલિકા ચાણસ્મા ની યોજાયેલ ચૂંટણી માં 15 નગર સેવકો ને જલવંત વિજય અપાવી ચૂંટણી લક્ષી શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ચાણસ્મા તાલુકા ભાજપ નાં પ્રમુખ કિરણ ભાઈ જાની નુ જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ દશરથજી ઠાકોર દ્વારા વિશિષ્ટ સન્માન કરાયુ હતુ ઉલ્લેનીય છે કે ચાણસ્મા નગર પાલિકા ની ચૂંટણી માં બંને ભાજપ અને કોંગ્રેસ માં બ્રાહ્મણ બુદ્ધિ જ કામ લાગી હોય તેવું જોવા મળ્યું છે.

# ખાંભા તાલુકાના મોટા બારમણ ગામના આંગણે શ્રી સમસ્ત તળપદા કોળી સમાજ ટ્રસ્ટ આયોજિત દ્વિતીય સમૂહ લગ્નોત્સવ યોજાયો

કિશોર આર. સોલંકી જાફરાબાદ

મોટા બારમણ ગામના આંગણે શ્રી સમસ્ત તળપદા કોળી સમાજ ટ્રસ્ટ આયોજિત દ્વિતીય સમૂહ લગ્નમાં 11 નવ દંપતિએ મંગલ જીવન ની શુભ શરૂઆત કરી આ તકે સંતશ્રી દેવેન્દ્રદાસ બાપુ એ શુભ આશિષ પાઠવ્યા હતા. પ્રસંગ ના મુખ્ય અતિથિ મા. ધારાસભ્યશ્રી ના પ્રતિ નિધિ અને ટીમ્બી એ. પી. એમ. સી ના ચેરમેનશ્રી ચેતનભાઈ શિયાળ, ડેડાણ કોળી સમાજ પ્રમુખશ્રી બાબુદાદા મકવાણા, સુરત કોળી સેના પ્રમુખ પી.એમ. સાંખટ, હિંમતભાઈ ભાલીયા, જયસુખભાઈ બારૈયા સુરત પોલીસ,જીવણભાઈ બારૈયા, કમલેશભાઈ બારૈયા જાફરાબાદ, ભાજપ તાલુકા ઉપપ્રમુખ નટુભાઈ રાઠોડ ડેડાણ, અખિલ ભારતીય કોળી સમાજ તાલુકા પ્રમુખ ગોપાલભાઈ પરમાર, શિવલાલ ભાઈ બારૈયાં હનુમાન પૂર મહેશભાઈ મકવાણા તાલુકા પંચાયત સદસ્ય, રૂખડભાઈ મકવાણા સરપંચશ્રી મૂંજીયાસર, ભગવાનભાઈ જેઠવા સરપંચશ્રી સાણા વાંકિયા,હસમુખભાઈ શિયાળ પત્રકારશ્રી, ભાવેશભાઈ મકવાણા નિવૃત આર્મી મેન,બિપીનભાઈ ડાભી સરપંચશ્રી પચપસિયા, ભોળાભાઈ મકવાણા બોરાળા, ગુણવંતભાઈ જાદવ ખડાધાર, લખમણભાઈ ચૌહાણ નવી કાતર જામકા તળપદા કોળી સમાજ ટ્રસ્ટ ના તમામ ટ્રસ્ટી મિત્રો, દુલાભાઈ મકવાણા રામગઢ, દિનેશભાઈ બારૈયાં રામરામગઢ,સોમાતભાઈ વેગડ રામગઢ તેમજ ખુબ મોટી સંખ્યામાં સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમૂહ લગ્નમાં નવ દંપતી ને મેરેજ સર્ટિફિકેટ મંડપમાં જ મળી રહે તે માટેની પ્રક્રિયા તલાટી કમ મંત્રીશ્રી વિજયભાઈ મકવાણા અને મગનભાઈ પરમાર વી.સી.ઈ મોટા બારમણ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગમાં મહેમાનો ને માન સન્માન, આદર આવકાર અને ભોજન વ્યવસ્થા માં કોઈ પ્રકારની ઉણપ ન રહે તે માટે સમાજના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.



નીતિન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા નગર પાલિકા 2025 ની ચુંટણી માં વોર્ડ 4 ના અપક્ષ ઉમેદવાર સેજલબેન અમિતભાઈ પટેલ ભારતીય જનતા પાર્ટી મા પ્રદેશ ઉપાધ્યક્ષ નંદાજી ઠાકોરની ઉપસ્થિતિમાં જોડાયા હતા સાથે ભાજપ શહેર ,તાલુકા અને ચૂંટાયેલા કોર્પોરેટરો હાજર રહ્યા હતા

# કવાંટ ખાતે દોરાતા ભીતચિત્રોનું નિરિક્ષણ કરતા જિલ્લા સમાહર્તાશ્રી ગાર્ગી જૈન



કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકા ખાતે હોળીના ત્રીજા દિવસે દર વર્ષે વિશ્વવિખ્યાત ભાતીગળ “ગેર મેળા” યોજાય છે. આ વર્ષે “ગેર મેળા” તા.૧૬ માર્ચના રોજ યોજાશે. “ગેર મેળા”ને રાષ્ટ્રીય કક્ષાના મેળાની શૃખલામાં મુકવા માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા નવતર અભિગમ અપનાવાવમાં આવી રહ્યો છે. જેની કવાંટ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ નવતર અભિગમના ભાગરૂપે સ્થાનિક કલાકારો દ્વારા કવાંટના મુખ્ય બજારમાં ૨૮ જગ્યાઓ પર પરંપરાગત ભીતચિત્રો દોરવામાં આવશે. પિઠોરા અને વારલી ભીતચિત્રોમાં સ્થાનિક પરંપરા અને સંસ્કૃતિની ઝાખી જોવા મળશે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા દોરવામાં આવતા ભીતચિત્રોનું જિલ્લા સમાહર્તાશ્રી ગાર્ગી જૈને નિરિક્ષણ કર્યું હતું.

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા તા.૨૪ ફેબ્રુઆરીએ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન

કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલી તા.૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ (ગુરુવાર)ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા તા.૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ને સોમવારના રોજ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં. ૦૧, અમરેલી અને તેના નિયંત્રણ હેઠળની અમરેલી, ધારી, રાજુલા, બાબરા, લીલીયા, સાવરકુંડલા પેટા વિભાગીય કચેરીમાં એપ્રેન્ટીસ તરીકેની નિમણૂક આપવા માટે આ ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળો તા.૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ને સોમવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં.૦૧, લાઠી રોડ, એસ.ટી. ડીવિઝન પાછળ, સરસ્વતી સ્કુલ સામે અમરેલી ખાતે યોજાશે.ભરતી મેળામાં સિવિલ એન્જિનિયરિંગ ડિગ્રી, ડિપ્લોમા સિવિલ એન્જિનિયર, બી.એ, બી.કોમ, બી.બી.એ, આઈ.ટી.આઈ. બે વર્ષના ટ્રેડમાંથી ફિટર, પ્લમ્બર, ડ્રાફ્ટમેન, ઈલેક્ટ્રિશિયનની શૈક્ષણિક લાયકાત ધરાવતા વર્ષ ૨૦૨૨, ૨૦૨૩,૨૦૨૪માં પાસ આઉટ થયેલા ઉમેદવારો ભાગ લઈ શકશે. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ડિગ્રી, ડિપ્લોમા, આઈ.ટી.આઈ, અન્ય ગ્રેજ્યુએટ ઉમેદવારોએ NATS/SKILL INDIA/ MHRD/MSME પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે.

આ અંગેની વધુ વિગતો GWSSB વેબસાઈટ અને WS પોર્ટલ પરથી મેળવી શકાશે, તેમ અમરેલી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં.૦૧ના કાર્યપાલક ઈજનેરશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સાપુતારા ખાતે ચીફ ઓફિસરની ખાલી પડેલ જગ્યાના કારણે ઘણીધોરી વિનાનું બનતા પ્રવાસન ઉદ્યોગ પર માઠી અસર

ડાંગ : ગુજરાત કી આંખો કા તારો સાપુતારા ખાતે રાજ્યના પ્રવાસન વિભાગ અને રેવન્યુ વિભાગનાં સંકલન નાં અભાવે મહત્વની રોપવે અને બોટિંગ જેવી મનોરંજન એક્ટિવિટી ઘણા સમયથી ઠપ્પ થઈ જતા પ્રવાસન ઉધોગ સહિત સ્થાનિક ધંધાર્થીઓનાં રોજગાર પર માઠી અસર પહોંચી છે. રાજ્યના એકમાત્ર હવાખાવાનું સ્થળ હોવા છતા રાજ્ય સરકારે કાયમી ચીફ ઓફિસર કે સક્ષમ અધિકારીની નિમણુક ન કરતા વિકાસમાં અવરોધ આવવાની સાથે કેટલીક મહત્વની મનોરંજન એક્ટિવિટી જેવી કે નૌકાવિહાર, રોપવે છેલ્લા 6 મહિના કરતા વધુ સમયથી કોઈક કારણોસર બંધ કરી દેતા પ્રવાસીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો થવા સાથે સ્થાનિક ધંધાર્થીઓનો રોજગાર છીનવાઈ જતા પરિવારનું



પાલન પોષણ કરવા મહારાષ્ટ્રનાં શાકભાજી અને દ્રાક્ષની વાડીઓમાં મજૂરી અર્થે હીજરત કરવાની નોબત ઉભી થવા પામી છે.હાલ બોટિંગ અને રોપવે જેવી મહત્વની એક્ટિવિટી બંધ કરી દેતા સ્થાનિક તંત્ર કરોડો રૂપિયાની આવક તો ગુમાવી રહ્યુ જ છે સાથો સાથ સ્થાનિક લોકોની રોજગારી છીનવાઈ જવાની સાથે હોટલોમાં પ્રવાસીઓની ઘટ ને પગલે હોટલ ઉદ્યોગ મંદીનાં ખપ્પરમાં હોમાઈ જતા હોટલ ઉદ્યોગ મૃતપાય બની રહ્યો છે.રાજ્ય સરકાર એકતરફ સાપુતારામાં પ્રવાસીઓને આકર્ષવા નિત નવા ફેસ્ટિવલ યોજી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો આંધણ કરે છે, જ્યારે બીજી તરફ સાપુતારામાં પ્રવાસીઓને મનોરંજન મળે તેવી બોટિંગ અને રોપવે એક્ટિવિટી બંધ કરી કરી દેતા પ્રવાસીઓમાં નારાજગી ફેલાય જવા પામી છે.

# દાંતીવાડી ખાતે નીતિ આયોગના ઉપાધ્યક્ષશ્રી સુમન બેરીના અધ્યક્ષસ્થાને ત્રી-દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમનો કરાયો પ્રારંભ

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**રિફિલિંગ, ટેસ્ટિંગ અને અન્ય સંલગ્ન કામો માટે વાર્ષિક જાળવણી કરાર**

**(1) ટેન્ડર નંબર :** M-ELS-VTA-25-26-AMCFE તારીખ 20.02.2025 **(2) કામનું નામ :** ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા ખાતે અગ્નિશામક ઉપકરણોના રિફિલિંગ, ચેકિંગ અને અન્ય સંલગ્ન કાર્યો માટે ૩ વર્ષના સમયગાળા માટે વાર્ષિક જાળવણી કરાર. **(3) કામનો અંદાજિત ખર્ચ :** ₹2219581.75/- **(4) ટેન્ડર દસ્તાવેજની કિંમત :** શૂન્ય **(5) અર્નેસ્ટ મની ડિપોઝીટ:** ₹44400/- **(6) પૂર્ણતાનો સમયગાળો :** 36 મહિના **(7) ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ :** 20/03/2025 ના રોજ 14:00 વાગ્યે **(8) વેબસાઇટ વિગતો :** www.ireps.gov.in **(9) ટેન્ડર આમંત્રણ આપનાર અધિકારી અને તેનું સંપૂર્ણ સરનામું :** સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા, સિનિયર ડીએમઈ/ઈએલએસ/વીટીએનું કાર્યાલય, ઇલેક્ટ્રિક લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલવે, અમદાવાદ, ગુજરાત - 382445 329

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**સપાટીની ગટર પૂરી પાડવી**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008 **ટેન્ડર નોટિસ નંબર આમંત્રિત કરે છે:- BCT/24-25/290, તારીખ :- 20-02-2025. કાર્ય અને સ્થાન :-** ઉકાઈ સોનગઢ - જલગાંવ વિભાગ - TBR - 17.185 Tkm અને TFR - 48.493 Tkm ના સંબંધમાં DEN/EAST અધિકારક્ષેત્ર હેઠળ યાર્ડમાં સપાટીની ગટર પૂરી પાડવી. **કાર્યનું અંદાજીત કિંમત :-** રૂ: 44,90,279.19/- **ઈએમડી :-** રૂ: 89800/-. **સબમિશન તારીખ અને સમય :-** 18-03-2025 એ 15:00 કલાક સુધી. **ખુલવાની તારીખ અને સમય :-** 18-03-2025 એ 15:30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી **વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.** 1104

અમને લાઇક કરો : facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**ઇલેક્ટ્રિકલ કાર્ય**

**ઈ-ટેન્ડર સૂચના નંબર :- EL/TRD/Tender/24-25/18** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 વડોદરા નીચેના કામ માટે ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામ :** વડોદરા વિભાગના સુરત - ગેરતપુર, વડોદરા - ગોધરા, ગોધરા - આણંદ અને આણંદ - ખંભાત વિભાગોમાં PSI (વીજળી પુરવઠા સ્થાપન) સંપત્તિઓની જાળવણી અને અન્ય આનુષંગિક પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ. **કામનો અંદાજિત ખર્ચ (રૂ.) :** ₹3,85,58,086/- **બિડ સિક્યોરિટી (રૂ.) :** ₹3,42,800/- **ટેન્ડર રકમ અને પૂર્ણતાનો સમયગાળો :** પૂર્ણતાનો સમયગાળો ૨૪ મહિના **ટેન્ડર સમયપત્રક :** ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય 24/03/2025 ના 15-00 કલાક **વેબસાઇટ વિગતો અને માહિતી સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો અને ઓફિસ સરનામું વિગતો જોઈ શકાશે :** ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 **વેબસાઇટ વિગતો www.ireps.gov.in** 311

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**ટ્વીન પાઇપ એર બ્રેક સિસ્ટમનું રેટ્રોફિટમેન્ટ**

**ઈ-ટેન્ડર સૂચના નંબર :- M137_MECH_PRTN_TEND_25_1R તારીખ 18-02-2025** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, નીચે આપેલ વિગતો મુજબ ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: **(1) કામનું નામ :** પશ્ચિમ રેલવેના પ્રતાપનગર વર્કશોપમાં બી.જી. વેગનમાં ટ્વીન પાઇપ એર બ્રેક સિસ્ટમનું રેટ્રોફિટમેન્ટ. **(2) સૂચિત માત્રા :** 342 B.G. વેગન **(3) કામનો અંદાજિત ખર્ચ :** ₹11426900.58/- (રૂપિયા એક કરોડ ચૌદ લાખ છવ્વીસ હજાર નવસો અને અઠ્ઠાવન પૈસા માત્ર) **(4) બિડ સિક્યોરિટી :** ₹207100/- (રૂપિયા બે લાખ સાત હજાર એકસો માત્ર) **(8) ટેન્ડર રજૂ કરવાની તારીખ અને સમય :** બિડ 20-03-2025 ના રોજ 15:00 વાગ્યે બંધ થશે અને તે જ દિવસે 15:15 વાગ્યે ખોલવામાં આવશે. **(9) વેબસાઇટની વિગતો અને સરનામું જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે :** ચીફ વર્કશોપ મેનેજરનું કાર્યાલય, સી એન્ડ ડબલ્યુ રિપેર વર્કશોપ, પ્રતાપનગર, પશ્ચિમ રેલવે - 390004 **વેબસાઇટ : www.ireps.gov.in** 310

અમને લાઇક કરો: facebook.com/WesternRly



(માહિતી બ્યુરો,પાલનપુર)

દેશભરમાં પ્રાકૃતિક ખેતીના અભિયાનને વેગવંતુ બનાવવા માટે સરકારશ્રી દ્વારા અનેકવિધ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. નીતિ આયોગના ઉપાધ્યક્ષશ્રી સુમન બેરીના અધ્યક્ષસ્થાને

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ત્રી-દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ અને અખિલ ભારતીય કૃષિ અધિવેશન ૨૦૨૫નો પ્રારંભ કરાયો હતો. ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને વધુમાં વધુ અપનાવે તેના અનુસંધાને આયોજિત કાર્યક્રમમાં દેશના જુદા જુદા રાજ્યના ૩૦૦૦ જેટલા ખેડૂતોએ આ તાલીમમાં ભાગ લીધો હતો. ત્રી-દિવસીય કાર્યક્રમમાં દેશભરના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ વિશે માર્ગદર્શન મેળવશે. આ ખેડૂતો યુનિવર્સિટી સ્થિત વિવિધ સંશોધન કેન્દ્રો તથા પ્રાકૃતિક ખેતી પ્રદર્શન કેન્દ્રોની મુલાકાત લઈને માર્ગદર્શન મેળવશે. આ સાથે સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને વ્યાખ્યાન આપવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા ખેડૂતો માટે ૨૫ જેટલા કૃષિને લગતા સ્ટોલ ઉભા કરાયા હતા, જેને નીતિ આયોગના ઉપાધ્યક્ષશ્રી દ્વારા રીબીન કાપીને ખુલ્લા મૂકાયા હતા. આ કાર્યક્રમમાં નીતિ આયોગના ઉપાધ્યક્ષશ્રી સુમન બેરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ના વિકસિત ભારતના વિઝનને પૂર્ણ કરવા સૌથી વધુ કૃષિ સેક્ટર ભાગ ભજવશે. તેમણે જણાવ્યું કે, વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે વિકસિત સમાજ બનાવવો ખાસ જરૂરી છે, જે માટે ખેતી અને ખેડૂતને કેન્દ્રમાં રાખી તેમના વિકાસ માટે પ્રયત્નો હાથ ધરવા જોઈએ. દેશ ખેતીમાં આત્મનિર્ભર બને તથા દુનિયા સામે ભારત મેન્યુફેક્ચરિંગ હબ બને તે ખાસ જરૂરી છે.

# સંખેડા તાલુકાના આણંદપુરા. કસુંબીયા ગ્રામ પંચાયતની DDO દ્વારા વિકાસના કામોની ઓચિંતી વિઝીટ લેતાં સ્થળ તપાસ કરી



પ્રતિનિધિ .સંખેડા

સંખેડા તાલુકાના આણંદપુરા આંગણવાડી નો શેડ અને . બહાદરપુર PHC તેમજ કસુંબીયા ગામે નરેગા અંતર્ગત નવીન કામગીરીમાં રૂપિયા 4,89,000 ની રકમના પેવર બ્લોક કરેલ હતા તેની છોટાઉદેપુર ડીડીઓ દ્વારા ઓચિંતી વિઝીટ કરવામાં આવી તેમાં નરેગા ના APO દેવડા સાહેબ તેમજ GRS તેમજ સંખેડા તાલુકાના TDO સાહેબ અને વહીવટદાર સાહેબ તેમજ તાલુકા પંચાયતના કર્મચારીઓ તેમજ સંખેડા ગામના આગેવાન એવા પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ દેસાઈ પણ સ્થળ પર હાજર રહ્યા હતા. ત્યારબાદ સંખેડા તાલુકાના બહાદરપુર ગામે આવેલ PHC જે ઘણા સમયથી જર્જરીત છે અને તેને નવીન બનાવવા માટે ના ઓર્ડર પણ થયેલ છે તેનું પણ આવેલ છોટાઉદેપુર થી DDO સાહેબ દ્વારા સ્થળ તપાસ કરી નવીન બનાવવા માટે PHC અને ડીલેવરી રૂમની નિરીક્ષણ કર્યું હતું વિઝીટ દરમિયાન સંપૂર્ણ ડોક્ટર સ્ટાફ હાજર રહ્યા હતા.

# ગરીબ વિદ્યાર્થીઓને સિગ્મા ઈંગ્લીશ સ્કુલ દ્વારા લિવિંગ સર્ટિફિકેટ ન આપતા વિવાદ

## જાફરાબાદ ખાતે આવેલ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ સંસ્થા દ્વારા આ બાબતની ગંભીરતા લેવામાં આવતા શિક્ષણ વિભાગ માં લેખિત ફરિયાદ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ગરીબ વિદ્યાર્થી શિક્ષણ ફી ન ભરી શકતા સાવરકુંડલા ખાતે આવેલી સિગ્મા ઈંગ્લીશ સ્કુલ દ્વારા લિવિંગ સર્ટિફિકેટ ન આપતા : જાફરાબાદ ખાતે આવેલ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ સંસ્થા દ્વારા આ બાબતની ગંભીરતા લેવામાં આવતા શિક્ષણ વિભાગ માં લેખિત ફરિયાદ થતાં ગરીબ વિદ્યાર્થી ની લિવિંગ સર્ટિફિકેટ તાત્કાલિક ધોરણે આપવામાં આવી હતી શિક્ષણ ની કારકિર્દી લિવિંગ સર્ટિફિકેટ અટકાવતા વિધાર્થીઓ નું ભવિષ્ય અંધકારમય બનતા અટકાવવા આવી હતી : વિધાર્થી ના વહારે આવતા જાફરાબાદ નુ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ સંસ્થા વહારે આવી હતી શિક્ષણ અધિકારી શ્રી નો સંપર્ક કરી વિધાર્થી નું લિવિંગ સર્ટિફિકેટ તાત્કાલિક ધોરણે કઢાવી આપ્યું હતું સાવરકુંડલા ખાતેની સિગ્મા ઈંગ્લીશ સ્કુલ આવેલી છે. જે માન્ય ખાનગી શાળા છે. આ શાળામાં ધોરણ ૬ માં એક ગરીબ વિદ્યાર્થી મહંમદ અફઝલ અસ્લમ ખોખર નામનો વિદ્યાર્થી અભ્યાસ કરતો તેઓની શિક્ષણ ફી ગરીબીના હિસાબે ભરી શકે તેમ ન હતો આ શિક્ષણ ફી રૂપિયા ૨૬,૦૦૦ જેવી ચડીગઈ હતી તેમનાં વાલીએ સરકારી શાળામાં દાખલ કરવા માટે અનેક વાર લીવિંગ સર્ટિફિકેટ મેળવવા માટે ખૂબજ આજીજી કરી હતી પરંતુ શાળાના સંચાલકો અને આચાર્ય શ્રી આ વિધાર્થી નું લિવિંગ સર્ટિફિકેટ આપવા માટે ઠાગાઠૈયા કરતા હતા અને શાફ ઈન્કાર કરી દિધો હતો તે વિધાર્થી ના વાલી ત્રણ મહિના થી ધક્કા ખાઈ રહ્યા હતા પરંતુ આ શાળા ના સંચાલકો મનમાની કરી ને સર્ટિફિકેટ આપતા નહોતાં અને ફી ની ઉઘરાણી કરતા હતા અને સરકાર શ્રી નો પરિપત્ર હોવા છતાં અને કોઈ પણ વિધાર્થીઓ નું લિવિંગ સર્ટિફિકેટ કે અન્ય પ્રમાણપત્રો ફી ના હિસાબે રોકી શકાતું નથી છતાં પણ આ શાળા ના સંચાલકો આ પરિપત્રનો ઉલાળીયો કરતા હતા અને છેવટે તેમના વાલી એ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ ના (NGO ) માં રજુઆત કરી હતી અને આ (NGO)ના નેશનલ ચેરમેન એચ.એમ. ધોરી એ આ બાબતની ગંભીર નોંધ લઈને વિધાર્થીનું ભવિષ્ય અંધકારમય ન બને અને તેઓની શૈક્ષણિક કારકિર્દી અટકે નહીં તે માટે તેઓ શ્રી એ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી ને તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી ને આ બાબતની ગંભીર નોંધ લઈને આ વિધાર્થી ને લિવિંગ સર્ટિફિકેટ કાઢી આપવા માટે આ સ્કુલ ના સંચાલકો નેં ફી લીધા વિના લિવિંગ સર્ટિફિકેટ કાઢી આપવા માટે કડક સુચના આપી હતી અને સરકારી નિયમ નું પાલન નહીં કરનાર શાળા ને નિયમ અનુસાર તે ઓની માન્યતા રદ થઈ શકે છે. તે લક્ષમાં લઈ ને આ વિધાર્થી ની સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ તાત્કાલિક ધોરણે કાઢી આપેલ હતું વિધાર્થીઓ ના વાલીઓએ આ (NGO) ના ચેરમેન શ્રી નો તેમજ શિક્ષણ ના અધિકારી ઓનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો અત્રે નોંધવું જરૂરી છે. કે આવા કોઈ બનાવ બને આ (NGO) નો સંપર્ક કરવો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## વડોદરા પોલીસના ઉચ્ચ અધિકારીઓ, ડોગ સ્ક્વોડ, FSL ઘટનાસ્થળે; રાત્રે તીક્ષ્ણ હથિયાર વડે કરપીણ હત્યા કરાઈ

# વડોદરામાં ખેતરમાંથી યુવકની લોહીલુહાણ લાશ મળી...

વડોદરા | વડોદરા જિલ્લાના ડભોઈના પૂડા ગામની સીમમાં ખેતરમાં જવાના રસ્તા ઉપર એક યુવકનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવની જાણ ડભોઈ પોલીસ મથકને થતા તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. બાદમાં ડોગ સ્ક્વોડ અને એફએસએલ ટીમની પણ મદદ લેવામાં આવી હતી. હાલમાં સમગ્ર ઘટના અંગે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ હત્યા કોણે કરી? શા માટે કરી? સહિતની દિશામાં પોલીસે તપાસ તેજ કરી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

આજરોજ (21 ફેબ્રુઆરી) વડોદરાના ડભોઈના પૂડા ગામની સીમમાં ખેતરમાં જવાના રસ્તા ઉપરથી હસમુખ ભુવણભાઈ ચૌહાણ (ઉં.વ.43)ની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. આ યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હત્યા કરાઈ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ ઘટના ડભોઈ તાલુકાના અંબાવથી પૂળા જવાના માર્ગ ઉપર ખુલ્લા ખેતરમાં બની હતી. મૃતક યુવક પૂડા ગામનો રહીશ હોવાનું હાલમાં જાણવા મળી રહ્યું છે.







**ગતરાત્રે હત્યા થયાનું પ્રાથમિક અનુમાન :** પ્રાપ્ત વિગતો અનુસાર, આ યુવક સિક્યુરિટીમાં નોકરી કરતો હતો અને ગતરાત્રે પરત ફરતા આ ઘટના બની હોવાની શક્યતા છે. સમગ્ર ઘટનાને લઈ ડભોઈ પોલીસ સહિત ડીવાયએસપી આકાશ પટેલ, ડોગ સ્ક્વોડ અને એફએસએલ ટીમ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ શરૂ કરી છે. આ બનાવમાં યુવકની હત્યા ક્યાં હથિયાર અને શા માટે થઈ તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આ યુવકના મૃતદેહનો કબજે લઈ પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવને લઈ ડભોઇ ડીવાયએસપી આકાશ પટેલ સાથે પીઆઇ કે. જે. ઝાલા સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. આ મામલે પીઆઈએ જણાવ્યું હતું કે, આ હત્યા અંગે તપાસ ચાલી રહી છે. ડોગ સ્ક્વોડ અને એફએસએલ સ્થળ પર કામગીરી કરી રહી છે. આરોપી કોણ છે અને કેમ હત્યા કરી? તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# તીર-કામઠા સાથે કલેક્ટર કચેરીએ દેખાવો, સોશિયલ મીડિયામાં ગંદી ટિપ્પણી કરનાર સામે કાર્યવાહીની માગ

(એજન્સી) ભરૂચ | તા. 21

ભરુચ જિલ્લામાં આદિવાસી સમાજને લઇ એક યુવકે સોશિયલ મીડિયામાં અભદ્ર ટિપ્પણી કરતાં આદિવાસી સમાજમાં ભારે રોષ ફેલાયો છે. જેને લઇ આજે તા. (21/02/2025) બહોળી સંખ્યામાં સમાજના લોકોએ હાથોમાં તીર કામઠા સાથે રેલી યોજીને કલેક્ટર કચેરીએ એકત્ર થઇને આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરી છે. આ રજૂઆતમાં આદિવાસી નેતા મહેશ વસાવાએ ચેતવણી આપતા કહ્યું છે કે, આદિવાસી સમાજ અમારો ટાઈગર છે, જે ક્યારે જંગલમાંથી છલાંગ મારશે એ ખબર નહીં પડે એટલે આ મામલે જલ્દી તપાસ કરવામાં આવે.

આ ઘટવા વિશે વિગતે વાત કરીએ તો તાજેતરમાં ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ખરચી ગામેથી વસાવા આદિવાસી સમાજનો યુવાન ભરૂચના નિકોરા ખાતે હેલિકોપ્ટરમાં જાન લઈને લગ્ન કરવા ગયો હતો. જેનો વીડિયો સોશ્યલ મીડીયા વાયરલ થયો હતો. જેને લઈને લાલાભાઇ નામના યુવકે આદિવાસી સમાજની યુવતીઓ, માતા બહેનો પર અભદ્ર અને તુચ્છ ટિપ્પણી કરી હતી. જેથી આદિવાસી સમાજના લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો.

આ વાત સમાજના લોકોમાં ફેલાતા આજે રોજ જિલ્લા કલેકટર અને એસપીને આવેદન આપી સોશ્યલ મીડિયામાં ટિપ્પણી કરનારને પકડી કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરી હતી. મોટી સંખ્યામાં લોકોએ સર્કિટ હાઉસ ખાતેથી હાથોમાં તીર કામઠા સાથે રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચી ભારે સુત્રોચ્ચાર સાથે કચેરી ગજવી મૂકી હતી.



**‘આદિવાસી ટાઇગર છે, છલાંગ મારશે એ ખબર નહીં પડે’**

આ અંગે આદિવાસી નેતા મહેશ વસાવાએ જણાવ્યું હતું કે, દેશના રષ્ટ્રપતિ આદિવાસી સમાજમાંથી આવે છે એમને મારી વિનંતી છે કે, આ સમાજ પર આવી અભદ્ર ટિપ્પણી યોગ્ય નથી. છોકરો હેલિકોપ્ટર લઈને છોકરી લેવા જાય એ ગૌરવની વાત છે. આવનારા સમયમાં વિમાન લઈને પણ જાન જોડશે. અમે મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને વિનંતી છે કે આ મામલે જલ્દીથી તપાસ કરવામાં આવે. આદિવાસી સમાજ અમારો ટાઈગર છે.

# દમણથી સુરત જતો દારૂનો જથ્થો ઝડપાયો

## નવસારીના એંધલ ગામ પાસથી 5.72 લાખના વિદેશી દારૂ સાથે બે આરોપી પકડાયા



નવસારી | નવસારી જિલ્લાની એલસીબી પોલીસે NH-48 હાઈવે પર એંધલ ગામ પાસેથી દારૂની હેરાફેરી કરતી એક ટ્રકને ઝડપી પાડી છે. બાતમીના આધારે પોલીસે શંકાસ્પદ ટ્રકને રોકીને તપાસ કરી હતી. ટ્રકમાંથી 85 પેટીમાં કુલ 3,192 નંગ ભારતીય બનાવટની વિસ્કી અને બિયરની બોટલો મળી આવી હતી. આ દારૂની કિંમત રૂ. 5,72,340 આંકવામાં આવી છે. પોલીસે દારૂ ઉપરાંત ટ્રક અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 15,82,340નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે ટ્રકના ડ્રાઈવર જેતરામ કન્નાજી મેઘવાલ અને મોહનલાલ ગણેશલાલ ગમેતીની ધરપકડ કરી છે. આ કેસમાં દારૂનો જથ્થો ભરાવનાર પપ્પુ માંગીલાલ મેઘવાલ અને સુરતના કડોદરા વિસ્તારના એક અજાણ્યા વ્યક્તિને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રકરણ અંગે ગણદેવી પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આ કેસમાં વધુ તપાસ હાથ ધરી છે.

## મહીસાગરમાં આરોગ્ય મેગા ડ્રાઇવ...

# 30 વર્ષથી વધુ ઉંમરના 5.48 લાખ લોકોની ઘરે-ઘરે બીપી-ડાયાબિટીસની તપાસ થશે...



(એજન્સી) મહિસાગર | તા. 21

મહીસાગર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શાન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનીકેબલ ડીસીઝ અંતર્ગત મોટી પહેલ કરવામાં આવી છે. 20 ફેબ્રુઆરીથી 31 માર્ચ 2025 સુધી જિલ્લામાં બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની તપાસ માટે મેગા ડ્રાઇવ યોજાશે.

જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થે જણાવ્યું કે 30 વર્ષથી વધુ ઉંમરના દરેક વ્યક્તિએ નજીકના આયુષ્યમાન આરોગ્ય મંદિર, સામુહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લા હોસ્પિટલમાં તપાસ કરાવવી જરૂરી છે. આ બંને રોગોમાં નિયમિત દવા લેવી આવશ્યક છે. દવા ન લેવાથી મગજ, હૃદય, કિડની, લીવર, ફેફસા અને આંતરડા જેવા મહત્વપૂર્ણ અંગોને નુકસાન થઈ શકે છે.

આરોગ્ય વિભાગની ટીમ આશરે 5,48,966 નાગરિકોની ઘરે-ઘરે જઈને તપાસ કરશે. દરેક નાગરિકે વર્ષમાં બે વાર બીપી અને ડાયાબિટીસની તપાસ કરાવવી જોઈએ. સરકારી આરોગ્ય કેન્દ્રોમાં આ તપાસ અને દવાઓ નિ:શુલ્ક ઉપલબ્ધ છે. શોધાયેલા દર્દીઓને તાત્કાલિક સારવાર હેઠળ મૂકવામાં આવશે.

## એ...એ...એ...ગયો! : મેઇન રોડમાં વચ્ચોવચ ખાડો ને બેરિકેડિંગ પણ નહીં

# ડભોઈમાં પાલિકાની બેદરકારીના લીધે બાઈકચાલક ખાડામાં ઊંધા માથે પટકાયો

(એજન્સી) વડોદરા | તા. 21

વડોદરા જિલ્લાના ડભોઈમાં નગરપાલિકા દ્વારા ખોદેલા ખાડામાં માર્ગ પરથી પસાર થતો વાહનચાલક એકાએક ખાડામાં ખાબક્યો હોવાનો વીડિયો સામે આવ્યો છે. સીસીટીવીમાં નજરે પડે છે કે બાઈકચાલક પસાર થઈ રહ્યો હતો અને અચાનક બાઈક સ્લિપ ખાતા તે સીધો ખાડામાં ઊંધે માથે પટકાય છે.

વડોદરા જિલ્લાના ડભોઇ નગરપાલિકાની ઘોર બેદરકારીનો એક બનાવ સામે આવ્યો છે. ડભોઈના તાઈવાગા વિસ્તારમાં મુખ્ય માર્ગ પર એક ખાડો ખોદેલો છે. જ્યાંથી એક બાઇક સવાર પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન ખોદેલા ખાડાની બાજુમાં પહોંચતા જ ખાડાની બાજુમાં નાખેલી માટીમાં એકાએક બાઈક સ્લિપ ખાઈ જાય છે. બાઈક સ્લિપ ખાતાની સાથે જ બાઈકચાલક બાજુમાં યોગ્ય બેરિકેડિંગ વગર ખોદેલા ખાડામાં ઊંધા માથે પટકાય છે.

ખાડામાં ખાબકેલા બાઈકચાલક ઉંમરલાયક છે અને તેઓને સમાન્ય ઈજાઓ પહોંચી હતી. આ સમગ્ર ઘટના સામે રહેલા મકાનના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઘટના બનતાની સાથે જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બાઈકચાલકને ખાડામાંથી બહાર કાઢ્યો હતો અને નગરપાલિકા સામે રોષ વ્યક્ત કર્યો હતો. આ મુખ્ય માર્ગની વચ્ચે ખાડો હોવાથી સ્થાનિકોની રજૂઆત છતાં કોઈ પગલાં લેવામાં આવતાં નથી.



**પાલિકા સામે સ્થાનિકોમાં રોષ**

આ બનાવ અંગે સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, અહીંયાં કામગીરી માટે ખાડો ખોદવામાં આવે છે, પરંતુ તેને યોગ્ય બેરિકેડિંગ ન કરતા આવી ઘટનાઓ સામે આવે છે. ત્યારે નગરપાલિકા દ્વારા યોગ્ય પગલાં લઈ આવા ખાડા તાત્કાલિક પૂરવામાં આવે તેવી માગ કરી છે. આ બનાવને લઈ આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

# મકાનના બુકિંગ માટે ગ્રાહકોએ ચૂકવેલા પૈસા પડાવ્યા...

## વડોદરામાં બિલ્ડરની સાઇટ પર બુકિંગ અને સેલિંગનું કામ કરતી એજન્સીના કર્મચારીએ ગ્રાહકો પાસેથી 1.28 કરોડની ઉચાપત કરી




(એજન્સી) વડોદરા | તા. 21

વડોદરા શહેરના હરણી રોડ વિસ્તારમાં આવેલી બિલ્ડરની સાઇટ પર બુકિંગ અને સેલિંગનું કામ કરતી એજન્સીના કર્મચારીએ 1.28 કરોડ રૂપિયાની ઉચાપત કરી છે. આ મામલે હરણી પોલીસે તેની સામે ગુનો નોંધ્યો છે અને આરોપીની શોધખોળ શરૂ કરી છે. શહેરના આજવા-વાઘોડિયા રિંગ રોડ પર આવેલી ઓમ રેસિડેન્સીમાં રહેતા અને રિપા રિઅલ્ટીના નામે બિલ્ડરોની સાઇટ પર મકાનો-દુકાનોનું બુકીંગ, સેલિંગ, લોન, દસ્તાવેજ વગેરેનું કામ કરતા રોશન જયસ્વાલે હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હરણી વિસ્તારની ઓર્ચિડ સ્કાયરાઇઝ નામની મેટ્રિક્સ બિલ્ડકોનની સાઇટનું અમે કામ કરતા હતા. અમારી કંપનીમાં મનિષ સુરેશભાઇ સુથાર (રહે. દિયા ગ્રાન્ડસિટી, વડસર રોડ, વડોદરા) છેલ્લા 6 વર્ષથી કામ કરતા હોવાથી તેમને આ સાઇટ પર બુકિંગના કામ માટે રાખ્યા હતા પરંતુ, મે-2022થી જૂન-2024 દરમિયાન તેમણે આ સાઇટ પર બુકિંગ કરેલા 35 ગ્રાહકોના પૈસા અમારી કંપની કે બિલ્ડરને આપ્યા નહોતા. જેથી, તપાસ કરતાં આ પૈકી 1 કરોડ ઉપરાંતની રકમ તેમણે સગેવગે કરી હોવાની અને બાકીના 28.81 લાખ જેટલી રકમ તેના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી હોવાની માહિતી બહાર આવી હતી. જેથી હરણી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હરણી પોલીસે આ મામલે ગુનો નોંધ્યો છે અને આરોપી મનિષ સુરેશભાઇ સુથાર (રહે. દિયા ગ્રાન્ડસિટી, વડસર રોડ, વડોદરા)ની શોધખોળ શરૂ કરી છે.

# WPLમાં યુપી-દિલ્હી વચ્ચેની મેચમાં સટ્ટો રમતા 3 આરોપીને પોલીસે દબોચ્યા

(એજન્સી) વડોદરા | તા. 21

19 ફેબ્રુઆરીના રોજ બરોડા ક્રિકેટ એસોસિએશનના કોટંબી સ્ટેડિયમ ખાતે રમાયેલી વિમેન્સ પ્રીમિયર લીગ (WPL)ની યુપી વોરિયર્સ અને દિલ્હી કેપિટલ વચ્ચેની મેચ દરમિયાન સટ્ટો રમતા ત્રણ આરોપીની જરોદ પોલીસે ધરપકડ કરી છે.

19 ફેબ્રુઆરીના રોજ બરોડા ક્રિકેટ એસોસિએશનના કોટમની સ્ટેડિયમ ખાતે રમાયેલી વિમેન્સ પ્રીમિયર લીગ (WPL)ની યુપી વોરિયર્સ અને દિલ્હી કેપિટલ વચ્ચેની મેચ દરમિયાન મોબાઈલ ફોનમાં રિમોટ ડેસ્કટોપ નામની એપ્લિકેશનમાં બેટ એન્જલ નામનું સોફ્ટવેર ખોલીને તેમાં લિંક ઓપન કરી રનફેર સેશનના સોદાઓ કરી ઓનલાઈન ક્રિકેટ મેચનો સટ્ટો રમતા બે શખસોને જરોદ પોલીસે ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી બે મોબાઈલ અને 1640 રૂપિયાની રોકડ રકમ મળી આવી છે. પોલીસે હરિયાણાના દીક્ષિત સતીશ આર્યા અને તુષાર યોગેશ મદાનની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસે ભૂલથી ફરિયાદમાં આરોપીની જગ્યાએ પંચની કામ કરી કરતા યુવાનનું નામ લખી નાખ્યું હતું. જોકે, પોલીસને આ ભૂલ ધ્યાને આવતા પોલીસે ફરિયાદની અંદર આરોપીના નામમાં સુધારો કર્યો હતો. બરોડા ક્રિકેટ એસોસિએશનના કોમ્પ્યુટરમાં વાયરસ હોવાને કારણે આ પ્રકારની ઘટના સામે આવી હતી.

બીજી તરફ વિમેન્સ પ્રીમિયર લીગ (WPL)ની યુપી વોરિયર્સ અને દિલ્હી કેપિટલ વચ્ચેની મેચ દરમિયાન મોબાઈલ ફોનમાં એપલ પેનક્ષ નામની એપ્લિકેશન મારફતે રન ફોર્સ ના ફોટાઓ કરી ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતા એક શખ્સને જરોદ પોલીસની ઝડપી પાડ્યો છે. પોલીસે ત્રણ મોબાઈલ અને 1200 રૂપિયા રોકડા તેની પાસેથી જપ્ત કર્યા છે અને આરોપી રામજ્ઞાન રામપ્રસાદ બેનીવાલ (રહે. સિરોહી, તા. નીવાઈ, જી. ટોંક, રાજસ્થાન) ની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# બીલીમોરાના શિપયાર્ડમાં બે હોડીઓમાં આગ ભભૂકી...



નવસારી | બીલીમોરામાં આવેલા શિપયાર્ડમાં આજે મોટી દુર્ઘટના સર્જાઈ છે. શિપયાર્ડમાં નિર્માણાધીન બે હોડીઓમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આગની જાણ થતાં જ બીલીમોરા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

ગણતરીની મિનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેથી ધૂમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યાં હતા. ફાયર વિભાગના જવાનોએ ત્વરિત કાર્યવાહી કરીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. જો કે, આગના કારણે બંને હોડીઓ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બીલીમોરા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ દુર્ઘટનામાં મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે. પોલીસ અને ફાયર વિભાગની ટીમ દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે.

# કોડિનારમાં નેશનલ હાઈવે પરથી ભૂતિયા આંગણવાડી હટાવાઈ

(એજન્સી) ગીર સોમનાથ | તા. 21

કોડિનાર તાલુકાના કડવાસણ ગામમાં નેશનલ હાઈવે પર આવેલી ભૂતિયા આંગણવાડીનું બાંધકામ દૂર કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની દેખરેખ હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સર્વે નંબર-26માં આવેલી આ જમીન 6 ફેબ્રુઆરી 2015ના રોજ નેશનલ હાઈવેના ચારમાર્ગીકરણ માટે સંપાદન કરવામાં આવી હતી. આ જમીન પર દિનુભાઈ બોઘાભાઈ સોલંકી અને દિલીપ લખમણ બારડ દ્વારા ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હતું. તેઓએ આંગણવાડીનું બોર્ડ મૂકીને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો.

નેશનલ હાઈવે ઓથોરિટીના 10 એપ્રિલ 2017ના સરક્યુલર મુજબ, સરકારી જમીન પરના ગેરકાયદે બાંધકામ માટે કોઈ વળતર આપવાની જોગવાઈ નથી. આ બાંધકામથી હાઈવે પર બ્લેક સ્પોટ બની રહ્યો હતો અને અકસ્માતનો ભય રહેતો હતો. જિલ્લા રોડ સેફ્ટી કમિટીની બેઠકમાં નેશનલ હાઈવેના અધિકારીઓએ ચાર વખત આ મુદ્દો ઉઠાવ્યો હતો.



હાલમાં નેશનલ હાઈવે પર ટોલ વસૂલાતની કામગીરી શરૂ થઈ છે. રોડની કામગીરી પૂર્ણ ન થવાને કારણે લોકો દ્વારા વારંવાર ફરિયાદો કરવામાં આવતી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અનધિકૃત બાંધકામ દૂર કરી જમીન નેશનલ હાઈવેને સોંપવાની કાર્યવાહી કરવામાં આવી છે.

# બોટાદમાં ધો.10ના 10,311 અને ધો.12માં 6199 વિદ્યાર્થી નોંધાયા

## ધો.૧૦ માટે ૧૦ કેન્દ્રો, ધો.૧૨ સા.પ્ર. માટે ૬ કેન્દ્રો અને ધો.૧૨ વિ.પ્ર. માટે ૧ કેન્દ્ર બેઠક વ્યવસ્થા માટે ફાળવાશે

### પરીક્ષા...

### બોર્ડની પરીક્ષાને લઇ ચોક્કસ પ્રતિબંધો જાહેર કરાયા

(એજન્સી) ભાવનગર । તા. 21

આગામી તા.૨૭ ફેબ્રુ.થી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે તૈયારીના ભાગરૂપે બોટાદ જિલ્લામાં પણ વહિવટી તંત્ર દ્વારા પરીક્ષા સમિતિની બેઠક યોજી એક્શન પ્લાન રજૂ કરાયો હતો જેમાં ધો.૧૦માં ૧૦,૩૧૧ વિદ્યાર્થી ૧૦ કેન્દ્રો પર પરીક્ષા આપશે. તો ધો.૧૨ સા.પ્ર.ના ૫૩૩૦ છાત્રો ૭ કેન્દ્રો પર અને વિ.પ્ર.ના ૮૬૯ વિદ્યાર્થી માટે એક કેન્દ્ર ફાળવાયું છે. જ્યારે પરીક્ષાને લઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ચોક્કસ પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પણ જારી કરાયું છે.આગામી તા.૨૭-૨ થી ૧૭-૪ દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ યોજાનાર છે. બોટાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પરીક્ષા



સંબંધે કેન્દ્રોની સંખ્યા, બ્લોક વ્યવસ્થા, તમામ પરીક્ષા સ્થળો ઉપર યોગ્ય સીસીટીવી વ્યવસ્થા અંગેની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ, સતત વીજ પૂરવઠો શરૂ રહે તે માટેનું આયોજન, પોલીસ ગાર્ડ, ઝોનલ કચેરી, સ્ટ્રોંગ રૂમ ઉપર પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા, પરીક્ષા દરમિયાન કોઇ વિદ્યાર્થી અથવા પરીક્ષામાં ફરજ પરના અધિકારી-કર્મચારીને પરીક્ષાર્થીઓ માટે જરૂર પડે પ્રાથમિક આરોગ્ય કીટ વ્યવસ્થા કરવા, ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે બસ વાહન વ્યવહારની સગવડ કરવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તા.૨૭મી ફેબ્રુઆરીથી શરૂ થનારી બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસપૂર્વક અને શાંતિમય માહોલમાં આપી શકે એવી વ્યવસ્થા કરવા માટે જિલ્લા કલેક્ટરે અધિકારીઓને માર્ગદર્શિત કર્યાં હતાં. પરીક્ષા સંચાલન સમિતિની બેઠકમાં ઉપસ્થિત સબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી તૈયારીની વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, બોટાદ જિલ્લામાં ધો.૧૦ના કુલ ૧૦,૩૧૧ વિદ્યાર્થીઓની પરીક્ષા કુલ ૧૦ કેન્દ્રોમાં લેવાશે. ધો.૧૨ સામાન્ય પ્રવાહના કુલ ૫૩૩૦ વિદ્યાર્થીઓની પરીક્ષા કુલ ૬ કેન્દ્રો પરથી લેવાશે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના કુલ ૮૬૯ વિદ્યાર્થીઓની પરીક્ષા કુલ ૧ કેન્દ્ર પરથી લેવાશે. જિલ્લામાં ધો.૧૦ અને ૧૨ના કુલ ૧૬,૫૧૦ વિદ્યાર્થીઓની પરીક્ષા કુલ ૧૭ કેન્દ્રો ખાતે યોજાશે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણાં પરીક્ષા આપી શકે તે માટે બોટાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે આગામી તા.૨૭-૨ થી ૧૭-૩ સુધી ધો.૧૦ની પરીક્ષાનો સમય સવારના ૧૦ થી ૧૩-૧૫ કલાક અને ધો.૧૨ સામાન્ય પ્રવાહ પરીક્ષા સવારના સેશન સમય ૧૦.૩૦ થી ૧૩.૪૫ કલાક સુધી તેમજ બપોરના સેશનનો સમય ૧૫ થી ૧૮.૧૫ કલાક સુધી તથા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષાનો સમય બપોરના ૧૫ કલાકથી ૧૮.૩૦ કલાક દરમિયાન, ધો.૧૦ના કુલ ૩૫ પરીક્ષા બિલ્ડીંગ, ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)ના કુલ ૧૭ પરીક્ષા બિલ્ડીંગ તથા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના કુલ-૫ પરીક્ષા બિલ્ડીંગ ઉપર તથા જિલ્લાના સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) ખાતે આ ચોક્કસ પ્રતિબંધો ફરમાવવામાં આવેલ છે.

---

વરતેજ પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો

# ભાવનગરમાં નિવૃત્ત મેજરના મકાનમાંથી લાખોની મત્તા ચોરાઇ

(એજન્સી) ભાવનગર । તા. 21

ભાવનગર શહેરના વરતેજ નજીક આવેલ ખોડીયાર નગરમાં રહેતા નિવૃત્ત મેજરના બંધ મકાનના તાળા તોડી કોઈ અજાણ્યા શખ્સો સોના ચાંદીના ઘરેણા મળી લાખોની રકમની ચોરી કરી નાસી છૂટયા હતા.

સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૮૦ લાખથી વધુની રકમનો દલ્લો ચોરાયો, સમગ્ર બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર શહેરના નારી ચોકડીથી આગળ નાની ખોડિયાર મંદિર પાછળ આવેલ ખોડીયાર નગરમાં પ્લોટનં ૪૫માં છેલ્લા પાંચ વર્ષથી રહેતા અને ભારતીય સેનામાં ફરજ બજાવી નિવૃતિ જીવન પસાર કરતા મેજર સેમ્યુઅલ સુંદરજી તથા તેમના પત્ની બીનાબેન સાથે રહે છે. બીનાબેન ધંધૂકા સ્થિત હોસ્પિટલમાં ફરજ બજાવે છે. આજથી ત્રણેક દિવસ પહેલા પોતાનું મકાન બંધ કરી મેજર



સેમ્યુઅલ તબીબી સારવાર અર્થે ધંધૂકા ગયા હતા. અને મકાનને દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સોએ બંધ મકાનના તાળા તોડી રૂમમાં પ્રવેશી કબાટના તાળા તોડી તેમાં રાખેલ રોકડા રૂપિયા તથા સોનાના અલગ અલગ દાગીના તથા ચાંદીના દાગીના કુલ મળી લાખો રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટયા હતા. દરમિયાનમાં સવારે મેજરના સાળા તેના ઘરે ઝાડને પાણી પીવડાવવા માટે આવ્યા હતા ત્યારે ઘરમાં ચોરી થયાની જાણ થઈ હતી. આથી તેમણે તેના બનેવી મેજર સેમ્યુઅલને જાણ કરતા દંપતી ધંધૂકાથી પરત ભાવનગર ઘરે આવ્યા હતા અને વરતેજ પોલીસને જાણ કરી હતી.આ બનાવ સંદર્ભે વરતેજ પોલીસ મથકના ચાર્જમાં રહેલા પીએસઆઇ ભલગારીયાએ આ ચોરીની ઘટનાને સમર્થન આપતા જણાવ્યું હતું. નિવૃત મેજરના ઘરે ચોરીની ઘટના બની છે. પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ શરૂ છે, હાલ બનાવને લઈ તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

---

ગુજરાતીઓને વિદેશ જવાની ઘેલછા વચ્ચે

# યુકેમાં વર્ક પરમિટ ના નામે સુખપરની મહિલા સાથે 19.55 લાખની ઠગાઇ

(એજન્સી) ભુજ । તા. 21

ગુજરાતીઓમાં વિદેશ જવાની વધી રહેલી ઘેલછા વચ્ચે ઈમીગ્રેશન કન્સલ્ટન્ટ્સ દ્વારા જોબ વર્ક પરમિટ અપાવવાના નામે લોકો પાસેથી લાખો રૂપિયા પડાવી રહ્યા છે. તેવામાં ભુજ તાલુકાના સુખપર ગામે રહેતા મહિલાને યુકેમાં વર્ક પરમિટ અપાવવાની લાલચ આપીને રૂપિયા ૧૯ લાખ ૫૫ હજારની છેતરપીંડી કરવામાં આવતાં ભુજ એ ડિવિઝન પોલીસ મથકે ભુજના શ્રીજી ઈમીગ્રેશનના અધિકૃત દંપતિ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. સુખપર ગામે જુનાવાસમાં લોહાણા સમાજવાડીની બાજુમાં રહેતા આરતીબેન અનિલભાઇ સોલંકી (ઉ.વ.૩૫)એ ભુજ બી ડિવિઝન પોલીસ મથકે ભુજના હોસ્પિટલ રોડ પર આવેલી શ્રીજી ઇમિગ્રેશનના અધિકૃત વ્યક્તિ કેતનભાઇ સોલંકી અને તેમના પત્ની ડીમ્પલબેન સોલંકી




સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે બનાવ ગત ૧૯ ઓગસ્ટ ૨૦૨૩થી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન બન્યો હતો. ફરિયાદીના પતિ સુથારી કામ કરતા હોઇ ફરિયાદી મહિલાને દોઢ વર્ષ પૂર્વે વિદેશ નોકરી અર્થે જવાનું હોવાથી તેઓ તેમના પતિ સાથે ભુજ શ્રીજી ઈમીગ્રેશનના કેતનભાઇ સોલંકીને મળ્યા હતા. તેઓએ યુકે જવું હોય તો, બધી પ્રોસેસ કરવાના રૂપિયા ૨૩ લાખ થશે તેવું જણાવીને વર્ક પરમિટ અને વિઝા અપાવી દેવાનું જણાવી ફરિયાદી મહિલા અને તેમના પતિને વિશ્વાસમાં લીધા હતા. ટેમ્પરરી વર્ક ક્રિએટીવ વર્કર તરીકે કરવાનું કહી પ્રોસેસમાં બે મહિના લાગશે તેવું જણાવ્યું હતું. યુકે જવા માટેની ફરિયાદી મહિલાએ પરિક્ષા પાસ કરી હતી. ત્યાર બાદ આરોપીઓએ પરમિટની પ્રોસેસ માટે ફરિયાદી મહિલા પાસેથી અલગ અલગ બહાના હેઠળ રોકડ અને આરટીજીએસ મારફતે આરોપી ડીમ્પલબેનના એકાઉન્ટમાં રૂપિયા ૨૭ લાખ ૫૫ હજાર મેળવી લીધા હતા. ત્યાર બાદ ઘણા સમય પસાર થઈ જવા છતાં વિદેશ જવાનો કોઇ કંપનીનો લેટર કે વિઝા અપાવી ન હતી. જેથી ફરિયાદી મહિલાએ શ્રીજી એમીગ્રેસનની ઓફિસમાં જઇને કેતનભાઇ સાથે વાત કરતાં તેઓ અલગ અલગ બહાના બતાવીને રૂપિયા ૮ લાખ ફરિયાદીને પરત આપી બાકીના રૂપિયા ૧૯ લાખ ૫૫ હજાર પરત ન આપી ફરિયાદી મહિલાને ધાકધમકી આપી હતી. બી ડિવિઝન પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધીને આગળની તપાસ કરી છે.

---

સરકારના અનેક પ્રયત્નો છતાં લોકો થઈ રહ્યા છે ડિજિટલ એરેસ્ટ

# શિક્ષિકાને વિડિયો કોલમાં પોલીસના નામે ધમકાવી રૂ. 15.50 લાખ પડાવી લેવાયા

(એજન્સી) ગાંધીધામ । તા. 21

દેશભરમાં ડિજિટલ એરેસ્ટની ઘટનાઓમાં મોટો ઉછાળો આવ્યો છે. દરરોજ લખો રૂપિયા સીબીઆઈ અથવા ઈડી ના નામે પડાવી લેવામાં આવતા હોવાના બનાવો સામે આવી રહ્યા હોવાથી પોલીસ દ્વારા આ બાબતે સતત આપીલો કરાઇ છે અને હવે તો કોઈને પણ કોલ કરો તો તરત જ સાઈબર ફ્રોડથી બચવા અંગેની કોલર ટ્યુન પણ વાગી રહી છે. છતાં પણ લોકો ડિજિટલ એરેસ્ટ થઈ રહ્યા છે અને ગઠિયાઓને લખો રૂપિયા આપી દઈ છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે ત્યારે હવે ગાંધીધામની ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષિકાને ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં મહિલાને પોલીસની ખોટી ઓળખ આપી અને મની લોન્ડરીંગના રૂપિયા તમારા ખાતામાં આવ્યા છે તેવું કહી અને મહિલાની પુત્રીનો અપહરણ કરવાની સુધીની ધમકીઓ આપી રૂ. ૧૫.૫૦ લાખ પડાવી લેવામાં આવ્યા હોવાનો બનાવ સામે આવ્યો છે.

ગાંધીધામ શહેરના વોર્ડ નં.૭ બીમાં રહેતા અને ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા ૫૨ વર્ષીય કાંતાબેન નરેશભાઈ સોલંકીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ૯થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન તેમણે ડીજીટલ અરેસ્ટ કરવામાં આવ્યા હતા. તેમને અજાણ્યા નંબરથી વોટ્સઅપમાં સાયબર ક્રાઈમ વિભાગ મુંબઈ નામનો મેસેજ આવ્યો અને તરત જ વીડિયો કોલ આવ્યો હતો. જેમાં પોલીસની વરદીમાં એક વ્યક્તિ હાજર હતો તેણે કહ્યું કે, હું મુંબઈ પોલીસમાંથી બોલું છું તમારા પર મની લોન્ડરીંગનો કેસ થયો છે અને તમારા નામે કેનેરા બેંક મુંબઈમાં બેંક ખાતું ખુલ્યું છે. જેમાં મનીલોન્ડરીંગના ૨૫ લાખ આવ્યા છે. હજુ બે કરોડ આવવાના છે. આ મનીલોન્ડરીંગ કરનારને અમે પકડી લીધો છે. તેના ફોટા સહિતની વિગતો ફરિયાદીને મોકલાવી હતી. તેમજ ઈડીના નામે મહિલાનો અરેસ્ટ ઓર્ડર બનાવી મોકલ્યો હતો. તેમજ અશોક સ્થંભ સાથેના લેટરપેડમાં નાણાકીય રકમ ફ્રીઝ કરવાનો ઓર્ડર મોકલાવ્યો હતો. ફરિયાદીનું નામ, આધારકાર્ડ સહિતની વિગતો મોકલાવી હોવાથી ફરિયાદીને વિશ્વાસ આવ્યો અને તેઓ ડરી ગયા, આ ડરનો લાભ લઈ આરોપીએ તેમની મિલકત જાહેર કરવા માટે દબાણ કર્યું અને કેનેરા બેંક મુંબઈ ખાતામાં મની લોન્ડરીંગના પૈસા આવ્યા છે. તેમ કહી ૨૫ લાખ જેટલી રકમ તમારે ખાતામાં નાખવી પડશે. આરબીઆઈ દ્વારા મની લોન્ડરીંગમાં આવેલ



રકમના સિરિયલ નંબર ચેક કરવામાં આવશે. જો તમારા પૈસા સિરિયલ નંબર મેચ નહીં થાય તો તમારા પૈસા પરત મળી જશે. તમારા પૈસા સરકાર પાસે સેફ હોવાનું કહી ચિંતા ન કરો તેમ કહીં વિશ્વાસ કેળવ્યો હતો. સુપ્રિમ કોર્ટ જે ખાતા નંબર આપે તેમાં પૈસા જમા કરાવી દેજો તેમ કહી સુપ્રિમ કોર્ટના ખોટા લેટરપેડ પર ખાતા નંબર મોકલાવી રૂપિયા માંગ્યા હતા. જો રૂપિયા ન મોકલાવે તો ફરિયાદીની દીકરીનું અપહરણ કરવાની ધમકી પણ આપી હતી. સતત માનસિક ટોર્ચર અને ડરના કારણે મહિલાએ ગભરાઈને ફેડરલ બેંકના ખાતામાં ૭.૫૦ લાખ, આઈડીએફસી ફસ્ટ બેંકના ખાતામાં ૪.૮૦ લાખ તથા સીટી યુનિયન બેંકમાં ૩.૨૦ લાખ જમા કરાવ્યા હતા. કુલ ૧૫.૫૦ લાખ રૂપિયા જૂમા કરાવ્યા હતા. રૂપિયા જમા કરાવી નાખ્યા બાદ આરોપીઓએ પરેશાન કરવાનું બંધ કરી નાખ્યું હતું. જેથી અચાનક હેરાનગતિ બંધ થતાં પોતા સાથે ઠગાઇ થઈ હોવાનું જણાતા અને આરોપીએ પોલીસની ખોટી ઓળખ ઊભી કરી મની લોન્ડરીંગના નામે ડરાવી ધમકાવી ઓનલાઈન બળજબરીથી નાણાં પડાવી લીધા હોવાનું જ્ઞાન થતાં વોટ્સઅપમાં આવેલ નંબર વિરુદ્ધ ગાંધીધામ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કરવવામાં આવ્યો હતો.

---

રાત્રિના અંધકારમાં પશુની હેરાફેરી થતી હતી

# કનારા નજીકથી કતલખાને લઈ પશુ ભરેલા ટ્રક સાથે શખ્સ ઝડપાયો

(એજન્સી) ભાવનગર । તા. 21

બોટાદ જિલ્લાના રાણપુરના કનારા ગામ મિલેટ્રી ત્રણ રસ્તા પરથી કતલખાને લઈ જવાતા પશુ ભરેલ ટ્રક સાથે રાણપુર પોલીસે એક શખ્સને પશુ,ટ્રક મળી રૂ. ૯.૩૦ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે, ચુડા તાલુકાના છત્રીયાળા ખાતે રહેતા લાલજીભાઈ બચુભાઈ મીરને બાતમી મળી હતી કે પશુ ભરેલ ટ્રક રાણપુરના કનારા ગામ મિલટ્રી ત્રણ રસ્તા પરથી પસાર થવાનો છે.જે બાતમીના આધારે પસાર થઈ રહેલા ટ્રક ને શંકાના આધારે અટકાવીને અટકાવી તપાસ કરતા તેમાં પશુ ભરેલા હતા.દરમિયાનમાં રાણપુર પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ પર આવી ચાલક અજીત અરજણભાઈ હાડગરડા ( ઉ.વ.૨૫ રહે. માણાવદર ગાયત્રી મંદિર પાછળ,કાપદાર સોસાયટી,તા. માણાવદર જી.જુનાગઢ) ને ટ્રકમાં ઉતરી લીધો હતો.પોલીસ પૂછપરછમાં ટ્રકચાલક અજિત પાસે વાહન ચલાવવાનું લાયસન્સ કે અબોલ પશુની હેરફેરે કરવાનો પાસ કે પરમીટ ન હોવાનું જણાવ્યું હતું. જેના આધારે પોલીસે ટ્રક નં જીજે.૩૧.ટી.૨૧૩૦ ને કબ્જે લઈ , ટુંકા દોરડાથી ટ્રકમાં ક્રતાપુર્વક ઘાંસચારો કે પાણીની સગવડ રાખ્યા વગર બાંધી રાત્રિના સમયે વધ કરવાના ઈરાદે શંકાસ્પદ હાલતમાં મળી આવેલાં ૯ પશુધન કિંમત રૂા.૧.૭૦ લાખને કતલખાને જતાં બચાવ્યા હતા. ઉપરાંત, પોલીસે ટ્રક કિંમત રૂા.૮ લાખ મળી કુલ રૂા.૯.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને ચાલક વિરૂદ્ધ ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ની કલમ ૫,૬,૬(૬)(૧), ૬(૬) (૩), ૬(૪), ૮, ૯, ૧૦ તથા ધી પ્રાણી ક્રૂરતા નેવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧(૧) (ડી), (ઈ), (એફ), (એચ) તથા એમ.વી.એકટ ક.૬૬(૧), ૧૯૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**બાતમીના આધારે ટ્રકને અટકાવતાં તેમાં ક્રૂરતાથી ભરવામાં આવેલાં ૯ પશુ મળી આવ્યા : રાણપુર પોલીસે પશુ, ટ્રક મળી કુલ રૂ.૯.૭૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો**

---

# બે વર્ષની બાળકીને પીંખી નાખનાર 'નરાધમ'ને આજીવન કેદ

## બે વર્ષની બાળકીને ટ્રક નીચે લઈ જઈ દૂષ્કર્મ આચરનાર રાજસ્થાનના ખલાસીને સ્થળ પરથી ઝડપી લેવાયા હતા

### નરાધમ...

(એજન્સી) ગાંધીધામ । તા. 18

અંજાર તાલુકાનાં વરસાણા ગામ નજીક આવેલી ખાનગી કંપની પાસેની ઝૂપડપટ્ટી માથી રાત્રે ૨ વર્શ્ન બાળકી બહાર નીકળી ગઈ હતી. આ દરમિયાન ટ્રકમાં ખલાસી તરીકે આવેલા બે નરાધામોએ તેણે પકડી લઈ ટ્રક નીચે લઈ જય તેના પર દુષ્કર્મ આચર્યું હતું. જોકે બાળકીની બહેન જોઈ જતાં આરોપીઓને ઝડપી લઈ પોલીસ હવાલે કરવામાં આવ્યા હતા. ૬ વર્ષ પહેલા બનેલા આ બનાવમાં કોર્ટે બે પૈકીનાં એક આરોપીની આજીવન કેદ ફટકારતો ધાક બેસાડતો હુકમ આપ્યો હતો. ૭ વર્ષ પહેલા અંજાર તાલુકાનાં વરસાણા ગામે આવેલ ઈસ્પાત કંપનીનાં વાહન પાકગ પાસે આવેલી ઝુપડપટ્ટી માંથી રાત્રીનાં આશરે ૧૧ વાગ્યાના આસપાસ બે વર્ષની બાળકી તેમની માતા સાથે પોતાના ઝુપડામાં ખાટલા પર સુતી હતી અને માતાને નિંદર આવી જતા બાળકી કોઈપણ સમયે ઝુપડામાંથી બહાર ચાલી જતા બાળકીને એકલી જોઈ આરોપીઓ સબલુકુમાર ચૌહાણ તથા ભરત ગામેતી (રહે. બન્ને રાજસ્થાન) કે જે કંપનીમાં ટ્રેલરના ખલાશી તરીકે આવેલા હતા. જેઓ પાકગ માં ઉભેલા ટ્રેલર નીચે લઈ જઈ બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું અને દરમ્યાન બાળકીનાં કાકાની ૧૩ વર્ષની દિકરી આ આરોપીઓને જોઈ જતા આરોપીઓ બાળકીને ટ્રેલર નીચે ફેંકી દઈ ટ્રેલર પર ચડી ગયા હતા અને એવામાં બાળકીનાં માતા તથા કંપનીના સિક્યુરિટી વાળા આવી જતા આરોપીઓને ટ્રેલર નીચેથી ઉતારી અને અંજાર પોલીસને સોપ્યા હતા અને બાદમાં તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ કેસમાં અંજારનાં બીજા અધિક સ્પેશિયલ (પોકસો) જજ કમલેશ કે. શુકલની કોર્ટમાં ચાલી જતા ફરિયાદ પક્ષ તરફથી ૩૧ દસ્તાવેજી તેમજ ૨૬ મૌખિક પુરાવા રજુ કર્યા હતા અને બન્ને પક્ષોને સાંભળ્યા બાદ કેસની હકીકતો તથા સંજોગોને ધ્યાને લઈ તથા ફરિયાદ પક્ષની દલીલો તેમજ મુળ ફરિયાદી તરફે હાજર થયેલ વકીલની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી ભરત ગામેતીને તકસીરવાર ઠેરવી પોકસો એકટની કલમ - ૪, તળે ૨૦ વર્ષ સાદી કેદ સજા તથા પંદર હજારનો દંડ તેમજ કલમ-૬ તળે આજીવન સખત કેદની સજા તથા પાંત્રીસ હજારનો દંડ ફટકાર્યો હતો અને પીડીતને ચાર લાખ વળતર તરીકે ચુકવવાનો હુકમ પણ કર્યો હતો. આ કેસમાં મુખ્ય આરોપી એવા સબલુકુમાર ચૌહાણનો નાર્કો ટેસ્ટ પણ કરવવામાં આવ્યો હતો અને તેના વિરુદ્ધ કોઈ યોગ્ય પુરાવા પણ ન મળ્યા હોવાથી સબલુકુમારને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યો હતો. આ કેસમાં સરકાર તરફે મદદનીશ જિલ્લા સરકારી વકીલ આશિષકુમાર પંડયા તથા મુળ ફરિયાદી તરફે અંજારના વકીલ પ્રભુલાલ હડીયાએ હાજર રહી દલીલો કરી હતી.

### પંચો ફરી ગયા તો તેમના વિરુદ્ધ પણ ફરિયાદ નોંધવા હુકમ

સામાન્ય રીતે મોટા બનાવમાં પોલીસ સરકારી પંચો રાખતા હોય છે પરંતુ પોલીસે મોટી ભૂલ કરી અને ખાનગી પંચો રાખ્યા હતા. આ કેસ સાથે જોડાયેલા વકીલ પ્રભુલાલભાઈએ જણાવ્યુ હતું કે, ૧૦ જેટલા પંચો હતા જે ફરી ગયા અને અમને કઈ ખબર નથી તેવું કહી દેતા આ બાબતને કોર્ટે ગંભીરતાથી લીધી હતી અને સંભવતઃ કચ્છમાં પ્રથમ વખત પંચો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પણ હુકમ કર્યો હતો. આ સાથે આ કેસમાં કુલ ૩ જેટલા આઈ.ઓ. બદલ્યા છે. આરોપીઓને કંપનીના સિક્યુરિટી દ્વારા રાત્રે ઝડપી લીધા હતા છતાં પોલીસ છેક સવારે પહોંચી હતી. વળી તપસ કરી રહેલા આઈ.ઓ.માં કોમ્યુનિકેશન ગેપ પણ દેખાઈ રહ્યો હતો. જેથી કોર્ટે આ બાબતે પણ નોંધ લઈ તપાસ કરનાર બે અધિકારીઓ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે.

---

ચાલક ટ્રક લઈ અવાણિયા તરફ નાસી છૂટયો

# ઘોઘાના સર્કલ ઓફિસરની ફરજમાં રૂકાવટ કરી બે શખ્સ રેતી ભરેલો ટ્રક લઈ ફરાર

(એજન્સી) ભાવનગર । તા. 21

છ ઘોઘા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા અધિકારીની ફરજમાં રુકાવટ કરી ગેરકાયદેસર રેતી ભરેલો ટ્રક ભગાડી જઈ શખ્સે જાનથી મારી નાખવાની ધમકી આપતા સર્કલ ઓફિસરે ટ્રકના માલિક અને ચાલક વિરૂદ્ધ ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગર પ્રાંત અધિકારી પ્રતિભા દહિયા ગઈકાલે સાંજે ઘોઘા મામલતદાર કચેરીની મુલાકાતે આવતા હતા તે દરમિયાન પીપળીયા પુલથી પાતાલેશ્વર મહાદેવ વચ્ચે રોયલ્ટી પાસ વગર ગેરકાયદેરીતે રેતી ભરેલો ટ્રક નં. જી.જે.૦૪.એ.ડબલ્યુ. ૭૯૮૪ પકડયો હતો અને ઘોઘા મામલતદારને જાણ કરતા ઘોઘા મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર જગદીશસિંહ સુરૂભા ગોહિલ અને સરકારી ગાડીના ડ્રાઈવર મોમીનભાઈ પીપળીયા પુલ પાસે પહોંચ્યા હતા. સર્કલ ઓફિસર ટ્રકના ચાલકની પૂછપરછ કરતા હતા તે દરમિયાન કાળા કલરની કાર નં. ૨૫ બી.એમ.૧૩૯૬બી આવી હતી અને તેમાંથી વિપુલ ભાલીયા નામનો શખ્સ નીચે ઉતર્યો હતો અને 'રેતી ભરેલો ટ્રક મારી માલિકીનો છે અને અગાઉ પણ આ જ ટ્રક ઘોઘા મામલતદારે સીઝ કરેલ હતો, આથી આ ટ્રક હું તમને નહીં લઈ જવા દઉં' તેમ કહી ગેરવર્તન કરી સર્કલ ઓફિસરને પકડી રાખતા ટ્રકનો ચાલક રેતી ભરેલો ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો. સર્કલ ઓફિસરે તેમની કારમાં ટ્રકનો પીછો કરતા વિપુલ ભાલીયાએ પોતાની કાર આગળના ભાગે ચલાવી સરકારી ગાડીને ટ્રક સુધી પહોંચવા ન દીધી હતી.

---

# નડિયાદમાં ભાગીદારની હત્યા કરનારો આરોપી જેલ હવાલે

નડિયાદ: નડિયાદ પશ્ચિમમાં ટ્રેક્ટરની ડીલરશીપ કરતા વ્યક્તિની પાર્ટનરે પત્ની સાથે આડા સબંધનો વહેમ રાખી હત્યા કરી હતી. નડિયાદ પશ્ચિમમાં અનેરી હાઈટસ પાસે જય અંબે સોસાયટીમાં રહેતા ધર્મેશભાઈ દરજી અને મેહુલ સુથાર ભાગીદારીમાં ટ્રેક્ટરની ડીલરશીપનો ધંધો કરતા હતા. ધર્મેશને તા.૧૫મીની રાત્રે તેનો મિત્ર મેહુલભાઈ સુથાર ટ્રેક્ટરની ઈન્કવાયરી માટે જવાનું બહાનું બતાવી ગાડીમાં બોલાવી ગયો હતો. બાદમાં લસુન્દ્રા હાઈવે પર બંને નીચે ઉતર્યા હતા. જ્યાં મેહુલ સુથારે તેની પત્ની રૂપાબેન સાથે આડા સંબંધ હોવાનો વહેમ રાખી ધર્મેશ દરજીને માથામાં લાકડાનો ડંડો મારી મોત નીપજાવી લાશને નજીકમાં આવેલી કેનાલમાં ફેંકી દીધી હતી. આ બનાવ અંગે નેહલબેન દરજીની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી મેહુલ સુથારની ધરપકડ કરી હતી.

---

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો.



**વૃષભ (બ,વ,ઉ)**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે.



**મિથુન (ક,છ,ઘ)**
વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.



**કર્ક (ડ,હ)**
પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. ઘરના મોરચે તમારૂ જીવન શાંત અને ગમે તેવું રહેશે.



**સિંહ (મ,ટ)**
પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.



**કન્યા (પ,ઠ,ણ)**
નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે.



**તુલા (ર,ત)**
તમારૂ વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.



**વૃશ્ચિક (ન,ય)**
એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.



**ધન (ભ,ધ,ફ)**
તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે.



**મકર (ખ,જ)**
તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.



**કુંભ (ગ,શ,સ)**
નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો.



**મીન (દ,ચ,ઝ,થ)**
વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. પારિવારિક ચિંતાઓને તમારૂ ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

## મીડિયા રિપોર્ટ અનુસાર, પ્રસ્તાવિત ઈવી પોલિસીમાં સરકાર કંપનીઓને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપિત કરવા મંજૂરી આપશે

# ટેસ્લાની એન્ટ્રી માટે સરકાર સજ્જ, ઈવી પોલિસીમાં કરશે મોટા ફેરફારો

(એજન્સી) મુંબઈ તા 21



વિશ્વની ટોચની બીજા ક્રમની ઈ-કાર મેન્યુફેક્ચરર ટેસ્લાની ભારતમાં એન્ટ્રીના પ્રબળ સંકેતો વચ્ચે કેન્દ્ર સરકાર ઈવી પોલિસીમાં મોટો ફેરફાર કરવા જઈ રહી હોવાના અહેવાલો મળ્યા છે. મીડિયા સૂત્રો અનુસાર, નવી ઈવી પોલિસીથી વિદેશી કંપનીઓ દ્વારા ભારતમાં બિઝનેસ કરવાનો માર્ગ મોકળો બનશે. નવી ઈવી પોલિસીમાં ભારતમાં ઓછામાં ઓછુ રૂ.4150 કરોડ (50 કરોડ ડોલર)નું રોકાણ કરવાની જોગવાઈ લાગુ કરાશે. મીડિયા રિપોર્ટ અનુસાર, પ્રસ્તાવિત ઈવી પોલિસીમાં સરકાર કંપનીઓને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપિત કરવા મંજૂરી આપશે. જો કે, તેના માટે નવા મૂડી રોકાણ હેઠળ રૂ. 4150 (50 કરોડ ડોલર)નું રોકાણ કરવુ પડશે. વધુમાં આયાત ડ્યુટી પણ 110 ટકાથી ઘટાડી 15 ટકા કરવામાં આવશે. દરવર્ષે 8000 એટલે કે પાંચ વર્ષમાં 40,000 પ્રીમિયમ ઈ-કાર (35,000 ડોલરથી વધુ કિંમતની ઈ-કાર)ની આયાત પર 15 ટકાના કસેન્શનલ રેટ પર ડ્યૂટી ચૂકવવી પડશે.

હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકામાં ટેસ્લાના માલિક ઈલોન મસ્ક સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં ભારતમાં ટેસ્લાના પ્રવેશને વેગ આપવા ચર્ચા થઈ હતી. જેના કારણે કેન્દ્ર સરકાર વિદેશી ઈવી મેન્યુફેક્ચરર્સને ભારતમાં રોકાણ અને ઉત્પાદન માટે આકર્ષિત કરવા ઈવી પોલિસીમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. અગાઉ ગતવર્ષે માર્ચ, 2024માં ઈવી પોલિસીમાં ફેરફારો થયા હતા. આગામી બે મહિનામાં નવી પોલિસી જાહેર થઈ શકે છે. જેમાં ભાગ લેવા માટે કંપનીઓને ચારથી પાંચ મહિનાનો સમય આપવામાં આવશે.

### ઈવી પોલિસીમાં આ ફેરફારો થવાની શક્યતા

- વિદેશી ઈવી મેન્યુફેક્ચરર 50 કરોડ ડોલરના પ્રારંભિક મૂડી રોકાણ સાથે ફેક્ટરી શરૂ કરી શકશે.
- શરૂઆતના પાંચ વર્ષ 40,000 ઈ-કાર પર 15 ટકા આયાત ડ્યૂટી
- જૂના રોકાણોની ગણતરી 50 કરોડ ડોલરની રોકાણ જરૂરિયાતમાં થશે નહીં
- રોકાણના ત્રણ વર્ષની અંદર મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ સ્થાપિત કરવાની રહેશે
- મેન્યુફેક્ચરિંગની શરૂઆતથી બીજા વર્ષે રૂ. 2500 કરોડ, ચોથા વર્ષે રૂ. 5000 કરોડ અને પાંચમા વર્ષે રૂ. 7,500 કરોડનો ટર્નઓવર ટાર્ગેટ
- દેશમાં ઉપસ્થિત કાર કંપની ઈલેક્ટ્રિક એસેમ્બલી લાઈન સ્થાપિત કરી શકશે.



### SEBI, CDSL અને NSDLની સંયુક્ત પહેલ

# યુનીફાઈડ ઈન્વેસ્ટર એપ થકી હવે તમામ રોકાણો, શેરહોલ્ડર ઠરાવો

(એજન્સી) મુંબઈ તા 21

મુંબઈ : શેરોમાં રોકાણ કરનારા રોકાણકારો હવે તેમના તમામ રોકાણો, કંપનીઓ દ્વારા થતાં શેરહોલ્ડર ઠરાવો અને ટેક્ષ સંબંધિત ડાટાનું એક જ જગ્યાએ ટ્રેક કરી શકશે. સેબીની આ પહેલ અને માર્ગદર્શન હેઠળ ભારતની બે પ્રમુખ ડિપોઝિટરીઝ સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિઝ લિમિટેડ (સીડીએસએલ) અને નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ) દ્વારા રોકાણકારોને તેમના શેર બજારના તમામ રોકાણોની વિગતો, તેમના હોલ્ડિંગ્સ અને નફા અને નુકશાનીથી લઈને માર્જિનની જરૂરીયાતોની વિગતો એક જ જગ્યાએ ઉપલબ્ધ થઈ શકે એવું યુનીફાઈડ ઈન્વેસ્ટર એપ રજૂ કરાયું છે. સેબી ચેરપરસન માધબી પુરી બુચના હસ્તે આજે આ એપ રજૂ કરતાં તેમેણે કહ્યું હતું કે, ડિપોઝિટરીઝ પાસેથી સીધા મેળવેલા ડેટા રોકાણકારોને મધ્યસ્થીઓ દ્વારા કપટપૂર્ણ વ્યવહારોને ઓળખવા અને રોકવા માટે સશક્ત બનાવશે. આ પ્રસંગે સેબીના સંપૂર્ણ સમયના મેમ્બર કમલેશ વર્શેનીએ જણાવ્યું હતું કે, આ એપ શેરધારકોને તમામ કંપનીઓના ઠરાવો પર મત આપવાની સગવડ આપશે અને કરદાતાઓને ત્રિમાસિક ધોરણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી) સાથે શેર કરવામાં આવી રહેલી રોકાણની માહિતી પર નજર રાખવાની મંજૂરી આપશે. આ વિશે તેમણે વધુ કહ્યું હતું કે, ભાગ્યે જ કોઈ તેમના એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (એઆઈએસ) નિયમીત રીતે તપાસે છે અને લોકો સામાન્ય રીતે નાણાકીય વર્ષના અંતે આની તપાસ કરે છે. જેથી જો કોઈ ભૂલ હોય તો તેને સુધારવું મુશ્કેલ બને છે. હવે આ યુનિફાઈડ ઈન્વેસ્ટર એપ થકી ત્રિમાસિક ધોરણે સીબીડીટીને મોકલવામાં આવી રહેલી માહિતીને પણ ટ્રેક કરવાનું શક્ય બનશે. જેથી સ્ટેટમેન્ટમાં કોઈપણ ભૂલ હોય તો એ ડિપોઝિટરીને જાણ કરીને સુધારિત સ્ટેટમેન્ટ મેળવી શકાશે.વર્શનીએ આ એપના સર્જન પર એક રસપ્રદ કિસ્સો કહેતા જણાવ્યું હતું કે, સેબીના માર્કેટ ઈન્ટરમીડિયરીઝ રેગ્યુલેશન એન્ડ સુપરવિઝન ડિપાર્ટમેન્ટ (એમઆઈઆરએસડી)ના અધિકારીઓએ આ એપ બનાવવાની પહેલ કરી હતી અને પછી તેને તેમના ધ્યાનમાં લાવી હતી. તેમણે સેબીના અધિકારીઓ ઈશાન, આરાધના અને સુષ્મા તેમ જ ડિપોઝિટરીઝના કર્મચારીઓ રચના, યોગેશ, અનુપોલ અને પાર્થિવનું નામ એવા લોકો તરીકે લીધું હતું.

# ડિપોઝીટરીઝે રોકાણકાર માહિતીને સુલભ બનાવવા માટે સહયોગ કર્યો

(એજન્સી) મુંબઈ તા 21

સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ) સીડીએસએલ અને એનએસડીએલની ઈન્વેસ્ટર એપ્સમાં ફીચર્સને એકીકૃત કર્યાના લોન્ચની જાહેરાત કરતા આનંદ અનુભવે છે. આ ફીચર્સ વિવિધ માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્સ્ટિટ્યૂશન્સ (એમઆઈઆઈ)માં મહત્વના નાણાંકીય ડેટાની પહોંચને રોકાણકારો માટે સુલભ બનાવવા તરફનું મહત્વનું પગલું મનાય છે. સેબીની પહેલ એવી આ એપ સેબી ચેરપર્સન સુશ્રી માધબી પુરી બુચ દ્વારા એક કાર્યક્રમમાં આજે સત્તાવારપણે લોન્ચ કરવામાં આવી હતી. યુનિફાઈડ ઈન્વેસ્ટર વેબ અને મોબાઈલ એપ્લિકેશન્સ (MyEasi by CDSL and SPEED-e by NSDL) સીડીએસએલ, એનએસડીએલ, સ્ટોક એક્સચેન્જીસ અને ક્લિયરિંગ કોર્પોરેશન્સના ફાઈનાન્શિયલ ડેટાને કન્સોલિડેટ કરતું સુરક્ષિત અને સુગમ પ્લેટફોર્મ પૂરું પાડે છે અને રોકાણકારોને સરળતાથી માહિતગાર નિર્ણયો લેવા માટે રોકાણકારોને સક્ષમ બનાવે છે. આ એપ્સ રોકાણકારોને નીચેની માહિતીની એક્સેસ પૂરી પાડે છેઃ સીડીએસએલ અને એનએસડીએલ બંનેમાં પોતાની ડિમેટ સિક્યોરિટીઝનો કન્સોલિડેટેડ વ્યૂ જે વિવિધ પ્લેટફોર્મ્સ પર લોગ કરવાની જરૂરિયાત દૂર કરે છે.




# સેન્સેક્સ 424 પોઈન્ટ ઘટીને 75,311ની સપાટીએ બંધ

(એજન્સી) મુંબઈ તા 21

આજે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે 21 ફેબ્રુઆરીએ સેન્સેક્સ 424 પોઈન્ટના ઘટાડા સાથે 75,311ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પણ 117 પોઈન્ટ વધીને 22,795ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 22 ઘટ્યા અને 8માં તેજી રહી. નિફ્ટીના 50 શેરોમાંથી 37 ઘટ્યા અને 13માં તેજી રહી. NSE સેક્ટોરલ ઈન્ડેક્સના ઓટો સેક્ટરમાં સૌથી વધુ 2.58%નો ઘટાડો રહ્યો હતો. એશિયન બજારમાં, કોરિયાના કોસ્પીમાં 0.0053%નો ઘટાડો જોવા મળ્યો છે. હોંગકોંગનો હેંગ સેંગ 2.96% ઘટ્યો અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.77%ની તેજી છે. 20 ફેબ્રુઆરીના રોજ, વિદેશી રોકાણકારો (FII)એ 3,311.55 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. આ દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DIIs) એ પણ 3,907.64 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. 19 ફેબ્રુઆરીના રોજ, અમેરિકાનો ડાઓ જોન્સ 1.01% ના ઘટાડા સાથે 44,176 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 0.43% ઘટીને 6,117 પર બંધ થયો. નેસ્ડેક 0.47% ઘટ્યો હતો. ગઈકાલે એટલે કે 20 ફેબ્રુઆરીએ સેન્સેક્સ 203 પોઈન્ટના ઘટાડા સાથે 75,735 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 19 પોઈન્ટ ઘટીને 22,913 પર બંધ થયો. તેમજ, BSE સ્મોલકેપ 599 પોઈન્ટના વધારા સાથે 46,054 પર બંધ થયો હતો.

# "ગુજરાત રાજ્ય બજેટ 2025 ભવિષ્ય માટે તૈયાર અર્થતંત્ર માટેનો પાયો નાખે છે

(એજન્સી) અમદાવાદ | તા 21

શ્રી રૂમિત પરીખ, બ્રાન્ચ હેડ (અમદાવાદ) દ્વારા પ્રકાશિત, સિનિયર ડિરેક્ટર - ઓક્યુપિયર સ્ટ્રેટેજી એન્ડ સોલ્યુશન્સ, ઈન્ડસ્ટ્રિયલ અને લોજિસ્ટિક્સ, નાઈટ ફ્રેન્ક ઈન્ડિયા. 'ગુજરાત રાજ્ય બજેટ 2025 ભવિષ્ય માટે તૈયાર અર્થતંત્ર માટેનો પાયો નાખે છે, જેમાં શિક્ષણ, આરોગ્યસંભાળ, માળખાગત સુવિધાઓ અને સામાજિક કલ્યાણમાં મુખ્ય રોકાણો સાથે શહેરી વિસ્તરણ, સ્માર્ટ શહેરો અને સસ્તા મકાનો પર ભાર મૂકવામાં આવ્યો છે. માળખાગત વિકાસ માટે રૂ. 5 લાખ કરોડની પ્રતિબદ્ધતા અને લક્ષિત ક્ષેત્રીય ફાળવણી સાથે જોગવાઇ થિ છે. સરકાર 'વિકસિત ગુજરાત 2047' માટે તેના બોલ્ડ વિઝનને મજબૂત બનાવે છે, જે સમાવિષ્ટ વિકાસ અને આર્થિક સ્થિતિસ્થાપકતાને સુનિશ્ચિત કરે છે. વધુમાં 2025-30 માટે ગુજરાત જીસીસી નીતિ એક પરિવર્તનકારી પહેલ છે, જે રાજ્યને ડિજિટલ ક્ષેત્રે નવીનતા અને ઉદ્યોગસાહસિકતા માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાન આપે છે. રૂ. 10,000 કરોડના રોકાણ અને 50,000 નોકરીઓનું સર્જન કરવાના ધ્યેય સાથે કેપેક્સ, ઓપેક્સ અને કૌશલ્ય વિકાસ માટે નીતિના મજબૂત પ્રોત્સાહનો ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપશે, અગ્રણી વ્યવસાયોને આકર્ષશે અને વૈશ્વિક અર્થતંત્રમાં ગુજરાતની ભૂમિકાને મજબૂત બનાવશે.'

# ન્યુક્લિયસ ઓફિસ સોલ્યુશન્સ લિમિટેડનો એસએમઈ આઈપીઓ 24 ફેબ્રુઆરી, 2025ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ તા 21

ન્યુક્લિયસ ઓફિસ સોલ્યુશન્સ લિમિટેડે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) સાથે જાહેરમાં જવાની યોજનાની જાહેરાત કરી છે. બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થનારા શેર સાથે રૂ. ૩,૧૭૦.૨૩ લાખ સુધી ભંડોળ એકત્ર કરવાનો લક્ષ્યાંક કંપની ધરાવે છે. તાજા ઈસ્યૂનું કદ - રૂ. 10 ના ફેસ વેલ્યુવાળા 10,65,000 ઈક્વિટી શેર, દરેક રૂ. 2,492.10 લાખ સુધીના પ્રમોટરનું યોગદાન - રૂ. 678.13 લાખ સુધીના 2,89,800 સુધી ઈક્વિટી શેર ન્યુક્લિયસ ઓફિસ સોલ્યુશન્સ લિમિટેડ (NOSL)ના પ્રમોટરો કો-વર્કિંગ અને મેનેજ્ડ ઓફિસ સ્પેસ પ્રોવાઈડર છે જે હાલમાં દિલ્હી એનસીઆર ક્ષેત્રમાં સંપૂર્ણ રીતે સજ્જ, ફ્લેક્સિબલ વર્કસ્પેસ, સમર્પિત ડેસ્ક, ખાનગી કેબિન, મીટિંગ રૂમ, નવીન જગ્યાઓ, સ્ટાર્ટઅપ ઝોન, વર્ચ્યુઅલ ઓફિસ વગેરે પ્રદાન કરે છે, જે સમગ્ર ભારતમાં વિકાસ કરવાની યોજના ધરાવે છે. તેમના ઓફિસ સોલ્યુશન્સની શ્રેણી સ્ટાર્ટઅપ્સ, એસએમઈ ઉદ્યોગો, મોટા સાહસો, વ્યાવસાયિકો અને ઉદ્યોગસાહસિકો સહિત વિવિધ શ્રેણીના રહેવાસીઓને પૂરી પાડે છે. તેઓ 50-500 બેઠકો સુધીના સાહસો માટે સંપૂર્ણપણે સર્વિસ્ડ અને મેનેજ્ડ વર્કસ્પેસ સોલ્યુશન પણ પ્રદાન કરે છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં તેમની પાસે દિલ્હી એનસીઆર ક્ષેત્રમાં કાર્યસ્થળો સાથે ૭ કેન્દ્રો છે અને કુલ ૨,૭૯૬ બેઠકો સાથે ૪ કચેરીઓનું સંચાલન પણ કરે છે. સુન્ડે કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના લીડ મેનેજર છે અને બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના રજિસ્ટ્રાર છે. ન્યુક્લિયસ ઓફિસ સોલ્યુશન્સ લિમિટેડ માટે માર્કેટ મેકર નિકુંજ સ્ટોક બ્રોકર્સ લિમિટેડ છે. નેક્લિયસ ઓફિસ સોલ્યુશન્સ લિમિટેડના એમડી શ્રી નિપુણ ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'અમને બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર અમારા આગામી આઈપીઓની જાહેરાત કરતા આનંદ થાય છે. અમે પેન ઈન્ડિયા ક્ષેત્રમાં લવચીક, સસ્તું અને સુલભ ઓફિસ સોલ્યુશન્સ શોધતા વ્યક્તિઓ અને વ્યવસાયો માટે મુખ્ય પસંદગી બનવા માંગીએ છીએ. અમે કંપનીના ઉજ્જવળ ભવિષ્યની રાહ જોઈ રહ્યા છીએ.' ન્યુક્લિયસ ઓફિસ સોલ્યુશન્સ લિમિટેડ-- કંપનીની સ્થાપના શ્રી નિપુણ ગુપ્તા દ્વારા કરવામાં આવી હતી.




# રૂપિયા રાખજો તૈયાર, આવી રહ્યો છે 3000 કરોડનો IPO

(એજન્સી) મુંબઈ તા 21

જો તમે પણ શેરબજાર અથવા IPO થી કમાણી કરો છો તો આ સમાચાર તમારા માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. વાસ્તવમાં, નેશનલ ડિપોઝિટરીની વિગતો જાળવી રાખનાર NSDL ટૂંક સમયમાં જ તેનો IPO બજારમાં લાવવા જઈ રહી છે. NSDL એટલે કે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ આવતા મહિને બજારમાં તેનો IPO લાવી રહી છે. કંપની આ ઈસ્યુમાંથી રૂ. 3000 કરોડ એકત્ર કરશે, SEBI એ દેશની સૌથી મોટી ડિપોઝિટરી NSDLના IPOને પણ મંજૂરી આપી દીધી છે. આ IPO વેચાણ માટે સંપૂર્ણ ઓફર હશે. NSDLને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં IPO માટે સેબી પાસેથી મંજૂરી મળી હતી. હવે, એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને, મીડિયા અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે NSDL એપ્રિલ પહેલા બજારમાં IPO લોન્ચ કરી શકે છે. આવી સ્થિતિમાં, જો તમે IPO થી કમાણી કરો છો, તો તમે NSDL IPO માં દાવ લગાવીને કમાણી કરી શકો છો. માહિતી અનુસાર, DRHP માટે 12 મહિનાની સમયમર્યાદા સપ્ટેમ્બરમાં સમાપ્ત થઈ રહી છે, પરંતુ તે SEBI દ્વારા આપવામાં આવેલી MII મંજૂરી છે જે ડિપોઝિટરીઝને શેર વેચાણ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે પ્રોત્સાહિત કરી રહી છે, જ્યારે પૂછવામાં આવ્યું કે શું વિલંબ બજારની અસ્થિર સ્થિતિને કારણે થયો છે, ત્યારે અધિકારીએ કહ્યું કે આ સ્થિતિમાં પણ કેટલાક બજારો ઓફર કરે છે.

# ટાટા મોટર્સ દ્વારા ટાટા સફારીનાં 27 વર્ષની ઉજવણી

(એજન્સી) મુંબઈ તા 21




ભારતની અગ્રણી એસયુવી ઉત્પાદક ટાટા મોટર્સ દ્વારા લક્ઝરી, પાવર અને એક્સ્કલુઝિવિટીના બોલ્ડ અને અત્યાધુનિક પ્રતીક ખાસ લિમિટેડ સ્ટીથ એડિશન લોન્ચ કરવા સાથે ટાટા સફારીનાં 27 પ્રતીકાત્મક વર્ષોની ગૌરવભેર ઉજવણી કરી હતી. ફક્ત 2700 યુનિટ્સને મર્યાદિત આ પ્રીમિયમ એડિશન હેરિયર અને સફારીમાં ઉપલબ્ધ હોઈ એક્સક્લુઝિવિટી અને ઉત્કૃષ્ટ એસયુવી એસ્થેટિક્સનો ઉત્તમ દાખલો બેસાડે છે. સ્લીક, મોનોટોન ફિનિશીઝ સાથે આ સ્ટીલ્થ લાઈન-અપ ઈચ્છાશક્તિની તાજી લહેરનો ચમકારો આપતાં અનોખું વાહન વસાવવાની ગ્રાહકોની વધતી અગ્રતાઓને દર્શાવે છે. જૂજ યુનિટ્સ વેચાણમાં મુકાવાના હોવાથી સ્ટીલ્થ એડિશન માટે બુકિંગ આજથી ઓનલાઈન અને દેશભરમાં અમારી ડીલરશિપ્સ ખાતે ખુલ્લી મૂકવામાં આવી છે. સ્ટીલ્થ એડિશન સંપૂર્ણ નવા સ્ટીલ્થ મેટ્ટી બ્લેક ફિનિશ સાથે લૂક્સને ઉઠાવ આપીને રસ્તા પર એવી નિઃશંક હાજરી દર્શાવે છે કે ફક્ત જોઈ શકાતી નથી, પરંતુ મહેસૂસ પણ કરી શકાય છે. ડિઝાઈન સ્ટેટમેન્ટથી પણ ઉપરવટ આ એડિશન વર્ચસ અને વિશિષ્ટતાઓનો દાખલો છે, જે રસ્તા પર અનોખો તારવતો રુઆબ પ્રદાન કરે છે. મેટ્ટી કાર પેઈન્ટ અજોડ, સ્ટાઈલિશ ફિનિશ પ્રદાન કરીને એસયુવીના અજોડ આકર્ષણને ઓર વધારે છે. તેની નોન-રિફ્લેક્ટિવ સપાટી વાહનને અત્યાધુનિક, મનોહર લૂક પ્રદાન કરીને એસયુવીની બોડી લાઈન્સ અને કોન્ટુર્સને આલેખિત કરી તેને અત્યંત ઉત્તમ પ્રીમિયમ તરીકે નિખારી લાવે છે. તેજસ્વી ચમક કપરા સૂર્યપ્રકાશમાં ગ્લેર ઓછું કરે છે, હેરિયર સ્ટીલ્થ માટે કિંમત 25.09 (એક્સ-શોરૂમ દિલ્હી) અને 6 અને 7 સીટર બંનેમાં ઉપલબ્ધ સફારી સ્ટીલ્થ માટે કિંમત 25.74 (એક્સ-શોરૂમ દિલ્હી) સાથે આ લિમિટેડ એડિશન એસયુવી સહજ રીતે પ્રેસ્ટીજ, પરફોર્મન્સ અને અત્યાધુનિક ટેકનોલોજીને જોડીને નિર્વિવાદ રીતે ઉત્કૃષ્ટતાનું નિવેદન કરે છે.

# રૂપિયાએ તોડ્યો ડોલરનો ઘમંડ એશિયાઇ બજારોમાં દેખાઇ પ્રચંડ તેજી

(એજન્સી) મુંબઈ | તા 21

ગુરુવારે ભારતીય ફોરેક્સ માર્કેટમાં રૂપિયા સામે ડોલર ફરી એકવાર લાચાર દેખાયો. રૂપિયાએ ડોલરનું ગૌરવ તોડીને 19 પૈસાનો મોટો ઉછાળો નોંધાવ્યો અને પોતાને સલામત ક્ષેત્રમાં મૂકી દીધો. નિષ્ણાંતોના મતે ડોલર ઈન્ડેક્સમાં ઘટાડો અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાને કારણે રૂપિયામાં સારો વધારો જોવા મળ્યો છે. જોકે બુધવારે ભારતનું ફોરેક્સ માર્કેટ બંધ રહ્યું હતું. પરંતુ ખાનગી એક્સચેન્જોના ડેટા અનુસાર ડોલર સામે રૂપિયામાં સારો વધારો જોવા મળ્યો. 12 ફેબ્રુઆરીથી ડોલર સામે રૂપિયામાં દોઢ ટકાનો વધારો જોવા મળ્યો છે. નિષ્ણાંતોના મતે આગામી દિવસોમાં ડોલર સામે મૂલ્યમાં વધુ વધારો થવાની ધારણા છે. ત્યારે આવો જાણીએ અત્યાર સુધીમાં ડોલર સામે રૂપિયો કયા અંકે રહ્યો વાત કરીએ આજની તો ગુરુવારે શરૂઆતના કારોબારમાં અમેરિકન ડોલર સામે રૂપિયો 19 પૈસા વધીને 86.79 પર પહોંચી ગયો. યુએસ ડોલર અને ક્રૂડ ઓઈલના ભાવ તેમના ઉચ્ચ સ્તરથી નીચે આવી ગયા છે. વિદેશી ચલણ વેપારીઓના મતે સ્થાનિક ઈક્વિટીમાં નરમ વલણ વચ્ચે ડોલર/રૂપિયાની જોડી માટે નકારાત્મક લાગણીઓ જોવા મળી રહી છે. વિદેશી ભંડોળનો સતત બહાર જતો પ્રવાહ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર અસર કરી રહ્યો છે. ઈન્ટરબેંક ફોરેન કરન્સી પર, રૂપિયો 86.88 ખુલ્યો અને શરૂઆતના ટ્રેડ સત્ર દરમિયાન ડોલર સામે 86.79 પર ટ્રેડ થઈ રહ્યો હતો.



# ઈસ્ટમેન ઓટો એન્ડ પાવરએ ઈન્ટરસોલર એક્સ્પો 2025માં વન સ્ટોપ અને વિશાળ શ્રેણીના સોલર સોલ્યુશન્સનું અનાવરણ કર્યું

(એજન્સી) ગાંધીનગર, તા 21

પાવર સોલ્યુશન્સના અગ્રણી પ્રદાતા ઈસ્ટમેન ઓટો એન્ડ પાવરે ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે આયોજિત ઈન્ટરસોલર એક્સ્પોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું. આ પ્રદર્શને ઈસ્ટમેનને તેની અદ્યતન સૌર ટેકનોલોજી પ્રદર્શિત કરવા અને ભારત માટે ટકાઉ ઊર્જા ભવિષ્ય પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું.

ઈસ્ટમેનના ઈન્ટરેક્ટિવ બૂથે ભારતના નવીનીકરણીય ઊર્જા પરિવર્તનને વેગ આપવા માટે રચાયેલ અત્યાધુનિક સોલર સોલ્યુશન્સ પર પ્રકાશ પાડ્યો. મુલાકાતીઓએ કેવી રીતે કંપનીના ઉત્પાદનો સ્વચ્છ, કાર્યક્ષમ અને પોસાય તેવી ઊર્જાની વધતી માંગને સંબોધિત કરે છે તેનો અનુભવ પ્રત્યક્ષ રીતે કર્યો. ઈસ્ટમેન ઓટો એન્ડ પાવર લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મિ. શેખર સિંઘલે જણાવ્યું હતું કે, 'ઈન્ટરસોલર એક્સ્પો એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે જે અમને સૌર ઊર્જા અને તેની પરિવર્તનશીલ ક્ષમતા પ્રત્યેની અમારી અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવવાની તક આપે છે. ઈનહાઉસ મેન્યુફેક્ચરિંગ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશનના મજબૂત આધાર સાથે, અમે સૌર ઊર્જા ઉત્પાદનોમાં નવીનતામાં મોખરે છીએ. અમે અમારા નવીન ઉકેલો રજૂ કરવા માટે ઉત્સાહિત છીએ જે વિવિધ ઊર્જા જરૂરિયાતોને પૂરી કરે છે, મકાનમાલિકો, વ્યવસાયો અને સમુદાયોને સ્વચ્છ ભવિષ્યને સ્વીકારવા માટે સશક્ત બનાવે છે. અમારું લક્ષ્ય ભારતને ઊર્જાની સ્વતંત્રતા તરફ લઈ જવાનું છે, જે તમામ ગ્રાહકો માટે વન સ્ટોપ સોલ્યુશન દ્વારા રાષ્ટ્રને ઊર્જા આત્મનિર્ભરતા તરફ દોરી જાય છે. ઈન્ટરસોલર એક્સ્પોમાં ઈસ્ટમેન ઓટો એન્ડ પાવર દ્વારા પ્રદર્શિત મુખ્ય ઉત્પાદનોમાં નીચેનાનો સમાવેશ થાય છે: ગ્રીડ ટાઈ ઈન્વર્ટર્સ: સિંગલ ફેઝ અને થ્રી ફેઝ કોમ્બિનેશન સાથે 3 KW થી 110 KW સુધીના ઉચ્ચ-કાર્યક્ષમતાવાળા ગ્રીડ ટાઈ ઈન્વર્ટર્સની વ્યાપક શ્રેણી. આ ઈન્વર્ટર્સ એકીકૃત રીતે સૌર ઊર્જાને ઘરો અને વ્યવસાયો માટે ઉપયોગી વીજળીમાં રૂપાંતરિત કરે છે, ઊર્જાની બચતને મહત્તમ કરે છે અને ગ્રીડ પર નિર્ભરતા ઘટાડે છે.



## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2081, મહા વદ-10**

# ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ પર વિવાદ



નવા નિયુક્ત કરાયેલા મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર પદભાર સંભાળતાં પહેલાં જ સવાલોમાં ઘેરાઈ ગયા છે. નિયુક્તિ-પ્રક્રિયા સાથે જોડાયેલા આ સવાલો તેમની નિષ્પક્ષતા અને સ્વતંત્રતાને શંકાસ્પદ બનાવે છે. જ્ઞાનેશકુમારની નિયુક્તિ નવા કાયદા અનુસાર ૧૭ ફેબ્રુઆરીએ થઈ. હરિયાણાના મુખ્ય સચિવ વિવેક જોશી પણ નવા ચૂંટણી કમિશ્નર નિયુક્ત કરવામાં આવ્યા છે. મોટો સવાલ તો વિપક્ષ એ જ ઉઠાવી રહ્યો છે કે જ્યારે નિયુક્તિ સાથે જોડાયેલ નવા કાયદાની કાયદેસરતાને પડકારતી અરજી પર સર્વોચ્ચ ન્યાયાલયમાં ૧૯ ફેબ્રુઆરીએ સુનાવણી છે તો આ નિયુક્તિની ઉતાવળ કેમ? ૧૭ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેના નામિત કેબિનેટ મંત્રી અમિત શાહ સાથે બેઠકમાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આ જ તર્ક સાથે પોતાની અસહમતિની ટિપ્પણી આપીને નીકળી ગયા હતા. તેમ છતાં જ્ઞાનેશ કુમારને નવા મુખ્ય ચૂંટણી કમિશ્નર બનાવવાની અધિસૂચના જારી કરી દેવામાં આવી છે. એક સંયોગ એ પણ છે કે ચૂંટણી કમિશ્નર રૂપે પણ જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુની નિયુક્તિ ૧૪ માર્ચ, ૨૦૨૪ના રોજ અચાનક કરી દેવાઈ હતી. હાલના મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમાર સાથે ચૂંટણી કમિશ્નર રહેલા અનૂપ ચંદ્ર પાંડે ૧૪ ફેબ્રુઆરીએ રિટાયર થઈ ચૂક્યા હતા, તો લોકસભા ચૂંટણીની ઘોષણા પહેલાં ૯ માર્ચે બીજા ચૂંટણી કમિશ્નર અરુણ ગોયલે અચાનક રાજીનામું આપી દીધું. ત્યારે સવાલ પૂછવામાં આવતો હતો કે શું એકલા રાજીવ કુમાર લોકસભા ચૂંટણી કરાવી લેશે? યાદ નથી આવતું કે ટીએન શેષન બાદ કોઈ ચૂંટણી કમિશ્નર કે મુખ્ય ચૂંટણી કમિશ્નરનો કાર્યકાળ નિર્વિવાદ પસાર થયો હોય. એક અનુશાસિત નોકરશાહની છબિ ધરાવતા શેષન પોતાની સખ્તાઈથી તમામ રાજકીય પક્ષો માટે આતંક સમાન બની ગયા હતા. બ`શક દેશભરમાં શેષનની સાખ અને જનતા વચ્ચે પણ સન્માન, ત્યારબાદ ચૂંટણી પંચ માટે બેહદ કઠિન કસોટી બની ગાય છે. એ સ્વાભાવિક તો છે, પરંતુ સવાલ પણ પેદા કરે છે કે ચૂંટણી પંચની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા પર સવાલ અને શંકા હંમેશાં વિપક્ષ તરફથી જ ઊઠે છે, જ્યારે સત્તાપક્ષને તે આદર્શ સંસ્થા દેખાય છે. આજે કોંગ્રેસ ચૂંટણી પંચની સાખને લઈને સૌથી વધુ ચિંતિત દેખાયછે, પરંતુ રાજીવ ગાંધીના વડાપ્રધાન કાળમાં જ ચૂંટણી પંચને એકથી ત્રણ સદસ્યોનું બનાવી દેવાયું હતું, જેથી અંકુશ અને સંતુલનને અવકાશ રહે.અસલમાં ચૂંટણી પંચમાં ચૂંટણી કમિશ્નરોની સંખ્યાને લઈને બંધારણ મૌન છે. બંધારણનો અનુચ્છેદ ૩૨૪(૨) કહે છે કે ચૂંટણી પંચમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નર હોઈ શકે છે, જેની સંખ્યા રાષ્ટ્રપતિ પર નિર્ભર કરશે. તેથી આઝાદી બાદ દેશમાં માત્ર મુખ્ય ચૂંટણી કમિશ્નર જ રહ્યા. નવમી લોકસભા ચૂંટણી પહેલાં ૧૬ ઓક્ટોબર, ૧૯૮૯ના રોજ રાજીવ ગાંધી સરકારે બે બીજા ચૂંટણી કમિશ્નર નિયુક્ત કરી દીધા, જેનાથી પંચ બહુસદસ્ય સંસ્થા બની ગયું. ત્યારે વિપક્ષે આરોપ લગાવ્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશ્નર આરવીએસ પેરીશાસ્ત્રી પર અંકુશ લગાવવા માટે એવું કરવામાં આવ્યું. બંધારણીય સંસ્થા ચૂંટણી પંચથી સત્તાની રમત આગળ પણ ચાલુ રહી. કેન્દ્રમાં સત્તા પરિવર્તન સાથે વ્યવસ્થા ફરી બદલાઈ. ૨ જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ વી.પી. સિંહની સરકારે ચૂંટણી પંચને ફરીથી એક સદસ્યનું કરી દીધું. પછી જ્યારે ૧૯૯૧માં પીવી નરસિંહ રાવના નેતૃત્વમાં કોંગ્રેસની કેન્દ્રીય સત્તામાં વાપસી થઈ, તો ૧ ઓક્ટોબર ૧૯૯૩ના રોજ મુખ્ય ચૂંટણી કમિશ્નર સાથે બે ચૂંટણી કમિશ્નર નિયુક્ત કરીને ચૂંટણી પંચને ત્રણ સદસ્યોનું બનાવી દેવાયું. કદાચ બહુસદસ્ય ચૂંટણી પંચ બાદની સરકારોને પણ યોગ્ય લાગ્યું, તેથી આ વ્યવસ્થા આજ સુધી ચાલુ છે. જ્ઞાનેશકુમારને મુખ્ય ચૂંટણી કમિશ્નર બનાવવા પર સર્વોચ્ચ અદાલતમાં પડતર સુનાવણી ઉપરાંત, સરકાર સાથે તેમન નિકટતાને કારણે પણ સવાલ ઉઠાવાઈ રહ્યા છે. ચૂંટણી કમિશ્નર સુખબીર સિંહ સંધુ પર પણ ઉત્તરાખંડ કેડરને કારણે સવાલ ઉઠાવવામાં આવે છે, તો હવે નિયુક્ત બીજા ચૂંટણી કમિશ્નર વિવેક જોશીને પણ સરકારના વિશ્વાસુ માનવામાં આવે છે. જોકે એક દિલચસ્પ આકલન એ પણ છે કે ૨૦૨૯માં થનારી આગામી લોકસભા ચૂંટણી સમયે વિવેક જોશી મુખ્ય ચૂંટણી કમિશ્નર હશે, કારણ કે જ્ઞાનેશ કુમાર ૨૭ જાન્યુઆરી, ૨૦૨૯ના રોજ સેવાનિવૃત્ત થઈ જશે.

# વડીયા તાલુકામાં વ્યાજબી ભાવની દુકાનોને મર્જ કરવામાં આવી

## અનાજનો જથ્થો મેળવવા નાગરિકોએ સ્થળ ફેરફારની વિગત ધ્યાને લેવા મામલતદારશ્રીએ અનુરોધ કર્યો

**અશોક મણવર અમરેલી**



અમરેલીના વડીયા તાલુકાની વ્યાજબી ભાવની દુકાનોને અન્ય દુકાનો સાથે મર્જ કરવામાં આવી હવે પછીથી જે સ્થળેથી અનાજનો મેળવવાનો રહેશે તે સ્થળની વિગત તથા વ્યાજબી ભાવના દુકાનદારનું નામ ક્રમવાર આ મુજબ હોય વડીયાના નાગરિકોને તે વિગતોને ધ્યાને લેવા વડીયા તાલુકા મામલતદારશ્રીએ અનુરોધ કર્યો છે. (૦૧) ખડખડ વ્યાજબી ભાવની દુકાનને ખાખરીયા (શ્રી અનિરૂદ્ધભાઈ જી. બસીયા મુ.ખાખરીયા, તા. વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. (૦૨) મોટી કુંકાવાવ-૩ વ્યાજબી ભાવની દુકાનને મોટી કુંકાવાવ-૧ વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. શ્રી સુવર્ણકાર એસોસિએશન, શ્રી વિનોદભાઈ સોનીની માલિકીની દુકાનમાં, મેઈન બજાર, મુ.મોટી કુંકાવાવ, તા. વડીયા ખાતેથી જથ્થો મેળવવો. (૦૩) નાના ખીજડીયા વ્યાજબી ભાવની દુકાનને મોરવાડા (શ્રી પંકજકુમાર નાનજીભાઈ મકવાણા, મુ. મોરવાડા, તા. વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. (૦૪) જીથુડી વ્યાજબી ભાવની દુકાનને લુણીધાર (શ્રી રામજીભાઈ કેશવભાઈ ભેંસાણીયા બસ સ્ટેન્ડ પાસે, મુ. લુણીધાર, તા.વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. (૦૫) સનાળા વ્યાજબી ભાવની દુકાનને ભાયાવદર (શ્રી રાજેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ વાળા, બસ સ્ટેન્ડ પાસે, મુ.ભાયાવદર, તા.વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. (૦૬) લાખાપાદર વ્યાજબી ભાવની દુકાનને ઈશ્વરિયા (શ્રી શિવરાજભાઈ ઓઢાભાઈ વાળા, મુ.ઈશ્વરીયા, તા.વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. (૦૭) વડીયા-૨ વ્યાજબી ભાવની દુકાનને વડીયા-૪ (શ્રી અરવિંદભાઈ દલસુખભાઈ અજાબીયા, ધુંધલીનાથ મણી મંદિરની ભાડે રાખેલ દુકાન, મોંઘીબા કન્યા શાળાની પાછળની શેરીમાં, કૃષ્ણપરા મુ. વડીયા, તા.વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. (૦૮) વડીયા-૫ વ્યાજબી ભાવની દુકાનને વડીયા-૧ (શ્રી વિનેદભાઈ દેવાયતભાઈ ગાગીયા, ગુલઝાર હોટેલ પાસે, સુરગપાર મુ. વડીયા, તા. વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. (૦૯) મોટી કુંકાવાવ-૨ વ્યાજબી ભાવની દુકાનને મોટી કુંકાવાવ-૪ (શ્રી શિવકૃપા સહકારી ગ્રાહક ભંડાર લી., પાંજરાપોળ શેરી, મુ.મોટી કુંકાવાવ, તા. વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. (૧૦) તોરી-૧ વ્યાજબી ભાવની દુકાનને તોરી-૨ (શ્રી ચંદ્રસિંહ જગુભાઈ બસીયા, મુ.તોરી, તા.વડીયા) વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. અનાજનો જથ્થો મેળવતાં નાગરિકોને અનાજનો જથ્થો મેળવવા આ અદ્યતન વિગતોને ધ્યાને લેવા વડીયા મામલતદારશ્રી દ્વારા જણાવ્યું

# મહાકુંભ મેળાના યાત્રાળુઓ માટે પશ્ચિમ રેલવેએ ખાસ ટ્રેનો ચલાવી

**(એજન્સી) અમદાવાદ । તા. 21**



મહાકુંભ મેળામાં ભેગા થતા યાત્રાળુઓ અને ભક્તોની યાત્રાને સુખદ અને આધ્યાત્મિક અનુભવ બનાવવામાં ભારતીય રેલ્વે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. કુંભ મેળામાં હાજરી આપવા માટે આવતા યાત્રાળુઓના આ વિશાળ ધસારાને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલ્વે પશ્ચિમ રેલ્વેના વિવિધ સ્ટેશનો જેમ કે અમદાવાદ, સાબરમતી, મુંબઈ સેન્ટ્રલ, વાપી, વલસાડ, ઉધના, વડોદરા, વિશ્વામિત્રી, ભાવનગર, રાજકોટ, ઈન્દોર વગેરે પરથી 125 ટ્રીપ ખાસ ટ્રેનો ચલાવી રહી છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, કુંભ મેળામાં દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ આવે છે.

આ વિશેષ ટ્રેનો પ્રયાગરાજ તેમજ નજીકના અન્ય રેલ્વે સ્ટેશનો સુધી દોડાવવામાં આવી રહી છે, જેમાં હજારો શ્રદ્ધાળુઓ કુંભ મેળા સુધી પહોંચવા માટે સેવાઓનો લાભ લઈ રહ્યા છે. આજ સુધી, પશ્ચિમ રેલ્વેએ આ કુંભ વિશેષ ટ્રેનો દ્વારા 1.65 લાખથી વધુ શ્રદ્ધાળુઓને લઈ જવામાં આવ્યા છે. શ્રી વિનીતે માહિતી આપી હતી કે કુંભ સ્પેશિયલ ટ્રેનોની 24 ટ્રીપ અમદાવાદ ડિવિઝનથી, 26 ટ્રીપ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનથી, જ્યારે 8 ટ્રીપ ભાવનગર ડિવિઝનથી, 4 ટ્રીપ રાજકોટ ડિવિઝનથી, 2 ટ્રીપ વડોદરા ડિવિઝનથી અને 6 ટ્રીપ રતલામ ડિવિઝનથી ચલાવવામાં આવી રહી છે.

# આર્ટસ કોલેજ મોડાસાના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ મહોત્સવ ઉજવાયો



**રાકેશ મહેતા. ધનસુરા**

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને આર્ટસ કોલેજ મોડાસાના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત 21મી ફેબ્રુઆરી 2025 માતૃભાષા મહોત્સવ ઉજવવામાં આવ્યો.આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે શિક્ષણવિદ શ્રી કિરણભાઈ પટેલ તથા શ્રી જયેન્દ્રભાઈ પંડ્યા એ માતૃભાષાની અનિવાર્યતા ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યા. તેમના વિષયો 'પુસ્તકનું વાંચન' તથા 'માતૃભાષા નું' મહત્વ હતા સમારંભ ના અધ્યક્ષ તથા મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ સાહેબે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા આચાર્યશ્રી ડો. દીપકભાઈ જોશી એ માતૃભાષા વિશે જાણકારી આપી ગુજરાતી વિષયના અધ્યક્ષ ડો. મરીનાબેન ચૌહાણે માતૃભાષા વિશેના પોતાના વિચારો રજૂ કર્યા.ગુજરાતી વિભાગના પ્રા. જી.એમ ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ.ડો.મંજુલાબેન સોલંકી આભાર વિધિ કરી.આર્ટસ અને બી. એડ કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લીધો.

# સ્વામિત્વ યોજનાએ ગ્રામીણ પરિવારો માટે રૂ. 100 લાખ કરોડ મૂલ્યની ધિરાણ છૂટી કરી: ધ ટાઈમ્સ ગ્રુપ ઈટી નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટ 2025માં વડાપ્રધાન મોદી

**(એજન્સી) નવી દિલ્હી । તા. 21**




વેપારીઓ, ઉદ્યોગ સાહસિકો અને વિદેશી મહેમાનોના મેળાવડાને સંબોધન કરતાં સન્માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હોટેલ તાજ પેલેસમાં આયોજત ધ ટાઈમ્સ ગ્રુપ ઈટી નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટ 2025ની 9મી આવૃત્તિમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. તેમને ધ ટાઈમ્સ ગ્રુપના એમડી વિનીત જૈન દ્વારા આવકારવામાં આવ્યા હતા.

વડા પ્રધાને માહિતી આપી હતી કે સરકારની પરિવર્તનકારી સુધારણાઓ આર્થિક ગતિ પ્રેરિત કરી રહી છે અને વેપાર સેન્ટિમેન્ટને ગતિ આપી રહી છે. ''ભારતનો વિકસિત ભારત બનવાના પ્રવાસમાં અમારી સરકાર ખાનગી ક્ષેત્રને મુખ્ય ભાગીદાર તરીકે જોઈ રહી છે,'' એમ તેમણે જણાવ્યું હતું. વડા પ્રધાને યાદ અપાવ્યું કે ગત સમિટમાં પોતે જે પણ વચન આપ્યું હતું તે સર્વ પરિપર્ણ કર્યાં છે અને ધ ગ્લોબલ સમિટનું આ જ મહત્ત્વ છે.

''ભારતની મજબૂત આર્થિક સુધારણા, ખાસ કરીને બેન્કિંગ ક્ષેત્રમાં પરિણામો ઊપજાવી રહી છે. જાહેર ક્ષેત્રની બેન્કોએ એપ્રિલ-ડિસેમ્બર 2024માં રૂ. 1.25 લાખ કરોડનો ઐતિહાસિક નફો નોંધાવ્યો છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ બહેતર બનાવવા માટે અમે સરકારી સંડોવણી ઓછી કરવા અને વેપારો માટે અભિમુખતા ઓછી કરવા ડિરેગ્યુલેશન કમિશન રજૂ કરી રહ્યા છીએ,'' એમ દુનિયાભરમાંથી આવેલા મોવડીઓને તેમણે ખાતરી આપી હતી. તેમણે ઉમેર્યું કે ખાનગી ક્ષેત્ર વિકસિત ભારત માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ''અવકાશ ક્ષેત્ર ખુલ્લું મૂકવાના પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને હવે હું ખાનગી સહભાગ માટે અણુ ઊર્જા ક્ષેત્ર પણ ખુલ્લું મૂકવાની ઘોષણા કરું છું. આને કારણે ખાનગી ક્ષેત્ર રાષ્ટ્રની વૃદ્ધિની ગાથામાં વધુ આક્રમક રીતે ભાગ લેશે,'' એમ તેમણે ઉમેર્યું હતું. ધ ટાઈમ્સ ગ્રુપ ઈટ નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટ 2025 પ્રભાવશાળી આરંભિક સત્ર સાથે શરૂ થયું, જેમાં વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતની ભૂમિકા આસપાસ મહત્ત્વપૂર્ણ વાર્તાલાપ છેડાયો હતો. આગેવાનોએ ઈનોવેશન, ઉદ્યોગ સાહસિકતા અને આત્મનિર્ભરતામાં ભારતની શક્તિ પર ધ્યાન કેન્દ્રિત રીને સમિટની થીમ 'ઈવોલ્વ, ઈમર્જ, એક્સપાન્ડ' અધોરેખિત કરી હતી.

# શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ની ઉજવણી કરવામાં આવી



૨૧ ફેબ્રુઆરી ના રોજ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઉજવાય છે ત્યારે શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ના બાળકો દ્વારા પણ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન નિમિત્તે માતૃભાષા ને સમજવા વિવિધ સ્પીચ રજૂ કરી હતી માતૃભાષા ગુજરાતી એ વિશ્વની સૌથી પ્રિય અને મીઠી ભાષા ગણવામાં આવે છે સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ દ્વારા માતૃભાષાનું મહત્વ સમજાવતા જણાવ્યું કે વિષના મોટાભાગમાં દેશોમાં ગુજરાતી ભાષા બોલવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને ગુજરાતી ભાષાનું અનેરું મહત્વ સમજાવ્યું હતું

# આર્ટસ કોલેજ, મોડાસાના IKS સેન્ટર અને મનોવિજ્ઞાન વિભાગ અને IQAC દ્વારા શ્રીમદ ભગવદ્ ગીતાજી અને માનસિક સ્વાસ્થ્ય વિષય પર સેમિનાર યોજાયું

**રાકેશ મહેતા. ધનસુરા**



આર્ટ્સ કૉલેજ મોડાસા IKS અને મનોવિજ્ઞાન વિભાગ શ્રીમદભગવદ્ ગીતાજી અને માનસિક સ્વાસ્થ્ય વિષય પર સેમિનાર આયોજન કરવામાં આવ્યું હતું . સેમિનાર માં મુખ્ય વકતા ડૉ રાકેશભાઈ પ્રજાપતિ એ વિધાર્થીઓને અને અધ્યાપકો ને શ્રીમદભગવદ્ ગીતા જીના સંદર્ભ મા માનિસક સ્વાસ્થ્ય વિશે માહિતી પૂરી પાડી. આ સેમિનાર માં કુલ ૨૨૫ વિધાર્થીઓ અને ૨૩ અધ્યાપકો એ ભાગ લીધો હતો. મુખ્ય અતિથિ તરીકે કોલેજના આચાર્ય શ્રી ડૉ દીપકભાઈ એચ જોશી એ સ્થાન શોભાવ્યું હતું અને સ્વાગત પ્રવચન કર્યું હતું અને મુખ્ય વકતા નું પરિચય આપ્યો હતો . કાર્યક્રમ નું સંચાલન ડૉ.મયુરભાઈ સોલંકી એ કર્યું હતું અને કાર્યક્રમ નું આયોજન ડૉ એમ. એ.કઠિયારા દ્વારા કરવામાં આવ્યું હતું .કાર્યક્રમ ના અંતે ડૉ ગિરીશભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી . સુંદર કાર્યક્રમ કરવા બદલ મંડળ ના પ્રમુખ શ્રી મહેન્દ્ર વી. શાહે સાથે હોદ્દેદારો એ શુભકામનાઓ પાઠવી હતી.

# અમરેલી અને ધારી તાલુકામાં વોટરશેડ યાત્રા યોજાઈ : જમીન અને જળ સંરક્ષણ માટે આહ્વાન

**કિશોર આર. સોલંકી જાફરાબાદ**



અમરેલી જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા અમલી પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના ડબલ્યુ.ડી.સી. ૨.૦ હેઠળ અમરેલીના મોટા ભંડારીયા અને સણોસરા ઉપરાંત ધારી તાલુકાના ભાડેર તેમજ ડાંગાવદર ગામે વોટરશેડ યાત્રા યોજાઈ હતી. કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત વોટરશેડ યાત્રાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમરેલીની ઉપસ્થિતિમાં યોજાયેલ આ યાત્રામાં ગ્રામજનો પણ જોડાયા હતા. જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેનશ્રીએ વોટરશેડને લગતી વિગતો જણાવી હતી.આ કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકો સાથે જળ સંચય, જળ સંગ્રહ તથા પર્યાવરણ બચાવવા અંગેની જાગૃત્તિ લાવવા ચિત્ર સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધા યોજાઇ હતી. સ્વસહાય જૂથના બહેનોએ રંગોળી સ્પર્ધામાં ભાગ લીધો હતો. યાત્રામાં જોડાયેલ ખેડૂતો, ગ્રામજનોએ જમીન અને જળ સંરક્ષણની પ્રતિજ્ઞા લીધઈ હતી. વોટરશેડ યાત્રા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેનશ્રી, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી, તાલુકા પંચાયત ન્યાય સમિતિના ચેરમેનશ્રી, જળસ્ત્રાવ વિકાસ સમિતિના સભ્યશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી, કર્મચારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તેમ અમરેલી જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પશ્ચિમ રેલ્વેની કેટલીક ટ્રેનો પ્રભાવિત

**(એજન્સી) અમદાવાદ । તા. 21**

પશ્ચિમ રેલ્વેની કેટલીક ટ્રેનોને અસર થશે, જેની વિગતો નીચે મુજબ છે. જેની વિગતો નીચે મુજબ છે:-

રદ થનારી ટ્રેનો :-

1. 22 થી 26 ફેબ્રુઆરી 2025 સુધી અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર 19483 અમદાવાદ-બરૌની એક્સપ્રેસ રદ રહેશે.
2. 24 થી 28 ફેબ્રુઆરી 2025 સુધી બરૌનીથી ચાલતી ટ્રેન નંબર 19484 બરૌની-અમદાવાદ એક્સપ્રેસ રદ રહેશે.
3. 25 ફેબ્રુઆરી 2025 ના રોજ અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર 19489 અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ રદ રહેશે.
4. 26 ફેબ્રુઆરી 2025ના રોજ ગોરખપુરથી ચાલતી ટ્રેન નંબર 19490 ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ રદ રહેશે.
5. 26 ફેબ્રુઆરી 2025 ના રોજ અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર 12947 અમદાવાદ-પટના એક્સપ્રેસ રદ રહેશે.
6. 28 ફેબ્રુઆરી 2025 ના રોજ પટનાથી ચાલતી ટ્રેન નંબર 12948 પટના-અમદાવાદ એક્સપ્રેસ રદ રહેશે.
7. 25 ફેબ્રુઆરી 2025 ના રોજ એકતા નગરથી ચાલતી ટ્રેન નંબર 20903 એકતા નગર-વારાણસી એક્સપ્રેસ રદ રહેશે.
8. 27 ફેબ્રુઆરી 2025 ના રોજ વારાણસી થી ચાલતી ટ્રેન નંબર 20904 વારાણસી-એકતા નગર એક્સપ્રેસ રદ રહેશે.
9. 25 ફેબ્રુઆરી 2025 ના રોજ ભાવનગરથી ચાલતી ટ્રેન નંબર 12941 ભાવનગર-આસનસોલ એક્સપ્રેસ રદ રહેશે.
10. 27 ફેબ્રુઆરી 2025 ના રોજ આસનસોલથી ચાલતી ટ્રેન નંબર 12942 આસનસોલ-ભાવનગર એક્સપ્રેસ રદ રહેશે.

ડાયવર્ટ કરાયેલી ટ્રેન :-

26 ફેબ્રુઆરી 2025 ના રોજ, દરભંગાથી ચાલતી ટ્રેન નંબર 15559 તેના નિર્ધારિત માર્ગ વારાણસી-પ્રયાગરાજ-માણિકપુર-બીનાને બદલે ડાયવર્ટ માર્ગ વાયા વારાણસી-લખનૌ-કાનપુર સેન્ટ્રલ-વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી-બીના ના માર્ગે ચાલશે

રેલ્વે મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www. enquiry. indianrail.gov. in ની મુલાકાત લે જેથી કોઈ અસુવિધા ન થાય.

# આઈટીસીએક્સ 2025- ભારતના સૌથી વિશાળ મંદિર સંમેલનમાં મંદિર વ્યવસ્થાપનના ભવિષ્યને આકાર અપાશે

## તિરુપતિમાં 1500થી વધુ મંદિરોના પ્રતિનિધિ, રાજકીય નેતાઓ અને ધર્મગુરુઓ એકત્ર થયા

**(એજન્સી) તિરુપતિ । તા. 21**



તિરુપતિના આધ્યાત્મિક હાર્દમાં આયોજિત ઈન્ટરનેશનલ ટેમ્પલ્સ કન્વેન્શન એન્ડ એક્સપો (આઈટીસીએક્સ) 2025 મંદિર વ્યવસ્થાપન પર ભારતનો સૌથી વિશાળ અને સૌથી પ્રભાવશાળી મેળાવડો બની રહ્યો, જેમાં હિંદુ, શીખ, બુદ્ધ અને જૈન ધર્મના ધર્મગુરુઓ, 1500થી વધુ મંદિરના પ્રતિનિધિઓ, માનવંતા રાજકીય નેતાઓ હાજર રહ્યા હતા.

સન્માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત 2047ના ધ્યેયમાં મૂલ્યનો ઉમેરો કરતાં આ કાર્યક્રમ સનાતન ધર્મનાં સમકાલીન મૂલ્યો પર ભાર આપવાસાથે મંદિર શાસન, સક્ષમતા અને ટેકનોલોજિકલ અખંડતાના ભવિષ્યને આકાર આપવા માટે પરિવર્તન મંચ તરીકે સાબિત થયું હતું. મંદિરન સ્વાયત્તતા, સ્માર્ટ મંદિર મધ્યેય અને વૈશ્વિક ઉત્તમ વ્યવહારો પર વિચારપ્રેરક ચર્ચા સાથે આઈટીસીએક્સ 2025એ ધર્મ, સંસ્કૃતિ અને સામાજિક પ્રગતિનાં હાર્દ તરીકે મંદિરોની નવી કલ્પનામાં નવું સીમાચિહન સ્થાપિત કર્યું છે. આઈટીસીએક્સ અને ટેમ્પલ કનેક્ટના સંસ્થાપક ગિરેશ કુલકર્ણી અને મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં ચીફ વ્હિપ અને આઈટીસીએક્સના ચેરમેન પ્રસાદ લાડના પ્રયાસથી આયોજિત આ મંચે મોટી અસર દર્શાવી છે. મંદિરના આગેવાનો માટે હિંદુ સમાજના શક્તિકેન્દ્ર તરીકે મંદિરોની પુનઃશોધ માટે નવી ક્ષિતિજો ખોલી નાખી છે. ભારતની મંદિર અર્થવ્યવસ્થા રૂ. 4-5 લાખ કરોડની હોઈ તે કોઈ પણ મોટા વૈશ્વિક ઉદ્યોગ સાથે તુલના ધરાવે છે તે જોતાં તબીબી સહાય, શિક્ષણ, સ્વાસ્થ્ય સંભાળ અને લંગરો થકી મોટે પાયે ખાદ્ય વિતરણ થકી જ્યાં સમુદાયોને સીધો લાભ કરાવતાં સામાન્ય લોકોનાં દાન જમા થાય તે વ્યાવસાયિક સંસ્થાઓ તરીકે મંદિરોએ સંચાલન કરવાની જરૂર પર ચર્ચાવિચારણામાં ભાર આપવામાં આવ્યો હતો. બીજી આવૃત્તિમાં આઈટીસીએક્સે મંદિર વ્યવસ્થાપનને નવો આકાર આપવા માટે પ્રેરકબળ તરીકે તેની ભૂમિકા મજબૂત બનાવી દીધી છે.

સન્માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરાહના પત્રમાં જણાવ્યું છે કે, ''આઈટીસીએક્સ વૈશ્વિક સ્તરે મંદિરોની વૈવિધ્યતામાં અંતર્ગત એકતા પ્રદર્શિત કરે છે અને એક રીતે તે વસુધૈવ કુટુંબકમના જોશની ઉજવણી છે. 21મી સદી જ્ઞાન પ્રેરિત સમાજની છે. ખાસ કરીને આ પરિપ્રેક્ષ્યમાં ટેમ્પલ કનેક્ટના વધુ મહત્ત્વ પ્રાપ્ત કરવા આ સમૃદ્ધ વારસાને દસ્તાવેજિત કરવા, ડિજિટાઈઝ અને શૅર કરવા માટે પ્રયાસો કરાયા છે તે સરાહનીય છે.'' પ્રથમ દિવસે મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસ, આંધ્રના એન ચંદ્રાબાબુ નાયડુ અને ગોવાના પ્રમોદ સાવંત પહેલી વાર એક મંચ પર આવ્યા હતા. ઉપરાંત કેન્દ્રીય મંત્રી શ્રીપાદ નાઈક પણ હાજર હતા. બીજા દિવસે તામિલનાડુ ભાજપ રાજ્ય પ્રમુખ કે અન્નામલાઈ, વિશ્વ હિંદુ પરિષદના મહામંત્રી મિલિંદ પરાંદેએ હિંદુ મંદિરોને સરકારી નિયંત્રણમાંથી છૂટું કરવા પર ભાર આપ્યો હતો. અંતિમ દિવસે નર લોકેશે જણાવ્યું કે, '' વિચારકોને લાવવા, વિચારો અને ઉત્તમ વ્યવહારોનું આદાનપ્રદાન કરવા માટે આઈટીસીએક્સ જેવા વિશ્વ કક્ષાના સંમેલનો યોજવા માટે આપણે બધાએ એકત્ર આવવાનો સમય આવી ગયો છે. આપણે એવા યુગમાં વસવાટ કરીએ છીએ ઘાં આપણે સ્પાઈડરમેન, સુપરમેન અને એવેન્જર્સ વિશે વાત કરીએ છીએ.

# ઘરે બનાવો મેકઅપ રીમુવર, તો આ સરળ ટિપ્સ અજમાવી જુઓ

સુંદર દેખાવુ કોને ન ગમે એમાં ખાસ મહિલાઓને સુંદર દેખાવુ હંમેશા ગમતુ હોય છે. ઓફિસમાં જતી મહિલા, તહેવારોમાં કે બહાર ક્યાંક ગેટ ટુ ગેધર હોય તે હંમેશા મેકઅપ પર ધ્યાન આપતી હોય છે. પરંતુ તે ક્યારેક તે મેકઅપ રિમુવ કરવા માટે એટલે કે તે મેકઅપને કાઢવા માટે મુંઝવણમાં હોય છે. કેટલીક સરળ ટ્રીક જાણીએ કે તેનાથી તમે તે મેકઅપને સારી રીતે રિમુવ કરી શકશો. મેકઅપને હટાવવુ નેચરલ વસ્તુઓનો ઉપયોગ કરવો એક સરળ રીત માનવામાં આવે છે. ઘરે બનાવેલા રિમુવરથી પૈસાની બચત પણ થઈ શકે છે. તેના સાથે ત્વચા સ્વસ્થ અને ચમકતી રહેશે નિયમિત રીતે મેકઅપનો ઉપયોગ કરનારા લોકો કેમિકલયુક્ત ઉત્પાદનોનો સહારો લેતા હોય છે. જેનાથી ઘણીવાર ઘણા લોકોને ત્વચા પર ઘણી આડઅસરો થતી હોય છે. કેમિકલ આધારિત મેકઅપ રિમુવરનો ઉપયોગ કરતા હોય છે. જેનાથી ઘણીવાર ત્વચા શુષ્ક થઈ જાય છે. આ જ કારણ છે કે લોકોની ત્વચા પર ખીલ થવાની સમસ્યાઓ શરુ થઈ જાય છે, એટલે જ જો તમારે મેકઅપ હટાવવા માટે કુદરતી




## મેકઅપ હટાવવા માટે ઘરેલુ ઉપાયો

### બેબી ઓઈલ શ્રેષ્ઠ રીત



બેબી ઓઈલને મેકઅપ કાઢવા માટે બેસ્ટ ઓપશન માનવામાં આવે છે. બાળકો માટે બનાવેલા ઉત્પાદનોમાં લગભગ કોઈ પ્રકારના કેમિકલ્સ નથી હોતા, જેના લીધે તે તમારી ત્વચાને સંભાળવામાં મદદ કરશે ત્વચા નરમ રહેશે.

### કાચુ દૂધ શ્રેષ્ઠ રીત



ઠંડા કાચા દૂધનો ઉપયોગ મેકઅપ હટાવવા માટે કરી શકાય છે. તેના લીધે તમે થોડા કોટન એટલે કે રુ. એક નાની વાટકીમાં દૂધ ઉમેરી તેમાં બોળી દો અને હવે તે રુના નાના બોલની મદદથી તમારી ત્વચાનો મેકઅપ પ્રોડક્ટ્સને દૂર કરી શકો છો.

### નાળિયેર તેલ શ્રેષ્ઠ રીત



તેની મદદથી વોટરપ્રુફ મેકઅપ પણ તમે આરામથી કાઢી શકો છો. તેના માટે ચહેરા પર મસાજ કરતા તેને લગાવો અને થોડીવાર માટે એમ જ રહેવા દો તેના પછી તમે ટુવાલના મદદથી તેને હટાવી સાફ કરી લો અને હુંફાળા પાણીથી ચહેરો સાફ કરી લો.

### એલોવેરા જેલનો ઉપયોગ



એલોવેરા જેન દરેક પ્રકારની ત્વચા માટે ફાયદાકારક હોય છે, તેનો ઉપયોગ મેકઅપ હટાવવા માટે કરો છો તો મેકઅપ દૂર કર્યા સિવાય બીજી ઘણી બધી સમસ્યાઓમાંથી છુટકારો મેળવી શકો છો તમે ડર્યા વગર આંખોનો મેકઅપ પણ રિમુવ કરી શકો છો.

# રસોડામાં રાખેલી આ વસ્તુ કોઇ દવાથી કમ નથી ડાયાબિટીસ અને હૃદય રોગ માટે છે રામબાણ

ભારત હંમેશા તેના મસાલા અને આયુર્વેદ માટે જાણીતું છે. હજારો વર્ષોથી, સૌથી ગંભીર રોગોની સારવાર પણ આયુર્વેદ દ્વારા કરવામાં આવે છે. આજે ભલે આધુનિક વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી હોય, પણ ભારતીય આયુર્વેદની પ્રાસંગિકતા યથાવત છે. આજે પણ ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઘણા લોકો આયુર્વેદમાં આસ્થા ધરાવે છે. ભારતીય ભોજનમાં ગરમ મસાલાનું પોતાનું આગવું સ્થાન છે. આ ખાવાનો સ્વાદ તો વધારે છે પણ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. આવો જ એક મસાલો છે તજ. જેનો ઉપયોગ ખોરાકનો સ્વાદ અને સુગંધ વધારવા માટે ભારત સહિત સમગ્ર વિશ્વમાં થાય છે. આ એક ખૂબ જ ઉપયોગી મસાલો છે. આ જ કારણ છે કે પ્રાચીન સમયમાં લોકો તેનો ચલણ તરીકે ઉપયોગ કરતા હતા. તાવ,સોજા માટે તજની છાલનો ઉપયોગ ઉત્તમ- તજના ઝાડની છાલનો ઉપયોગ મસાલા તરીકે થાય છે. ભારતમાં હજારો વર્ષોથી તેનો ઉપયોગ તાવ, સોજો અને સામાન્ય શરદીમાં રાહત આપવા માટે કરવામાં



આવે છે. આ તમારા ઘરની નજીકની કોઈપણ કરિયાણાની દુકાનમાં સરળતાથી મળી શકે છે. તમે તેનો ઉપયોગ પાવડર, ચાa અને તેલના રૂપમાં કરી શકો છો. તજમાં ઘણા ફાયદાકારક તત્વો જોવા મળે છે- તજમાં એન્ટિ-વાયરલ ગુણ હોય છે. ઘણા સંશોધનો દર્શાવે છે કે તજ ફ્લૂ અને ડેન્ગ્યુ જેવા વાયરસ સામે રક્ષણ આપવામાં મદદ કરે છે. તજમાં હાજર પોલીફેનોલ્સ જેવા એન્ટીઓક્સીડેન્ટ બળતરા ઘટાડવામાં મદદ કરે છે. તજમાં હાજર કુમરિન, સિનામિક એસિડ, યુજેનોલ અને સિનામાલ્ડીહાઇડ જેવા છોડના સંયોજનો બળતરા વિરોધી, એન્ટીઑક્સિડન્ટ અને ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં ખૂબ અસરકારક છે. તજમાં પોલિફેનોલ્સ નામનું એક ખાસ પ્લાન્ટ સંયોજન હોય છે, જે શક્તિશાળી એન્ટીઑક્સિડન્ટ તરીકે કામ કરે છે. એન્ટિઓક્સિડન્ટ્સ આપણા શરીરને ફ્રી રેડિકલ્સથી થતા નુકસાનથી બચાવે છે, જે શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારે છે અને વૃદ્ધત્વની પ્રક્રિયાને ધીમી કરે છે. તેના ઉપયોગથી શુગર અને હાર્ટ જેવી ગંભીર બીમારીઓને પણ કંટ્રોલ કરી શકાય છે. શુગર નિયંત્રણ કરવા માટે 6 ગ્રામ તજનું સેવન કરો- જો કોઈ વ્યક્તિ બ્લડ સુગરની સમસ્યાથી પીડિત હોય. આવી સ્થિતિમાં, તેને નિયંત્રિત કરવા માટે, તમે દરરોજ 6 ગ્રામ તજનું સેવન કરી શકો છો. તજનું નિયમિત સેવન કરવાથી બ્લડ સુગરનું પ્રમાણ ઘટી શકે છે. તે શરીરમાં ઈન્સ્યુલિનની સંવેદનશીલતા પણ વધારી શકે છે. જેના કારણે વધેલી શુગરને કંટ્રોલ કરવામાં સરળતા રહે છે.

# કિડનીના સ્વાસ્થ્ય માટે સૌથી ખરાબ છે પાંચ વસ્તુ, પહોંચાડે છે નુકસાન

શરીરને હેલ્ધી રાખવા માટે બોડીના બાકીના અંગોનું સ્વસ્થ રહેવું જરૂરી છે. હાર્ટ, લિવર, ફેફસાની જેમ કિડનીને પણ સ્વસ્થ રાખવી જરૂરી છે. તે શરીરનું ફિલ્ટર હોય છે, જે બોડીના ટોક્સિન્સને બહાર કાઢે છે. તે શરીરમાં લોહીને ફિલ્ટર કરે છે અને ઈલેક્ટ્રોલાઈટ્સને બેલેન્સ કરવામાં મદદ કરે છે. કિડનીને સ્વસ્થ રાખવા માટે હેલ્ધી ભોજન ખુબ જરૂરી છે. જો તમે ભોજનમાં ખોટી વસ્તુને સામેલ કરો છો તો કિડની સાથે જોડાયેલી બીમારીના શિકાર બની શકો છો. અહીં તમને પાંચ એવી વસ્તુ વિશે જણાવી રહ્યાં છીએ જેનાથી તમારે દૂર રહેવું જોઈએ.

**કેળા |** કેળામાં પોટેશિયમની માત્રા વધુ હોય છે. પરંતુ તેમાં સોડિયમની માત્રા ઓછી હોય છે. પરંતુ કિડનીની સમસ્યાથી બચવા માટે કેળાને દરરોજ ભોજનમાં સામેલ કરવાથી બચવું જોઈએ.

**ફ્રાઇડ પોટેટો |** જો તમને ચિપ્સ જેવા પેકેટ ખાવ છો કો ફ્રેન્ચ ફ્રાઈસ ખાવાનું પસંદ કરો છો તો તે તમારી કિડની માટે સારૂ નથી. કિડની સાથે જોડાયેલી સમસ્યાથી બચવા માટે તળેલી વસ્તુ ખાવાથી બચો. જો તમને કિડનીની કોઈ બામારી છે તો બટાટા ખાવાથી બચો કારણ કે તેમાં પોટેશિયમની માત્રા વધુ હોય છે, જે કિડની માટે સારૂ નથી.

**કેફીનવાળી વસ્તુ |** કોફી, ચા, સોડા જેવી વસ્તુમાં કેફીન હોય છે, જે કિડની પર દબાવ નાખે છે. કેફીન બ્લડ ફ્લો, બ્લડ પ્રેશર અને કિડની પર તણાવ વધારે છે. વધુ કેફીન લેવાથી કિડનીમાં પથરીની સમસ્યા થઈ શકે છે.

**નમક |** સોડિયમની વધુ માત્રાથી બ્લડપ્રેશર વધે છે, જેના કારણે કિડની પર દબાવ પડે છે. ડબ્બાબંધ સૂપ, પ્રોસેસ્ડ મીટ, સોસ, પિઝ્ઝા, કેચઅપ, બીબીક્યૂ સોસ, સોયા સોસ, અથાણા જેવી વસ્તુમાં નમકની માત્રા વધુ હોય છે.

**સોડા |** સોડામાં ખાંડની માત્રા વધુ હોય છે અને તેનામાં પોષણ મૂલ્ય નામના હોય છે. દરરોજ બે કે વધુ કાર્બોનેટેડ સોડા પીવાથી કિડની સાથે જોડાયેલી સમસ્યા થઈ શકે છે. કાર્બોનેટેડ અને એનર્જી ડ્રિંક બંનેમાં પથરી થવાનો ખતરો રહે છે.

# આધુનિક ભારતનો માણસ કુલ કમાણીનો 50મો હિસ્સો મનોરંજન પાછળ ખર્ચ કરે છે

ભારતની વાત કરીએ તો સામન્ય માણસનું મનોરંજન એટલે “સેક્સ,ફિલ્મ, ભોજન,ગોસીપ, પ્રવાસ,શોપિંગ, ફેશન વગેરે વગેરે વગેરે.આધુનિક માણસ એક ની એક ચીજ વસ્તુઓથી,જગ્યાથી કે માણસ ની કંપનીથી જલ્દી કંટાળી જતો હોય છે.આધુનિક ટેક્નોલોજી એ માણસ ની આંખ ને નિત્ય અવ નવું તદ્દન અલગ નિહાળવાની આદત પાડી દીધી છે. દિલ વાલે દુલ્હનિયા લે જાયેંગે, શોલે અને મોગલે આઝમ વગેરે મુવીને જે તે સમય એ લોકો એ સુપર ડુપર હિટ બનાવી દીધી હતી. આ બધી મૂવી ભારત માં મોબાઈલ ની એન્ટ્રી થતા પહેલા ની છે એટલે ૨૦૦૦ વર્ષ શરૂ થતા પહેલા વધારે સક્સેસ કમાવી શકી હતી.ત્યારે થિયેટર માં મૂવી અને ઘરમાં ટીવી પર આવતા મનોરંજન કાર્યક્રમો જ લોકો નું મુખ્ય આકર્ષણ હતું. વર્તમાન માં મજૂર થી લઈને અબજોપતિ ના હાથમાં રમતા એક વેંત કરતા નાના મોબાઈલ ભારતીયોનું મુખ્ય મનોરંજન બની ચૂક્યું છે.મોટાભાગે લોકો ફ્રી ટાઈમ એકબીજા સાથે વિતાવવાના સમયે પોતપોતાના મોબાઈલમાં વ્યસ્ત થઈ વિતાવતા હોય છે.



- રુપાલી દવે

આધુનિક ભારત નો માણસ એની કુલ કમાણીનો પચાસ મો હિસ્સો એન્ટરટેનમેન્ટ એટલે કે મનોરંજન પાછળ ખર્ચ કરે છે. મોંઘવારી ના નામે લોકો રોકકળ કરતા હોય છે પરંતુ મિડલ ક્લાસમાં બ્રાન્ડેડ કપડા, રેસ્ટોરન્ટ,મોલ વેકેશન ટૂર વગેરે વગેરે નું ચલણ વધ્યું છે. વિક એન્ડ માં પરિવાર કે ભાઈબંધો સાથે લોંગ ડ્રાઇવ સાથે ફૂડ એન્જોય કરવાનું ચલણ વધ્યું છે. લોકો એની કમાણી પોતાના શોખ માટે ખર્ચ કરતા વિચારતા નથી.ભવિષ્ય નું શું? આ વિશે વર્તમાન જનરેશન ને ખાસ ચિંતા નથી હોતી.સમય ની સાથે ચાલીને લાઈફ ને ભરપુર એન્જોય કરવી જરૂરી છે.

વર્તમાન સમયની ફાસ્ટ લાઈફ નાના નાસમજ બાળકો પણ “એન્ટરટેઈનમેન્ટ” મોબાઈલ ની અંદર શોધી ને એન્જોય કરતા હોય છે. સામાન્ય રીતે તમે પાર્ક,રેસ્ટોરન્ટ કે મૂવી થિયેટર માં મમ્મી ઓ સાથે આવેલ નાનકડા અમુક મહિના કે વર્ષના બાળકોને ધ્યાન થી નિહાળશો તો સમજાશે કે એ મોબાઈલ માં ચાલતા કાર્ટૂન ની વર્તણૂક નિહાળી ને સહેજ સ્મિત,હસવું, ખડખડાટ હસવું ત્રણેય પ્રકારના એન્ટરટાઈન મેન્ટ ના ભાવ દર્શાવતા હોય છે.જ્યારે બાળકો મોબાઈલ નિહાળવામાં મગ્ન બની ગયા હોય ને અચાનક મનોરંજન કાર્યક્રમ માંથી ફ્રી થતા મમ્મીઓ બાળકની સામેથી જેવો મોબાઈલ દૂર કરે એ ભેગા બાળકોના ભેંકડા મોટેમોટેથી શરૂ થઈ જતા હોય છે.આધુનિક બાળક જન્મતા ની સાથેજ એન્ટરટેઈન મેંટ.એન્ટરટેઈન મેંટએન્ટરટેઈન મેંટ..આ ત્રણ શબ્દો મસ્ત શીખી જતા હોય છે.

સમય ને પણ બદલતા સમય સાથે મનોરંજન ની ખાસ થિયરી માં ફિટ થઈ જવું પસંદ હોય છે.આજ થી ત્રીસ વર્ષ પહેલા ના ભારતના લોકોની રહેણીકરણી અને વિચારસરણી વિશે વાત કરીએ લકઝરી નો અર્થ શું? ત્યારે લોકોનું સપનું શું હતું? ખુદનું નાનકડું ટેનામેંટ, ટેનામેંટની અંદર બેઠક ખંડ મા બે ચાર પાય,ફ્રીઝ,ટીવી અને પંખા લોકોની લકઝરી હતી.રેડિયોનો યુગ પૂરો થતા ટીવી એ ઘરે ઘરે પ્રવેશ કર્યો હતો.શનિ રવિ માં ટીવી પર આવતી મનોરંજન ના નામે ધાર્મિક સીરિયલ અને મૂવી માં પરિવારના સભ્યો ખુબ હતા. બોલતાં પણ હતા કે ટીવી ની શોધ કરનાર ને લાખો આશીર્વાદ.બીજું મોરંજન પ્રત્યેક વીસ બાવીસ વર્ષ ના યુવાનનું મનગમતી ઈચ્છા સુશીલ,સુંદર અને મારી બા કરતા પણ વધારે સ્વાદિષ્ટ રસોઈ બનાવી શકે એવી ઘર રખુ પત્ની મળી જાય. વીક એન્ડ અને વાર તહેવારે પત્ની ના હાથે બનેલ સ્વાદિષ્ટ ભોજન દાળ,ભાત,શાક,કઠોળ,પૂરી, મીઠાઈ, ફરસાણ સલાડ મળી જાય તો સ્વર્ગ સમાન હતું. ઘરે દીકરા નો જન્મ ના સમાચાર મળતા ત્યારે તો એ વખત નો માણસ ભાન ગુમાવી બેઠતો હતો,

પહેલું સુખ તે જાતે નર્યા,બીજું સુખ તે ઘેર દીકરા, ત્રીજું સુખ તે ગુણવંતી નાર,ચોથું સુખ તે ભરેલા ભંડાર

ત્યારે લોકોનું મન પસંદ મનોરંજન બની શકે એટલી વધારે નોકરી,ધંધા માંથી ભવિષ્ય માટે રૂપિયા બચાવી ને બેંક ફડી કરાવવી. કમાણી ના પચાસ ટકા ઘર પરિવાર અને બાળકો નું શિક્ષણ અને પચાસ ટકા બેંક ફડી માં રોકાણ કરતા હતા. કેવી રીતે? ત્યારે શિક્ષણ નો ખર્ચ નહતો અને મોબાઈલ નો આવિષ્કાર ભારત માં થયો નહતો.

એન્ટરટેઈન મેંટએન્ટરટેઈન મેંટ. એન્ટરટેઈન મેંટ

આધુનિક યુગ ને વિદ્યા બાલનની ફિલ્મ “ડર્ટી પિક્ચર” નો આ ડાયલોગ વધારે પસંદ છે.લાઈફ ને એની “લાઈફ સ્ટાઈલ” માં જીવવું વધારે પસંદ હોય છે અને લાઈફ એ સ્મનોરંજન..મનોરંજનમનોરંજન.. વગર જીવવી શક્ય નથી.પેજર ની દુનિયા ને માત આપીને મોબાઈલની રંગીન દુનિયા માં એન્ટ્રી થતા માણસ ની આંખ ને “સેક્સ” કરતા પણ વધારે મનોરંજન ની અપેક્ષાઓ છે.જો યુવાન છોકરા છોકરીઓ ને “sex” માં રસ હોય તો લગ્ન સબંધો માં ડિવોર્સ ઓછા થતા હોત અને યુવક યુવતીઓ લગ્ન માટે ઉત્સુક રહેતા હોત.

**આધુનિક ભારતનો માણસ એની કુલ કમાણીનો પચાસ મો હિસ્સો એન્ટરટેનમેન્ટ એટલે કે મનોરંજન પાછળ ખર્ચ કરે છે. મોંઘવારી ના નામે લોકો રોકકળ કરતા હોય છે પરંતુ મિડલ ક્લાસમાં બ્રાન્ડેડ કપડા, રેસ્ટોરન્ટ,મોલ વેકેશન ટૂર વગેરે વગેરે નું ચલણ વધ્યું છે. વિક એન્ડ માં પરિવાર કે ભાઈબંધો સાથે લોંગ ડ્રાઇવ સાથે ફૂડ એન્જોય કરવાનું ચલણ વધ્યું છે. લોકો એની કમાણી પોતાના શોખ માટે ખર્ચ કરતા વિચારતા નથી.ભવિષ્ય નું શું? આ વિશે વર્તમાન જનરેશન ને ખાસ ચિંતા નથી હોતી. સમય ની સાથે ચાલીને લાઇફ ને ભરપુર એન્જોય કરવી જરૂરી છે.**

વર્તમાન સમયમાં યુવક યુવતીઓ લગ્ન સબંધ માટે ઉદાસી રાખતા હોય છે.આગામી દસ વર્ષ દરમિયાન કુંવારાની સંખ્યામાં વધારો થયો છે,કેમ?

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ fb, insta, યુ ટ્યુબ વગેરે માં મનપસંદ મનોરંજન નો રસથાળ જેટલો અને જેટલા સમય નિહાળવો હોય એટલો જોયા કરો.સોશિયલ મીડિયામાં એપ પર નિયમિતપણે દેખાતી ગ્લેમ ગર્લ અંગ ઉપાંગો નું પ્રદર્શન કરતા પબ્લિક શો કર્યા કરતી હોય છે. પુષ્પા ૨ ફિલ્મની અધધધ કમાણી સાથે બમ્પર સુપર હિટ વિશે વાંચ્યું અને સાંભળ્યું ત્યારે થયું કે મૂવી માં કઈક તો એવો મસાલો હશે જેથી ઓડિયન્સ ને ખુબ પસંદ પડી છે. પુષ્પા ૨ મૂવી માટે અલગ અલગ એજ ગ્રુપ ના અલગ અલગ ઓપિનિયન જોતા આશ્ચર્ય થયું. વીસ થી ૩૫૦ વર્ષ એજ ના ગ્રુપનો ઓપીનીયન વન ટાઈમ મૂવી જોઈ શકાય એવું ઠીકઠાક છે. ૪૦ થી ૫૦ વર્ષ એજ ગ્રુપ નો ઓપીનીયન સરસ મૂવી છે પણ પુષ્પા ૧ જેવું ચેર ને મજબૂતી થી ઝકડી રાખે એવું પુષ્પા ૨ નથી.૫૦ થી ઓનવર્ડ એજ વાળા નો ઓપીનીયન પુષ્પા ૧ કરતા પુષ્પા ૨ સુપર ડુપર હિટ મૂવી છે,પૂછ્યું કેમ?

“સ્વામી ફિલિંગ જાગ જતા હૈ” બ્લેક & વાઈટ અને રંગીન મૂવી ની શરૂઆત જોઈને યુવાન થયેલ લોકોનું મુખ્ય આકર્ષણ હશે આના લીધેજ મૂવી સુપર ડુપર હિટ થઈ હશે.. ૬૦,૭૦tis માં રેડિયો અને ફિલ્મો સિવાઈ અન્ય મનોરંજન ના અભાવના લીધે સેક્સ પ્રત્યે આકર્ષણ વધારે હતું.

આધુનિક મોર્ડન જનરેશન નું અન્ય વિષયો થી કોર્નર થઈને કેરિયર પર ફોક્સ વધારે હોય છે.મોટાભાગે દેશી મૂવી અને મ્યુઝિક ના બદલે વિદેશી મૂવી અને મ્યુઝિક વધારે પસંદ કરતા હોય છે.

જ્યારે ભારત માં સોશિયલ મીડિયા કે ટીવી નું પદાર્પણ થયું નહતું થયું ત્યારે લોકો બુધવારની કાગડોળે રાહ જોતા હતા.રેડિયો એંકર અમીન શયાની “બહેનો ઔર ભાઈઓ મે બિનાકા ગીત માલા” આવતા ભેગા યુવાનો થી લઈને વયો વૃદ્ધ વડીલો પણ કાન ધરી ને નવા જુના સોંગ ની મજા માણતા હતા.જો ભૂલથી ફેવરિટ સોંગ રેડિયો પર ભૂલથી વાગી ગયું તો સમજો “યાર બિના ચેન કહા રે પ્યાર બિના ચેન કહા રે.. સોના નહી ચાંદી નહી યાર ચાહીએ..પ્યાર ચાહીએ..” સાહેબ ફિલ્મ નું અનિલ કપૂર અને અમૃતા સિંહ નું સોંગ સાંભળતા જ એવું ફીલ થતું હતું કે નજર સામે મૂવી ચાલી રહ્યું છે.૮૦ થી ૯૦ tis ની ફિલ્મોમાં લાઉડ મ્યુઝિક અને ડિસ્કો ડાન્સ ની એન્ટ્રી થઇ હતી. એવું નથી કે ૬૦,૭૦tis ની ફિલ્મો માં ડાન્સ કે મ્યુઝિક ધીમું બોરિંગ હતુ,વર્તમાન સમયમાં પણ ૬૦,૭૦tis ની ફિલ્મો નું મ્યુઝિક સોંગ રિ મેક્સ વર્ઝન માં સાંભળી શકાય છે.૬૦,૭૦tis નો ગાળો રેટ્રો સોંગ મ્યુઝિક નો હતો. “મૂડ મૂડ કે ન દેખ મૂડ મૂડ કે” .”લેકે પહેલા પહેલા પ્યાર ભરકે આંખો..”..”એક ઘર બનાઉંગા તેરે ઘર કે સામને..”..”મેરા જૂતા હૈ જાપાની યે પતલૂન હિન્દુસ્તાની સર પે લાલ..” વગરે વગરે સોંગ પ્રત્યે લોકોનું ખાસ આકર્ષણ હતું.

લાસ્ટ નોટ લિસ્ટ “આનંદ કભી મરતા નહિ મરને કે બાદ ભી ઝિંદા રહેતા હૈ”..

## લેટેન્ટ શોના વિવાદ પર સમય રૈનાની પહેલી પ્રતિક્રિયા, લાઈવ શોમાં ઇમોશનલ થયો કોમેડિયન...

# ‘મારો સમય ખરાબ છે, પણ યાદ રાખજો હું ‘સમય’ છું’

**પોલીસે સમન્સ મોકલ્યું તાજેતરમાં, સાયબર પોલીસે સમય રૈનાને માતા-પિતા અને મહિલાઓ પર અભદ્ર કોમેન્ટ કરવા બદલ સમન્સ મોકલ્યું હતું. સાયબર પોલીસે તેમને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેમનું નિવેદન નોંધવાની પરવાનગી આપવાનો પણ ઇનકાર કર્યો હતો. વિવાદ વધ્યા બાદ સમય રૈનાએ પોતાની યુટ્યૂબ ચેનલ પરથી ‘ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ના બધા એપિસોડ દૂર કરી દીધા.**




(એજન્સી) મુંબઈ | તા.21

‘ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ શો’માં અશ્લીલ કોમેન્ટ થવાના કારણે સમય રૈના વિવાદોમાં ઘેરાયેલો છે. વિવાદ પછી, સમયે કેનેડામાં પોતાનો પહેલો શો કર્યો. આ શો દરમિયાન, સમયે પહેલીવાર શોના વિવાદ અંગે પ્રતિક્રિયા આપી છે. પ્રેક્ષકો સાથે વાતચીત કરતી વખતે, કોમેડિયને કહ્યું- એવું લાગે છે કે મારો સમય ખરાબ ચાલી રહ્યો છે, પણ યાદ રાખો કે હું જ સમય છું.

સમય રૈનાએ શોના વિવાદ પર પહેલી પ્રતિક્રિયા આપી સમય રૈના હાલમાં તેના સ્ટેન્ડ-અપ શો સમય રૈના અનફિલ્ટર્ડ માટે કેનેડાના પ્રવાસ પર છે. તાજેતરમાં તેણે કેનેડાના એડમોન્ટનમાં માયર હોરોવિટ્ઝ થિયેટરમાં પર્ફોર્મ કર્યું. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, સમયે તેના શોમાં કહ્યું- આ શોમાં ઘણી એવી ક્ષણો આવશે જ્યાં તમને લાગશે કે હું ખરેખર કંઈક ફની કહી શકું છું, પણ ત્યારે બીયર બાયસેપ્સને યાદ કરી લેજો ભાઈ.

લાઈવ શોમાં ઈમોશનલ થયો કોમેડિયન કેનેડામાં સ્ટેન્ડ-અપ કરતી વખતે કોમેડિયન સમય રૈનાએ ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ના વિવાદ વિશે મજાક કરી લોકોને હસાવ્યા હતા. સમયે મજાકમાં આ વિવાદનો ઉલ્લેખ કર્યો અને ઓડિયન્સને કહ્યું કે તમે ટિકિટ ખરીદેને મારા વકીલની ફી ચૂકવી તે બદલ તમારો આભાર. શોમાં હાજર શુભમ દત્ત નામના એક ફેન્સે પોતાના ફેસબુક પર પોતાનો અનુભવ શેર કર્યો. દત્તે લખ્યું, પહેલી વાર, મેં એક 25 વર્ષીય યુવકને, મેન્ટલ પ્રેશર, આંખોમાં ડાર્ક સર્કલ, ઊતરેલો ચહેરો અને વિખાયેલા વાળ સાથે સ્ટેજ પર આવતા જોયો છે. માઈકમાં તેના પહેલા શબ્દો હતા, મારા વકીલની ફી ચૂકવવા બદલ તમારો આભાર. શુભમે વધુમાં કહ્યું કે, ત્યાં હાજર 700 લોકોને હસાવી અને તેમને ઉત્સાહિત કરનારની આંખમાં સેટ શરૂ થતાં પહેલાં આંસુ જોવા મળ્યાં હતાં.

સરકાર મહાકુંભ દરમિયાન થયેલા મૃત્યુ પરથી ધ્યાન હટાવવા માગે સિંગર વિશાલ દદલાણી શો અને સમય રૈનાનો બચાવ કરતા જોવા મળ્યા. વિશાલે સમયના પક્ષમાં ઈન્સ્ટાગ્રામ પર એક વાર્તા શેર કરી. તેનું કહેવું છે કે આ મુદ્દાને આટલું મહત્ત્વ આપવા પાછળ સરકારનું જાણી જોઈને કાવતરું છે. સરકાર ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ વિવાદ ઉઠાવીને સોશિયલ મીડિયાને નિયંત્રિત કરવા માગે છે. ઉપરાંત, તે મહાકુંભમાં થયેલા મૃત્યુ પરથી લોકોનું ધ્યાન હટાવવા માગે છે. વિશાલ લખે છે- આ બધું દંભ અને બકવાસ છે.’ સરકાર લાંબા સમયથી ઓનલાઈન કન્ટેન્ટને કંટ્રોલ કરવા માગતી હતી અને વારંવાર આમ કરવાથી તેને અટકાવવામાં આવી છે. પરંતુ ટીવી પર દેખાતા ગુસ્સાના મોજામાં, આપણા નિર્દોષ લોકો પોતાની સ્વતંત્રતા ગુમાવી રહ્યા છે. વિશાલે ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ શોમાં જજ તરીકે ભાગ લીધો છે. સમયે કહ્યું- મારો ઉદ્દેશ્ય ફક્ત લોકોને હસાવવાનો હતો સમય રૈનાએ હજુ સુધી ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ના મુદ્દા પર ખૂલીને વાત કરી નથી. તેમણે થોડા સમય પહેલાં એક પોસ્ટ શેર કરી હતી. સમયની પોસ્ટમાં લખ્યું હતું - જે કંઈ પણ થઈ રહ્યું છે, હું તેને સંભાળી શકતો નથી. મેં મારી ચેનલ પરથી ઈન્ડિયા’ઝ ગોટ લેટેન્ટના બધા વિડીયો દૂર કરી દીધા છે.

**શું છે આખો મામલો? :** ‘બિયર બાઈસેપ્સ’ તરીકે જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને પોડકાસ્ટર રણવીર અલ્લાહબાદિયા તાજેતરમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાના શો ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’માં દેખાયો હતો. આ શો તેના વિવાદાસ્પદ અને બોલ્ડ કોમેડી કન્ટેન્ટ માટે જાણીતો છે, પરંતુ આ વખતે શોમાં કંઈક એવું બન્યું, જેનાથી સોશિયલ મીડિયા પર લોકો ગુસ્સે થયા. રણવીરે શોમાં એક કન્ટેસ્ટન્ટને વાંધાજનક પ્રશ્નો પૂછ્યા હતા. રણવીરે એક સ્પર્ધકને એવો ગંદો સવાલ પૂછી નાખ્યો, જેનો અર્થ એવો થતો હતો કે ‘શું તમે તમારાં માતા-પિતા સાથે અંગત પળો માણશો?’ આ અને આ સિવાય પણ શોમાં ભરપૂર ગંદી કમેન્ટ્સ હતી. એને લીધે ખાસ કરીને યંગસ્ટર્સમાં આ સુપરહિટ શો અત્યારે વિવાદમાં આવ્યો છે. આ શો સામે હવે મુંબઈ હાઈકોર્ટના એડવોકેટ આશિષ રાય અને પંકજ રાયે મહિલા આયોગને પણ ફરિયાદ



## આયુષ્માન નહીં રાજકુમાર ભજવશે ‘દાદા’ની ભૂમિકા..

### સૌરવ ગાંગુલીના જીવન પર ફિલ્મ બનશે, ફિલ્મની રિલીઝ ડેટને લઈ મૂંઝવણ

(એજન્સી) મુંબઈ | તા.21

ક્રિકેટર સચિન તેંડુલકર, મહેન્દ્ર સિંહ ધોની તથા મોહમ્મદ અઝહરુદ્દીન પછી હવે સૌરવ ગાંગુલી પર બાયોપિક બનાવવાની છે. આ ફિલ્મ અંગે લાંબા સમયથી વાત ચાલી રહી છે, પહેલાં લીડ એક્ટરમાં રણબીર કપૂરનું નામ રેસમાં હતું ત્યારબાદ આયુષ્માન ખુરાનાનું નામ સામે આવ્યું હતું. પરંતુ હવે ક્રિકેટરે પોતે જાહેરાત કરી છે કે રાજકુમાર રાવ મોટા પડદા પર તેમની ભૂમિકા ભજવશે.

રાજકુમાર રાવ બનશે સૌરવ ગાંગુલી ગુરુવારે પશ્ચિમ બંગાળના બર્ધમાનમાં મીડિયા સાથે વાત કરતા સૌરવ ગાંગુલીએ કહ્યું, ‘મેં જે સાંભળ્યું છે તે મુજબ રાજકુમાર રાવ મુખ્ય ભૂમિકા ભજવશે, પરંતુ રિલીઝ ડેટને લઈ મૂંઝવણ છે. તેથી, આ બાયોપિકને થિયેટરોમાં રિલીઝ થવામાં એક વર્ષથી વધુ સમય લાગશે.

ફિલ્મમાં સૌરવ ગાંગુલીની જર્ની અંગે વાત કરવામાં આવશે, જેમાં યુવા ક્રિકેટરથી લઈ ઈન્ડિયન નેશનલ ટીમના કેપ્ટન સુધીની સફર સામેલ છે. ફિલ્મમાં એ પણ બતાવવામાં આવશે કે સૌરવ કેવી રીતે BCCIનો પ્રેસિડન્ટ બન્યો. સૌરવના અંગત જીવનમાં આવેલા ચઢાવ-ઉતારની વાત પણ ફિલ્મમાં હશે.

સૌરવ ‘દાદા’ તરીકે ઓળખાય છે સૌરવ ગાંગુલીને ક્રિકેટનો રાજા કહેવામાં આવે છે. ટીમમાં ‘દાદા’ તરીકે પ્રખ્યાત સૌરવ ગાંગુલીએ ભારત માટે 311 વનડે અને 113 ટેસ્ટ મેચ રમી છે. તેઓ BCCI ના પ્રમુખ અને અત્યાર સુધીના સૌથી સફળ કેપ્ટન રહ્યા છે. બાયોપિકનું શૂટિંગ ચાલી રહ્યું છે આ બાયોપિક ફિલ્મ હાલમાં શૂટિંગના શરૂઆતના તબક્કામાં છે. પરંતુ તેની જાહેરાત પછી, એક્ટરના ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે.

જોકે, પ્રોડ્યુસરે ફિલ્મ વિશે વધુ માહિતી આપી નથી. ફિલ્મનું નામ અને અન્ય કલાકારોના નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી.



## આદરની મહેંદીમાં રણબીર, આલિયા, કરીના મન મૂકીને નાચ્યાં

મુંબઈ : આદર જૈન અને આલેખા અડવાણીનાં પ્રિ વેડિંગ ફંકશન્સ શરુ થઈ ગયાં છે. તેની મહેંદી સેરિમનીમાં સમગ્ર કપૂર ખાનદાન ઉમટી પડયું હતું. આ વખતે રણબીર કપૂર, આલિયા ભટ્ટ તથા કરીના કપૂર મન મૂકીને નાચ્યાં હતાં.

રણબીર, આલિયા, કરીના, કરિશ્મા, નીતુ કપૂર, રિદ્ધિમા સૌના આ ફંકશન્સના લૂક્સ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.

**કરિશ્માનો ભેટો તેના એક્સ હસબન્ડની પહેલી પત્ની નંદિતા સાથે થઈ ગયો**

આ ફંકશન્સમાં કરિશ્મા કપૂર અને તેના એક્સ હસબન્ડની પહેલી પત્ની નંદિતા મહેતાની સામસામે આવી ગયાં હતાં. નંદિતા કરણ જોહરની સાથે આ ફંકશનમાં આવી હતી.

કરિશ્મા સાથે લગ્ન કરતાં પહેલાં સંજય કપૂરનાં લગ્ન નંદિતા મહેતાની સાથે થયાં હતાં. નંદિતા વ્યવસાયે ફેશન ડિઝાઈનર છે. એક સમયે નંદિતા અને રણબીર કપૂરનું પણ અફેર ચાલતું હોવાનું મનાતું હતું. કરિશ્મા અને નંદિતા અગાઉ પણ સામસામે આવી ચૂક્યાં છે. જોકે, બંને આ સ્થિતિને બહુ પરિપકવતાથી હેન્ડલ કરે છે.

## ઋષભ શેટ્ટીનો છત્રપતિ શિવાજી મહારાજ તરીકેનો લૂક રીલિઝ



મુંબઈ : વિક્કી કૌશલની ‘છાવા’ હાલ ટિકિટબારી પર છવાઈ ગઈ છે. વિક્કીએ આ ફિલ્મમાં છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર સંભાજી મહારાજની ભૂમિકા ભજવી છે. હવે ‘કાંતારા’થી ફેમસ થયેલો ઋષભ શેટ્ટી પણ છત્રપતિ શિવાજી મહારાજના રોલમાં દેખાવાનો છે. આ ફિલ્મ આવતાં વર્ષે રીલિઝ થવાની છે. શિવાજી મહારાજના જન્મદિન નિમિત્તે આ ફિલ્મમાં ઋષભનો લૂક પ્રગટ કરવામાં આવ્યો હતો. ‘ધી પ્રાઈડ ઓફ ભારત, છત્રપતિ શિવાજી મહારાજ’ એવાં ટાઈટલ સાથેની ફિલ્મ આવતાં વર્ષે જાન્યુઆરીમાં રીલિઝ કરવાનું એલાન પણ નિર્માતાઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મની બાકીની કાસ્ટની કોઈ માહિતી હજુ સુધી અપાઈ નથી.

દરમિયાન, ઋષભ શેટ્ટીની ‘કાંતારા’ની પ્રીકવલ આ વર્ષે ઓક્ટોબર માસમાં જ રીલિઝ થવાની છે.

આ ઉપરાંત તે ‘જય હનુમાન’ ફિલ્મમાં હનુમાનજીની મુખ્ય ભૂમિકા પણ ભજવવાનો છે. આ ફિલ્મ અગાઉ આવી ચૂકેલી ‘હનુમાન’ ફિલ્મની સીકવલ છે.

## આશિષ ચંચલાનીએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો

### રણવીર અલ્લાહબાદિયા બાદ યુટ્યૂબરે પણ કેસ રદ કરવાની કરી માગ, આજે સુનાવણી થશે...

‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ શોમાં જોવા મળેલા યુટ્યૂબર આશિષ ચંચલાનીએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. તેણે આસામ અને મહારાષ્ટ્રમાં તેની સામે નોંધાયેલા કેસોને રદ કરવા માટે અરજી દાખલ કરી છે. આ મામલાની સુનાવણી આજે સુપ્રીમ કોર્ટમાં થશે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે આસામમાં તેમની સામે નોંધાયેલો કેસ રદ કરવામાં આવે. ઉપરાંત, આ FIR મુંબઈ પોલીસને ટ્રાન્સફર કરવી જોઈએ. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એન. કોટેશ્વર સિંહની બેન્ચ આ કેસની સુનાવણી કરશે. 12 ફેબ્રુઆરીના રોજ, ગુવાહાટી હાઈકોર્ટે આશિષ ચંચલાનીને આગોતરા જામીન આપ્યાં અને તેને દસ દિવસમાં તપાસ અધિકારીઓ સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો.

જાણો શું છે સમગ્ર મામલો? ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ એ સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાનો શો છે, જે વિવાદનો સામનો કરી રહ્યો છે. આ એપિસોડ 8 ફેબ્રુઆરીના રોજ યુટ્યૂબ પર રિલીઝ થયો હતો. આ શોમાં બોલ્ડ કોમેડી કન્ટેન્ટ છે. આ શોના વિશ્વભરમાં 73 લાખથી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે. આ શોમાં માતા-પિતા અને મહિલાઓ વિશે એવી વાતો કહેવામાં આવી હતી, જેનો દિવ્ય ભાસ્કર અહીં ઉલ્લેખ કરી શકતું નથી. સમય રૈનાના આ શોના દરેક એપિસોડને યુટ્યુબ પર સરેરાશ 20 મિલિયનથી વધુ વ્યૂઝ મળે છે. આ શોના જજ સમય સિવાય દરેક એપિસોડમાં બદલાતા રહે છે. દરેક એપિસોડમાં એક નવા કન્ટેસ્ટન્ટને પરફોર્મ કરવાની તક મળે છે. કન્ટેસ્ટન્ટને તેની પ્રતિભા દર્શાવવા માટે 90 સેકન્ડનો સમય આપવામાં આવે છે. 10 ફેબ્રુઆરીના રોજ, આસામના સીએમ હિમંતા બિસ્વા શર્માએ પણ આ મામલે રાજ્યમાં FIRની માહિતી આપી હતી. તેણે કહ્યું હતું કે ગુવાહાટી પોલીસે કેટલાક યુટ્યૂબર્સ અને સામાજિક પ્રભાવકો - આશિષ ચંચલાની, જસપ્રીત સિંહ, અપૂર્વા માખીજા, રણવીર અલ્લાહબાદિયા, સમય રૈના અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો છે.

12 ફેબ્રુઆરીના રોજ, મુંબઈમાં યુટ્યૂબર્સ રણવીર અલ્લાહબાદિયા અને સમય રૈના વિરુદ્ધ બે દિવસમાં બીજી FIR નોંધવામાં આવી હતી. આ કાર્યવાહી મહારાષ્ટ્ર પોલીસની સાયબર શાખા દ્વારા કરવામાં આવી હતી. રણવીર અને સમય ઉપરાંત, પહેલા એપિસોડથી અત્યાર સુધી શોમાં ભાગ લેનારા 30 ગેસ્ટ સામે પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે. તે જ સમયે, ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ શો પર પ્રતિબંધ મૂકવા માટે ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખ્યો હતો. એસોસિએશને કહ્યું કે આવા શો દેશના યુવાનોને મૂંઝવણમાં મૂકે છે.

## પ્રશંસકોની શક્તિ! સનમ તેરી કસમ ફરીથી રિલીઝ થયા પછી પણ ચાર્ટ અને હાર્ટ પર રાજ કરે છે



મુંબઈ : 2016નું મનપસંદ રોમેન્ટિક નાટક સનમ તેરી કસમ તેની મૂળ રજૂઆતના બરાબર નવ વર્ષ પછી 7 ફેબ્રુઆરી, 2025ના રોજ થિયેટરોમાં તેની ભવ્ય વાપસી કરે છે. સનમ તેરી કસમ, જ્યારે શરૂઆતમાં રિલીઝ થઈ હતી, તે બોક્સ ઓફિસ પર હિટ રહી ન હતી, સમય જતાં, ફિલ્મે એક સંપ્રદાયને અનુસર્યો, જેમાં ચાહકો તેની ભાવનાત્મક કથા અને ભાવપૂર્ણ સંગીત સાથે ઊંડે સુધી જોડાયેલા હતા. તેની વધતી જતી લોકપ્રિયતાને કારણે, ચાહકોએ તેને ફરીથી રિલીઝ કરવાની માંગ કરી, એવું માનીને કે તે મોટા પડદા પર બીજી તકને પાત્ર છે. સનમ તેરી કસમની પુનઃપ્રદર્શન એ ભારતમાં તહેલકો મચાવી દીધો છે. જે સાબિત કરે છે કે ચાહકોની તાકાત ફિલ્મને અભૂતપૂર્વ ઊંચાઈ પર લઈ જઈ શકે છે. મહિનાઓથી ચાહકો મુખ્ય અભિનેતા હર્ષવર્ધન રાણેને સંદેશ મોકલી રહ્યાં છે. જેમાં ફેવરિટ રોમેન્ટિક ડ્રામા ફરીથી રિલીઝ કરવાની વિનંતી કરવામાં આવી છે. જવાબમાં 23 જાન્યુઆરી 2025 ના રોજ રાણેએ ઈન્સ્ટાગ્રામ પર પ્રશંસકોને નિર્માતાઓને ટેગ કરવા અને તેમનો અવાજ ઉઠાવવા વિનંતી કરી. પરિણામ અસાધારણથી ઓછું નહોતું, રાણેની પોસ્ટને ફરીથી રિલીઝના સમર્થનમાં 40,000 થી વધુ ટિપ્પણીઓ મળી હતી. ચાહકોના આ જબરજસ્ત પ્રતિભાવે નિર્માતાઓને સનમ તેરી કસમને મોટા પડદા પર પાછા લાવવા માટે ખાતરી આપી. ફરીથી રિલીઝ થયા પછી ફિલ્મ ઝડપથી બોક્સ ઓફિસ પર સનસનાટીભરી બની ગઈ. મૂળરૂપે 2016માં 9 કરોડની કમાણી કરતી સનમ તેરી કસમ હવે 17 ફેબ્રુઆરી 2025 સુધીમાં આકર્ષક 36 કરોડની કમાણી કરી ચૂકી છે. જે 2025માં તેની પુનઃ રિલીઝથી વધુ આકર્ષક 27 કરોડ મેળવ્યા છે. આ નોંધપાત્ર સિદ્ધિ ચાહકોની મજબૂત અસર ગુણવત્તાયુક્ત વાર્તા કહેવાનું મૂલ્ય, ઊંડા ભાવનાત્મક જોડાણો અને અવિસ્મરણીય પ્રદર્શનને પ્રકાશિત કરે છે.



## ગલતફેહમી સાથે હૃદયની પીડા અને ઝંખનાનો અનુભવ કરો - ઇબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂરના નાદાનિયાનો એક આત્મા ઉત્તેજક ટ્રેક...




(એજન્સી) મુંબઈ | તા.21

ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂરની ફિલ્મ નાદાનિયાંના પ્રથમ રોમેન્ટિક ટ્રેક ઈશ્ક મેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યા પછી, નિર્માતાઓએ બીજો ટ્રેક ગલતફેહમીને રિલીઝ કર્યો, જે પ્રેમની જટિલતાઓને વધુ ઊંડાણપૂર્વક સમજાવે છે. ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂરને દર્શાવતી આ ભાવપૂર્ણ પ્રસ્તુતિ સીધા હૃદયમાંથી બહાર આવે છે. તે લાંબા સમય સુધી ચાલે છે,તે સુકુન આપે છે, અને તે તમને ગેરસમજમાં ખોવાયેલી પ્રેમની ક્ષણોને ફરીથી જીવવા દે છે. નવોદિત શૌના ગૌતમ દ્વારા દિગ્દર્શિત અને ધર્માટિક એન્ટરટેઈનમેન્ટ હેઠળ કરણ જોહર, અપૂર્વ મહેતા અને સોમેન મિશ્રા દ્વારા નિર્મિત, ફિલ્મ નાદાનિયાએ પહેલાથી જ ઈન્ટરનેટ પર ફિલ્મ વિશે ઘણી ઉત્સુકતા રજૂ કરી છે.

ઈન્ડસ્ટ્રીઝના મહાનુભાવો સચિન-જીગર દ્વારા રચિત, ગીતની પ્રતિભા અમિતાભ ભટ્ટાચાર્ય દ્વારા લખાયેલ અને તુષાર જોશી અને મધુબંતી બાગચીની ભાવનાત્મક તીવ્રતા દ્વારા સમર્થિત, આ ટ્રેક એવી લાગણીઓને એકસાથે વણી લે છે જે ઊંડે વ્યક્તિગત અને સાર્વત્રિક રીતે અનુભવાય છે. 'ગલતફેહમી' એ વચ્ચેની જગ્યાને કબજે કરે છે, જ્યાં અસ્પષ્ટ શબ્દો અને અવાસ્તવિક લાગણીઓ રહે છે. ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર, બોલિવૂડનું સૌથી હોટ ઓન-સ્ક્રીન કપલ, આ ગીતમાં એક સહેલાઈથી પ્રામાણિકતા લાવે છે, જે તમને તેમની વચ્ચેના દરેક ધબકારા, દરેક નજર અને દરેક અસ્પષ્ટ શબ્દનો અનુભવ કરાવે છે. નાદાનિયામાં તેમની કેમેસ્ટ્રી પહેલેથી જ રચાયેલ હોય છે જેને વેગ આપ્યો છે, અને 'ગલતફેહમી' માત્ર અપેક્ષાને વધારે છે ગીત વિશે વાત કરતાં, ઈબ્રાહિમ અલી ખાને શેર કર્યું, “કંઈક એવી ગલતફેહમી છે જે તમારી સાથે રહે છે. તે કાચું છે, વાસ્તવિક છે અને આપણે બધા અનુભવીએ છીએ તે હાર્ટબ્રેકને પ્રતિબિંબિત કરે છે. દર્શકો તેની સાથે કેવી રીતે જોડાય છે તે જોવા માટે હું ઉત્સાહિત છું. તે પ્રેમ અને ખોટની એક બાજુ છે જે કાલાતીત અને સુસંગત બંને છે. અભિપ્રાય ઉમેરતા ખુબસુરત ખુશી કપૂરે કહ્યું કે “’ગલતફેહમી’ મને અંગત રીતે સ્પર્શી ગઈ અને નાદનિયાં આલ્બમના મારા મનપસંદ ગીતોમાંથી એક છે.

# ટીમ ઈન્ડિયાની ચેમ્પિયન્સ ટ્રોફીમાં 'શુભ' શરૂઆત

## બાંગ્લાદેશને 6 વિકેટથી હરાવ્યું, શુભમને સેન્ચુરી ફટકારી; શમીએ 5 વિકેટ લીધી



**ભારતે ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત જીત સાથે કરી છે. ગુરુવારે દુબઈમાં ટીમે બાંગ્લાદેશને 6 વિકેટથી હરાવ્યું છે. બાંગ્લાદેશે ટૉસ જીતીને પહેલી બેટિંગ કરતા 228 રન બનાવ્યા. ભારતે 46.4 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કર્યો. ભારત તરફથી શુભમન ગિલે સદી ફટકારી છે. આ તેની ICC ટુર્નામેન્ટમાં પહેલી સદી છે. રોહિત શર્માએ 41, કેએલ રાહુલે 38 અને વિરાટ કોહલીએ 22 રન બનાવ્યા હતા. મોહમ્મદ શમીએ 5 વિકેટ, હર્ષિત રાણાએ 3 વિકેટ અને અક્ષર પટેલે 2 વિકેટ લીધી. બાંગ્લાદેશ તરફથી તૌહીદ હ્રિદોયે પણ સદી ફટકારી હતી.**

(એજન્સી) દુબઇ તા 21

ડ્રેસિંગ રૂમમાંથી રોહીત-ગંભીરનો આવ્યો મેસેજ અને શુભમન ગિલે ફટકારી સદી, જાણો શતકવીરે શું કહ્યું ચેમ્પ્યન્સ ટ્રોફીની ઓપનિંગ મેચમાં સદી ફટકાર્યા બાદ, મેચના અંતે શુભમન ગીલે તેની ધીમી સદીનું રહસ્ય ખોલ્યું હતું. શુભમન ગીલે, ડ્રેસિંગ રૂમમાંથી આવેલા રોહીત શર્મા અને ગૌમત ગંભીરના એક મેસેજની પણ વાત કરી હતી. ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં તેના અભિયાનની શરૂઆત શુભમન ગિલની સદીની મદદથી જીત સાથે કરી હતી. બાંગ્લાદેશ સામેની પ્રથમ મેચમાં ટીમ ઈન્ડિયાએ 6 વિકેટે જીત મેળવી હતી. 129 બોલનો સામનો કરીને શુભમન ગિલે 9 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી અણનમ 101 રન બનાવ્યા હતા. ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની પોતાની પહેલી મેચમાં શમી, અક્ષર અને હર્ષિતની દમદાર વિકેટ ટેકિંગ બોલિંગ છતાં બાંગ્લાદેશે ભારત સામે સારી બેટિંગ કરી 228 રન બનાવ્યા અને 229 રનનો સન્માનજનક ટાર્ગેટ ભારતને આપ્યો. ટીમ ઈન્ડિયાને આ મેચ જીતવા માટે થોડો સંઘર્ષ કરવો પડ્યો કારણ કે બાંગ્લાદેશે દુબઈની મુશ્કેલ પિચ પર 229 રનનો લક્ષ્યાંક સરળતાથી પ્રાપ્ત કરવા દીધો ન હતો. જોકે શુભમન ગિલ અને કેએલ રાહુલની સમજદારી પૂર્વકની બેટિંગના કારણે ભારતે આ મેચ જીતી લીધી હતી. ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં પોતાની સફર જીત સાથે શરૂ કરી છે. દુબઈમાં રમાયેલી મેચમાં, ટીમ ઈન્ડિયાએ પહેલી જ મેચમાં બાંગ્લાદેશને 6 વિકેટથી હરાવીને જીત સાથે પોતાનું ખાતું ખોલ્યું હતું.

ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં પોતાની સફર જીત સાથે શરૂ કરી છે. દુબઈમાં રમાયેલી મેચમાં, ટીમ ઈન્ડિયાએ પહેલી જ મેચમાં બાંગ્લાદેશને 6 વિકેટથી હરાવીને જીત સાથે પોતાનું ખાતું ખોલ્યું હતું.આ ડ્રોપ કેચનું પરિણામ ટીમ ઈન્ડિયાને ભોગવવું પડ્યું. ઝાકિર અલી અને તૌહીદ હ્રદયોયે છઠ્ઠી વિકેટ માટે 154 રનની ભાગીદારી કરી. આ દરમિયાન હાર્દિક પંડ્યાએ પણ કેચ છોડીને તૌહીદને જીવનદાન આપ્યું. બંને બેટ્સમેનોએ આનો ફાયદો ઉઠાવ્યો અને આ અદ્ભુત ભાગીદારીથી ટીમને સન્માનજનક સ્કોર સુધી લઈ ગયા. ટોસ જીત્યા પછી પહેલા બેટિંગ કરવાનો નિર્ણય પણ બાંગ્લાદેશ માટે સારો સાબિત થયો નહીં. પહેલી અને બીજી ઓવરમાં બે વિકેટ ગુમાવ્યા બાદ નવમી ઓવર સુધીમાં બાંગ્લાદેશની ટીમે માત્ર 35 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી, જેમાંથી શમીએ 2 વિકેટ લીધી હતી. નવમી ઓવરમાં અક્ષર પટેલે સતત બે વિકેટ લીધી, પરંતુ રોહિત શર્માએ ઝાકિર અલીનો કેચ છોડી દીધો અને

## ચેમ્પિયન્સ ટ્રોફી: ફખર ઝમાન ભારત સામે નહીં રમે

(એજન્સી) કરાચી તા 21

પાકિસ્તાની ઓપનર ફખર ઝમાન ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે. તેના સ્થાને ઈમામ ઉલ હકને ટીમમાં સામેલ કર્યો છે. કરાચીમાં રમાયેલી ન્યૂઝીલેન્ડ સામેની પહેલી લીગ મેચમાં ફિલ્ડિંગ કરતી વખતે ઝમાન ઘાયલ થયો હતો. ફખર ઝમાન ન્યૂઝીલેન્ડની ઈનિંગની પહેલી ઓવરમાં ઈજાગ્રસ્ત થયો હતો.

શાહીનના ઓવરનો બીજો બોલ વિલ યંગે કવર તરફ રમ્યો. ફખર બાઉન્ડરી રોકવામાં સફળ રહ્યો પરંતુ ડાઇવ કરતી વખતે તેના ઘૂંટણમાં ઈજા થઈ. તે પછી તે ડગમગતા ઉભો થયો અને મેદાનની બહાર નીકળી ગયો. તેના સ્થાને કામરાન ગુલામે મેદાનમાં ઉતર્યો. ઝમાન ચોથા નંબરે બેટિંગ કરવા આવ્યો ઈજાને કારણે, ફખર ઈનિંગ ઓપન કરવાને બદલે ચોથા નંબરે બેટિંગ કરવા આવ્યો. તેને વિકેટો વચ્ચે દોડવામાં પણ મુશ્કેલી પડી રહી હતી. તેણે 41 બોલમાં 24 રન બનાવ્યા. આ ઈનિંગ દરમિયાન તેને બે વાર મેડિકલ સારવારની જરૂર પડી.



ન્યૂઝીલેન્ડની ઈનિંગના પહેલા ઓવરના બીજા બોલ પર બાઉન્ડરી બચાવવાનો પ્રયાસ કરતી વખતે ફખર ઘાયલ થયો હતો. સેમ અયુબ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી પહેલાથી જ બહાર થઈ ગયો છે ફખરના બહાર થવાથી પાકિસ્તાનને ઘણું નુકસાન થઈ શકે છે. પાકિસ્તાન 23 ફેબ્રુઆરીએ દુબઈમાં ભારત સામે તેની બીજી લીગ મેચ રમવાનું છે. આવી સ્થિતિમાં, ફખરની ગેરહાજરીને કારણે પાકિસ્તાનનો બેટિંગ ક્રમ નબળો પડી શકે છે. ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તે પહેલાં જ, સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણીમાં ઈજાગ્રસ્ત થતાં સેમ અયુબ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. તેના પગમાં ઈજા થઈ હતી. ચેમ્પિયન્સ ટ્રોફીની ઓપનિંગ મેચમાં ન્યૂઝીલેન્ડે પાકિસ્તાનને 60 રને હરાવ્યું હતું. બુધવારે કરાચીના નેશનલ સ્ટેડિયમમાં પાકિસ્તાને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ન્યૂઝીલેન્ડે 5 વિકેટ ગુમાવીને 320 રન બનાવ્યા. જવાબમાં, પાકિસ્તાનની ટીમ 47.2 ઓવરમાં 260 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

## ગુજરાત-કેરળ વચ્ચેની મેચ રોમાંચક થઈ

### બન્ને ટીમની નજર પહેલી ઈનિંગ્સની લીડ પર; મુંબઈને પાંચમા દિવસે 323 રનની જરૂર

(એજન્સી) અમદાવાદ/નાગપુર તા 21

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે કેરળ અને ગુજરાત વચ્ચે રોમાંચક મેચ રમાઈ રહી છે. રણજી ટ્રોફી સેમિફાઈનલના ચોથા દિવસે વિદર્ભે મુંબઈ સામે મજબૂત પકડ બનાવી લીધી છે. ટીમે 406 રનનો ટાર્ગેટ આપ્યો. જવાબમાં, મુંબઈએ બીજા દાવમાં 83 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. ટીમને છેલ્લા દિવસે 323 રનની જરૂર છે. બીજી સેમિફાઈનલ કેરળ અને ગુજરાત વચ્ચે રમાઈ રહી છે. કેરળે પહેલી ઈનિંગમાં 457 રન બનાવ્યા હતા. ગુજરાતે 7 વિકેટ ગુમાવ્યા બાદ 429 રન બનાવ્યા. ટીમ 28 રન પાછળ છે. સેમિફાઈનલ-1: મુંબઈ Vs વિદર્ભ નાગપુરના VCA સ્ટેડિયમમાં વિદર્ભે બેટિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ ઈનિંગમાં વિદર્ભે 383 અને મુંબઈએ 270 રન બનાવ્યા હતા. બીજા દાવમાં, વિદર્ભે 292 રન બનાવ્યા અને પ્રથમ



દાવની લીડના આધારે, તેઓએ 406 રનનો ટાર્ગેટ આપ્યો. વિદર્ભ તરફથી યશ રાઠોડે 151 અને અક્ષય વાડકરે 52 રન બનાવ્યા. મુંબઈ તરફથી શમ્સ મુલાનીએ 6 અને તનુષ કોટિયાને 3 વિકેટ લીધી. શાર્દૂલ ઠાકુરે પણ 1 વિકેટ લીધી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કેરળ ટીમે બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ટીમે 187 ઓવર સુધી બેટિંગ કરી અને 457 રન બનાવ્યા. મોહમ્મદ અઝહરુદ્દીને 177 રન બનાવ્યા. સલમાન નિજારે 52 અને કેપ્ટન સચિન બેબીએ 69 રન બનાવ્યા. ગુજરાત તરફથી અર્જન નાગવાસવાલાએ 3 અને ચિંતન ગજાએ 2 વિકેટ લીધી. મુંબઈએ બીજા દાવમાં 83 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. આયુષ મ્હાત્રે 18 રન બનાવીને આઉટ થયા હતા, સિદ્ધેશ લાડ 2 રન બનાવીને અને કેપ્ટન અજિંક્ય રહાણે 12 રન બનાવીને આઉટ થયા હતા. શિવમ દુબે 12 રને અને આકાશ આનંદ 27 રન બનાવીને અણનમ છે. વિદર્ભ તરફથી હર્ષ દુબેએ 2 અને પાર્થ રેખાડેએ 1 વિકેટ લીધી. કેરળ તરફથી જલજ સક્સેનાએ 4 વિકેટ લીધી છે. એમડી નિધેશ, એન બેસિલ અને આદિત્ય સરવતે 1-1 વિકેટ લીધી. ગુજરાત હાલમાં પ્રથમ ઈનિંગમાં 28 રન પાછળ છે. જો મેચ ડ્રો થાય છે, તો પ્રથમ ઈનિંગમાં લીડ લેનાર ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે. તેથી, બંને ટીમની નજર પહેલી ઈનિંગ્સની લીડ પર છે. રમતના અંતે ગુજરાતે 7 વિકેટ ગુમાવીને 429 રન બનાવ્યા હતા. ટીમ તરફથી પ્રિયાંક પંચાલે 148 અને આર્ય દેસાઈએ 73 રન બનાવ્યા. મિડલ ઓર્ડરમાં 3 બેટર્સે 30 થી વધુ રન બનાવ્યા. અંતે, જયમીત પટેલ 74 રન બનાવીને અને સિદ્ધાર્થ દેસાઈ 24 રન બનાવીને અણનમ છે. ટીમે 7 વિકેટ ગુમાવ્યા બાદ 429 રન બનાવ્યા છે.

## જાણો ક્યાં અને ક્યારે જોઈ શકશો, ભારત અને પાકિસ્તાનની હાઈવોલ્ટેજ મેચ

(એજન્સી) દુબઇ તા 21

ભારતે દુબઈ ચેમ્પિયન ટ્રોફી 2025ની શરુઆત બાંગ્લાદેશ વિરુદ્ધ 6 વિકેટથી જીત સાથે કરી છે. ગિલની સદીથી ભારતે 47મી ઓવરમાં જીત મેળવી હતી. હવે ટીમ ઈન્ડિયાનો સામનો પાકિસ્તાન સામે થશે.



પાકિસ્તાને ભારતને હરાવી 2017ની ચેમ્પિયન ટ્રોફીની ખિતાબ જીત્યો હતો. ભારતીય ટીમે બાંગ્લાદેશને હરાવી ચેમ્પિયન ટ્રોફી 2025ની શરુઆત કરી છે. દુબઈ ઈન્ટરનેશલ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારતને 6 વિકેટથી જીત મળી હતી. ગ્રુપ એની આ મેચમાં બાંગ્લાદેશે 228 રન બનાવ્યા હતા. આ ટાર્ગેટ ભારતીય ટીમે 47 ઓવરમાં ગિલની મદદથી પૂર્ણ કર્યો હતો.હવે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થવાનો છે.ચેમ્પિયન ટ્રોફીની આ મેચ 23 ફેબ્રુઆરીના રોજ દુબઈમાં રમાશે. પાકિસ્તાન ટૂર્નામેનની યજમાન છે. પરંતુ ભારતે પાકિસ્તાન જવાની ના પાડી હોવાથી આ મેચ માટે પાકિસ્તાનને ટીમને દુબઈ જવાનું રહેશે. દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રવિવારના રોજ આ મેચ ભારતીય સમય અનુસાર બપોરના 2 કલાકથી શરુ થશે.ચેમ્પિયન ટ્રોફી 2017ની ફાઈનલ ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાઈ હતી. જેમાં પાકિસ્તાને આ ફાઈનલ જીતી હતી. હવે ભારતીય ટીમ રવિવારના રોજ હારનો બદલો લેવા માટે મેદાનમાં ઉતરશે.

## રોહિત-હાર્દિકના કારણે ટીમ ઈન્ડિયાને 154 રનનો દંડ, 19 વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તૂટી ગયો

(એજન્સી) દુબઇ તા 21

બાંગ્લાદેશ સામે ચેમ્પિયન્સ ટ્રોફીની પહેલી મેચમાં બોલરોએ ટીમ ઈન્ડિયાને શાનદાર શરૂઆત અપાવી અને અડધી ટીમને ઝડપથી પેવેલિયન પાછી મોકલી દીધી. આમ છતાં બાંગ્લાદેશે મેચ લાયક 228 રનનો સ્કોર બનાવ્યો અને તેનું કારણ ટીમ ઈન્ડિયાની બે ભૂલો હતી, આ ભૂલના કારણે ટીમ ઈન્ડિયાને 154 રનનું નુકસાન થયું હતું. ક્રિકેટ મેચમાં, દરેક ભૂલ મોંઘી સાબિત થઈ શકે છે, પછી ભલે ભૂલ કરનારી ટીમ કેટલી મજબૂત હોય કે વિરોધી ટીમ કેટલી નબળી હોય. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફી મેચમાં પણ કંઈક આવું જ બન્યું, જ્યાં ટીમ ઈન્ડિયાને બે અનુભવી ખેલાડીઓની ભૂલો માટે ભારે દંડ ચૂકવવો પડ્યો. ભૂલ કરનારાઓ ટીમના કેપ્ટન રોહિત શર્મા અને અનુભવી ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હતા, જેના કારણે ટીમ ઈન્ડિયાને 154 રનનો પરાજય થયો હતો. ક્રિકેટ મેચમાં, દરેક ભૂલ મોંઘી સાબિત થઈ શકે છે, પછી ભલે ભૂલ કરનારી ટીમ કેટલી મજબૂત હોય કે વિરોધી ટીમ કેટલી નબળી હોય. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફી મેચમાં પણ કંઈક આવું જ બન્યું, જ્યાં ટીમ ઈન્ડિયાને બે અનુભવી



ખેલાડીઓની ભૂલો માટે ભારે દંડ ચૂકવવો પડ્યો. ભૂલ કરનારાઓ ટીમના કેપ્ટન રોહિત શર્મા અને અનુભવી ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હતા, જેના કારણે ટીમ ઈન્ડિયાને 154 રનનો પરાજય થયો હતો. અહીં, ભારતીય ટીમ પાસે બાંગ્લાદેશને સસ્તામાં આઉટ કરવાની તક હતી પરંતુ કેપ્ટન રોહિતની ભૂલને કારણે ટીમે આ તક ગુમાવી દીધી. વાસ્તવમાં, અક્ષર પટેલ હેટ્રિક પૂર્ણ કરવાની નજીક હતો અને નવા બેટ્સમેન ઝાકિર અલીએ તેના બોલ પર શોટ મારતા જ સ્લિપમાં રહેલા રોહિતે એક સરળ કેચ છોડી દીધો. અક્ષર પટેલ ન માત્ર હેટ્રિક ચૂકી ગયો પરંતુ, ટીમ ઈન્ડિયાએ પોતાની સામે આવેલી તક પણ ગુમાવી દીધી. આ પછી ઝાકિરે તૌહીદ હૃદયોય સાથે મળીને ઈનિંગ સંભાળી.પરંતુ માત્ર રોહિતે ભૂલ કરી નહીં, હાર્દિકે ટીમને પણ નિરાશ કર્યા હતા.

બાંગ્લાદેશ ઈનિંગની 20મી ઓવરમાં કુલદીપ યાદવના પાંચમા બોલ પર તૌહીદે સીધો મિડ-ઓફ તરફ શોટ રમ્યો. પરંતુ ત્યાં હાજર હાર્દિકે હાથમાં આવેલો સીધો કેચ છોડી દીધો. તે સમયે તૌહીદ ફક્ત 23 રન પર હતો, જ્યારે બાંગ્લાદેશનો સ્કોર ફક્ત 78 રન હતો.

## બાંગ્લાદેશ સામે કરેલ ભૂલો જો પાકિસ્તાન સામે કરી તો ટીમ ઈન્ડિયાને બહુ ભારે પડશે

(એજન્સી) દુબઇ તા 21

ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફીની પોતાની પ્રથમ મેચમાં બાંગ્લાદેશને 6 વિકેટે હરાવ્યું હતું. ટીમ ઈન્ડિયાનો વિજય એટલો આસાન ન હતો જેટલો દેખાતો હતો અને તેના માટે ઘણી મહેનત કરવી પડી હતી, જેમાં ખુદ ટીમ ઈન્ડિયાની ભૂલ મહત્વની સાબિત થઈ હતી. આગામી રવિવાર 23 ફેબ્રુઆરીએ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં એક મોટી ક્રિકેટ મેચ રમાવ જઈ રહી છે. ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની પાંચમી મેચમાં એશિયાના પરંપરાગત દુશ્મન ભારત અને પાકિસ્તાનની ટીમો સામસામે ટકરાશે. એક તરફ ટીમ ઈન્ડિયા પોતાની પ્રથમ મેચ જીતીને પોતાના કટ્ટર હરિફ સામેની મેચ જીતવા માટે મેદાનમાં ઉતરશે. ચેમ્પિયન્સ ટ્રોફીની શરુઆતની જ મેચમાં પાકિસ્તાની ટીમ ન્યૂઝીલેન્ડ સામેની કારમી હાર બાદ, રવિવારે જીત માટે આશાવાદી રહેશે. આવી સ્થિતિમાં પાકિસ્તાની ટીમ માટે પણ આ મેચ બહુ મુશ્કેલ હોવાનું કહેવામાં આવી રહ્યું છે કારણ કે ટીમનું ફોર્મ ખૂબ જ ખરાબ છે. પરંતુ ટીમ ઈન્ડિયાએ પ્રથમ મેચમાં જે પ્રદર્શન સાથે જીત મેળવી હતી તે જોતા એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ટીમ ઈન્ડિયા પાકિસ્તાન સામે ફસાઈ શકે છે. ગઈકાલ ગુરુવારે 20 ફેબ્રુઆરીએ દુબઈમાં ટીમ ઈન્ડિયાએ તેની પ્રથમ મેચમાં



બાંગ્લાદેશને 6 વિકેટે હરાવ્યું હતું. ટીમ ઈન્ડિયાએ પહેલા બોલિંગ કરીને બાંગ્લાદેશને 228 રન સુધી સીમિત કરી દીધું અને પછી 4 વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કરી લીધો. આવી સ્થિતિમાં આ જીત ખૂબ જ આસાન લાગે છે પરંતુ આ આખી મેચમાં જે જોવા મળ્યું તે તેની અસલ વાસ્તવિકતા સામે આવે છે તેનુ સત્ય એ છે કે જો ટીમ ઈન્ડિયા 23મી ફેબ્રુઆરીએ આવી જ રમત બતાવશે તો પાકિસ્તાનને પછાડવું ખૂબ જ મુશ્કેલ થઈ જશે. રોહિત બાદ હાર્દિક પંડ્યાએ પણ સીધો અને આસાન કેચ શાનદાર સદી ફટકારી. આ બંને સિવાય વિકેટકીપર કેએલ રાહુલે પણ ખૂબ જ સરળ સ્ટમ્પિંગ છોડીને ટીમની મુશ્કેલીમાં વધારો કર્યો હતો.

## ભૂતપૂર્વ કેપ્ટનનો બર્ધમાન પાસે અકસ્માતમાં આબાદ બચાવ

(એજન્સી) કોલકત્તા તા 21

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન અને બીસીસીઆઈના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલી કાર અકસ્માતમાં માંડ માંડ બચ્યા છે. આ અકસ્માત બર્ધમાન પાસે થયો હતો. અચાનક એક લારી તેમની કારને ઓવરટેક કરતી વખતે આ અકસ્માત થયો, હતો. પરંતુ સદનસીબે સૌરવ ગાંગુલીને કોઈ ઈજા થઈ ન હતી. ગાંગુલીના કાફલામાં રહેલી બે કારને થોડું નુકસાન થયું હતું. આ ઘટનાની જાણ થતા તપાસ શરુ કરાઇ હતી. સૌરવ ગાંગુલીની કાર દુર્ગાપુર એક્સપ્રેસ વે પરથી પસાર થઈ રહી હતી અને આ અકસ્માત દંતનપુરમાં થયો હતો. દંતનપુર નજીક, એક લારી અચાનક ગાંગુલીના કાફલાને ઓવરટેક કરી ગઈ, જેના કારણે કાર ચાલકે અચાનક બ્રેક લગાવવી પડી. આનાથી અકસ્માત સર્જાયો હતો. સૌરવ ગાંગુલીના વાહન પાછળની કાર એકબીજા સાથે અથડાઈ



અને તેમાંથી એક કાર ગાંગુલીની કારને ટક્કર મારી હતી. સદનસીબે, અકસ્માતમાં કોઈને ઈજા થઈ નથી. જોકે, ગાંગુલીના કાફલામાં રહેલી બે કારને થોડું નુકસાન થયું હતું. ગાંગુલીને બર્ધમાન યુનિવર્સિટી જવા માટે લગભગ 10 મિનિટ રસ્તા પર રાહ જોવી પડી. જોકે, આ અકસ્માત છતાં તેમણે સમારંભમાં હાજરી આપી. તેમણે આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને મહાનુભાવો સાથે વાતચીત કરી અને ભારતીય ક્રિકેટના ભવિષ્ય અંગે ચર્ચા કરી હતી.

## મિસ્ટ્રી ગર્લ-શિખર ધવનની હાજરી બની ટોક ઓફ ધ ટાઉન

(એજન્સી) નવી દિલ્હી તા 21

ચેમ્પિયન ટ્રોફી 2025ની શરૂઆત થઇ ચુકી છે. જેમાં ભારતે બાંગ્લાદેશને 6 વિકેટ હાર આપી છે. 229ના લક્ષ્યાંકને ભારતે 21 બોલમાં હાંસલ કર્યો હતો. પરંતુ આ મેચની સાથે એક વ્યક્તિની હાજરી સૌ કોઇનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહી હતી. અને તે હતો ચેમ્પિયન ટ્રોફી 2025ના બ્રાન્ડ એમ્બેસેડર શિખર ધવન અને તેમની સાથે સ્ટેડીયમમાં હાજર મિસ્ટ્રી ગર્લ. શિખર ધવન તેના અંગત જીવનના ખટરાગ બાદ પ્રથવાર જાહેરમાં કોઇ મિસ્ટ્રી ગર્લ સાથે દેખાતા ચર્ચાનો વિષય બન્યો છે. યુવતીને ડેટ કરી રહ્યા છે શિખર ધવન?, આ મિસ્ટ્રી ગર્લ કોણ છે?, વગેરે જેવા પ્રશ્નોએ ક્રિકેટ રસિકોમાં કુતુહલ પેદા કર્યુ છે. ભારત અને બાંગ્લાદેશની મેચ જોવા માટે શિખર ધવન દુબઇ આવી પહોંચ્યા હતા. અને અહીં તેમની સાથે વિદેશી મહિલા પણ જોવા મળી હતી. પ્રથમવાર શિખર આ યુવતી સાથે એરપોર્ટ પર જોવા મળ્યા હતા. અને બાદમાં તેઓ એકસાથે મેચ જોવા પણ આવી પહોંચ્યા હતા. શિખર ધવન હાલ પોતાની જિંદગીમાં એકલા છે. તેમના છૂટાછેડા થઇ ચુક્યા છે. આયશા મુખર્જી સાથે શિખરે પ્રથમ લગ્ન કર્યા હતા. આયશા પહેલાથી જ મેરીડ હતી. અને તેમને બે બાળકીઓ હતી. શિખર ધવન સાથે લગ્ન કર્યા બાદ આયશાએ પુત્રને જન્મ આપ્યો હતો. પરંતુ લગ્ન જીવનમાં તિરાડ પડતા આ કપલ અલગ થઇ ચુક્યુ છે. અનેક વખત પોતાના પુત્રથી અલગ થવાનું દુઃખ શિખર ધવને વ્યક્ત કર્યું છે. શિખર ધવનનો દીકરો ઓસ્ટ્રેલિયામાં તેની માતા આયશા સાથે રહે છે. ત્યારે હવે શિખર વિદેશ મહિલા સાથે જોવા મળતા દરેક સ્થળે આ બંને વ્યક્તિઓની ચર્ચા થઇ રહી છે. આ વિદેશી યુવતી સોફી છે. અને શિખર ધવન તેને ઈંસ્ટાગ્રામ પર પણ ફોલો કરે છે. આ બંને વચ્ચે મિત્રતા છે. પણ તેઓ એકબીજાને ડેટ કરી રહ્યા છે કે નહી તેની કોઇ માહિતી સામે આવી નથી. શિખર ધવન ખૂબ જ કૂલ છે અને ઘણીવાર સોશિયલ મીડિયા પર રમુજી પોસ્ટ્સ પોસ્ટ કરે છે.

## રોહિત શર્માએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં રચ્યો ઈતિહાસ

(એજન્સી) દુબઇ તા 21

2025માં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થયો. આ મેચમાં ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ઈતિહાસ રચ્યો. તે 11000 વનડે રન પૂરા કરનાર બીજો સૌથી ઝડપી ખેલાડી બન્યો. રોહિતે ભારતીય દિગ્ગજ સચિન તેંડુલકરને પાછળ છોડી દીધો છે. સચિને આ સિદ્ધિ મેળવવા માટે 276 ઈનિંગ્સ રમી હતી. રોહિત હવે ODI ક્રિકેટમાં આ સિદ્ધિ મેળવનાર કુલ 10મો ખેલાડી છે અને વિરાટ કોહલી, સચિન તેંડુલકર અને સૌરવ ગાંગુલી પછી ચોથો ભારતીય ખેલાડી છે.તમને જણાવી દઈએ કે રોહિત હવે ODI ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓના લિસ્ટમાં 10મા સ્થાને છે. પરંતુ તે પોતાનું સ્થાન સુધારી શકે છે કારણ કે તે નવમા ક્રમે રહેલા સૌરવ ગાંગુલીથી માત્ર 363 રન પાછળ છે, જેમના નામે 11,363 રન છે. આ લિસ્ટમાં ત્રીજા સ્થાને વિરાટ કોહલી એકમાત્ર એક્ટિવ ક્રિકેટર છે, જ્યારે ભારતીય દિગ્ગજ સચિન તેંડુલકર 18426 રન સાથે ટોપ પર છે. જો ભારત ચાલુ ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 જીતે છે, તો રોહિત શર્મા, જે ભારતની 2007 T20 વર્લ્ડકપ, 2013 ICC ચેમ્પિયન્સ ટ્રોફી અને 2024 ICC T20 વર્લ્ડકપ વિજેતા ટીમોનો ભાગ હતો, તે વિરાટ કોહલી સાથે ચાર ICC ઈવેન્ટ જીતનાર બીજો ભારતીય ખેલાડી બનશે. તે એમએસ ધોની પછી કેપ્ટન તરીકે બે ICC ઈવેન્ટ જીતનાર બીજો ભારતીય ખેલાડી પણ બનશે.

## તેમણે કહ્યું- પૂર્વ રાષ્ટ્રપતિ ઈચ્છતા હતા કે અન્ય કોઈ જીતે, આ માટે ₹ 182 કરોડનું ભંડોળ આપ્યું

# ટ્રમ્પનો બાઈડેન પર લોકસભા ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ

(એજન્સી) ન્યુ યોર્ક તા 21

ટ્રમ્પે કહ્યું કે હું રાષ્ટ્રપતિ બન્યો તે પહેલાં સરકારી તિજોરીનો મનસ્વી રીતે ઉપયોગ થઈ રહ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક મોટો રાજકીય બોમ્બ ફેંક્યો છે. ટ્રમ્પે કહ્યું કે, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બાઈડેનની યોજના ભારતમાં નરેન્દ્ર મોદી સિવાય કોઈ અન્ય નેતાને ચૂંટણી જીતાવવાની હતી. આ એક મોટો ખુલાસો છે, અમે ભારત સરકારને આ અંગે જાણ કરીશું. ટ્રમ્પ ગુરુવારે અમેરિકાના મિયામી શહેરમાં સાઉદી સરકારના ફ્યુચર ઈન્વેસ્ટમેન્ટ ઈનિશિયેટિવ (FII) સમિટમાં બોલી રહ્યા હતા. આ દરમિયાન, તેમણે કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)એ મતદાન વધારવાના નામે ભારતને 182 કરોડ રૂપિયાનું ભંડોળ આપ્યું. અમેરિકાની ચૂંટણીઓમાં, જ્યારે રશિયાએ ભારતને મોટી રકમ આપી રહી હતી.



### કોંગ્રેસે કહ્યું- સરકારે USAID પર શ્વેતપત્ર લાવવું જોઈએ

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના દાવાઓને વાહિયાત ગણાવ્યા છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે છેલ્લા 10 વર્ષ દરમિયાન USAID તરફથી ભારતમાં તમામ સરકારી અને બિન-સરકારી સંસ્થાઓને મળેલી સહાય પર શ્વેતપત્ર લાવવો જોઈએ. દરમિયાન, ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ જણાવ્યું હતું કે, પીએમ મોદીએ તેમની ચૂંટણી રેલીઓમાં વિદેશી હસ્તક્ષેપ અંગે ચેતવણી આપી દીધી છે.

**1. પૈસા ક્યાંથી આવ્યા? :** અમેરિકન એજન્સી USAID દ્વારા ભારતને આપવામાં આવેલ ભંડોળ 4000 કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય ભંડોળનો એક ભાગ હતો. 2. પૈસા ભારતમાં કેવી રીતે પહોંચ્યા આ પૈસા કન્સોર્ટિયમ ફોર ઈલેક્શન્સ એન્ડ પોલિટિકલ પ્રોસેસ સ્ટ્રેન્થનિંગ (CEPPS) નામની સંસ્થાને આપવામાં આવ્યા હતા. આ સંસ્થા પાસે ત્રણ NGO છે, IFES (ચૂંટણી જાગૃતિ માટે), NDI (લોકશાહીને પ્રોત્સાહન આપવા માટે) અને IRI (નાગરિક ભાગીદારી વધારવા માટે). CEPPS એ આ પૈસા એશિયામાં કામ કરતી એશિયન નેટવર્ક ફોર ફ્રી ઈલેક્શન્સ (ANFREL) નામની NGO ને આપ્યા. ત્યાંથી તે ભારતમાં IFES માં મળી આવ્યું.

**2. ભારતમાં કોને પૈસા મળ્યા?** પછી, આ પૈસા NGO, નાગરિક સમાજ જૂથો અને મતદાતા જાગૃતિમાં સામેલ રાજકીય પક્ષોને આપવામાં આવ્યા. તેમના નામ જાહેર કરવામાં આવ્યા નથી. પૈસા કેવી રીતે ખર્ચાયા આ પૈસાનો ઉપયોગ રેલીઓ, ડોર-ટુ-ડોર ઝુંબેશ અને વર્કશોપ યોજવા માટે કરવામાં આવ્યો હતો. અમુક વિસ્તારોમાં મતદાન વધારવા માટે પણ પૈસા ખર્ચવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકાર વિરુદ્ધનો માહોલ વધારવા માટે મીડિયા પ્રચાર કરવામાં આવ્યો. સ્વયંસેવકોને તાલીમ, ખોરાક, રહેવાની વ્યવસ્થા અને મુસાફરી ખર્ચ પૂરો પાડવામાં આવ્યો હતો. ટ્રમ્પે પીછેહઠ કરી, કહ્યું- ચીન સાથે નવો વેપાર સોદો શક્ય છે.

## અહી જો તમે લાપરવાહીથી ગાડી ચલાવી તો એટલો મોટો દંડ આવશે

(એજન્સી) યુએસ તા 21

યુએઈમાં નવા ટ્રાફિક નિયમો અનુસાર, જો દંડ ચૂકવવામાં ન આવે અને જપ્ત કરાયેલી કારનો ત્રણ મહિનાની અંદર દાવો ન કરવામાં આવે, તો વાહનોની હરાજી કરવામાં આવે છે. છે.11,78,622.50માં તમે ભારતમાં નવી કાર ખરીદી શકો છો. ભારતમાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન પર દંડ 20,000-25,000 રૂપિયા છે. પરંતુ સંયુક્ત આરબ અમીરાત (UAE) માં, જો કોઈ ટ્રાફિક નિયમો તોડે છે, તો તેને ભારતીય ચલણમાં મોટો દંડ ભરવો પડે છે. ખાસ કરીને લાપરવાહીથી ગાડી ચલાવનારને મોટો દંડ ફટકારવામાં આવે છે. આ દંડ એટલો મોટો હોય છે કે, ભારતીય પૈસામાં તો આટલામાં નવી કાર આવી જાય છે. વધુમાં, રાસ અલ ખૈમાહમાં બેદરકારીપૂર્વક વાહન ચલાવવા પર 20,000 દિરહામ સુધીનો દંડ અને ત્રણ મહિનાની વાહન જપ્તી નીતિ લાગુ પડે છે. જો દંડ ચૂકવવામાં ન આવે અને જપ્ત કરાયેલી કારનો ત્રણ મહિનાની અંદર દાવો ન કરવામાં આવે, તો રાસ અલ ખૈમાહમાં વાહનોની હરાજી કરવામાં આવે છે. UAE ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટેની ઉંમર માટે નવો કાયદો 29 માર્ચથી અમલમાં આવશે. હાલમાં લઘુત્તમ વય 18 વર્ષ છે, પરંતુ હવે તે ઘટાડીને 17 વર્ષ કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે UAE માં 17 વર્ષની ઉંમરના કોઈપણ વ્યક્તિને UAE બેદરકારીપૂર્વક વાહન ચલાવવા અને મોટરસાઈકલ ચલાવવા જેવા ગુનાઓ માટે, વાહન માલિકે જપ્તી પછી વાહન છોડવા માટે 20,000 દિરહામ ચૂકવવા પડશે.

## ભારતીય મૂળના કાશ પટેલ અમેરિકી તપાસ એજન્સી FBIના ડિરેક્ટર બન્યા

(એજન્સી) વોશિંગ્ટન તા 21

ભારતીય મૂળના કશ્યપ કાશ પટેલ યુએસ તપાસ એજન્સી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI)ના ડિરેક્ટર બન્યા છે. યુએસ સંસદના ઉપલા ગૃહ સેનેટે તેમની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. ગુરુવારે મતદાન દરમિયાન તેઓ 51-49 ની બહુમતી સાથે આ પદ માટે ચૂંટાયા હતા.

ડેમોક્રેટિક પાર્ટીના સાંસદો ઉપરાંત, બે રિપબ્લિકન સાંસદો સુસાન કોલિન્સ અને લિસા મુર્કોવસ્કીએ પટેલ વિરુદ્ધ મતદાન કર્યું. વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના સાંસદોને ડર છે કે પદ સંભાળ્યા પછી, કાશ પટેલ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશોનું પાલન કરશે અને તેમના વિરોધીઓને નિશાન બનાવશે. સેનેટ દ્વારા મંજૂરી મળ્યા પછી કાશ પટેલે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને એટર્ની જનરલ પામ બોન્ડીનો આભાર માન્યો હતો. ગુજરાતી પરિવારમાં જન્મેલા માતા-પિતા



યુગાન્ડાથી ભાગ્યા કાશ પટેલ ભારતીય ઈમિગ્રન્ટ્સનો દીકરો છે. તેમનો જન્મ એક ગુજરાતી પરિવારમાં થયો હતો. 1970ના દાયકામાં યુગાન્ડાના શાસક ઈદી અમીને તેમને દેશ છોડવાનો આદેશ આપ્યા બાદ કાશ પટેલના માતા-પિતા કેનેડા થઈને અમેરિકા ભાગી ગયા હતા. 1988માં પટેલના પિતાને અમેરિકી નાગરિકતા મળ્યા બાદ એક વિમાન કંપનીમાં નોકરી મળી. 2004માં કાયદાની ડિગ્રી પૂર્ણ કર્યા પછી, જ્યારે પટેલને કોઈ મોટી કાયદાકીય પેઢીમાં નોકરી ન મળી ત્યારે તેમણે સરકારી વકીલ તરીકે કામ કરવાનું શરૂ કર્યું. જોકે, તેમને પોતાને ગમતી નોકરી માટે 9 વર્ષ રાહ જોવી પડી.ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિ તરીકે ટ્રમ્પે 2019માં જો બાઈડનના પુત્ર વિશે માહિતી એકત્રિત કરવા માટે યુક્રેન પર દબાણ કર્યું હતું. આ કારણે વિપક્ષ તેમનાથી ગુસ્સે થયો. કોઈપણ કાનૂની ગૂંચવણો ટાળવા માટે, ટ્રમ્પે આ બાબતમાં મદદ કરવા માટે સલાહકારોની એક ટીમ બનાવી. આમાં કાશ પટેલનું નામ પણ હતું. પછી તેનું પહેલાથી જ ટ્રમ્પ પ્રત્યે વફાદાર હતો, તેમની ગણતરી ટ્રમ્પના સૌથી વફાદાર લોકોમાં થતી હતી. આ જ કારણ છે કે ઘણા અધિકારીઓ તેમનાથી ડરતા હતા.

## હમાસે 4 ઈઝરાયલી બંધકોના મૃતદેહ પરત કર્યા

(એજન્સી) ગાઝા તા 21

પેલેસ્ટિનિયન આતંકવાદી સંગઠન હમાસે ગુરુવારે ચાર ઈઝરાયલી બંધકોના મૃતદેહ રેડ ક્રોસ એજન્સીને સોંપ્યા. આમાં શિરી બિબાસ અને તેના 2 બાળકો એરિયલ બિબાસ અને કફિર બિબાસનો સમાવેશ થાય છે. 7 ઓક્ટોબર, 2023ના રોજ જ્યારે હમાસ દ્વારા તેમને બંધક બનાવવામાં આવ્યા ત્યારે એરિયલ 4 વર્ષનો હતો અને કફિર 9 મહિનાનો હતો. બાળકોના પિતા, યાર્ડેન બિબાસને આ મહિનાની શરૂઆતમાં મુક્ત કરવામાં આવ્યા હતા. ચોથી બોડી 83 વર્ષીય ઓડેડ લિફશિટ્ઝની છે. કિબુત્ઝ નીર ઓઝથી તેમનું પત્ની યોચેવેડ સાથે અપહરણ કરવામાં આવ્યું હતું. યોચેવેડને 24 ઓક્ટોબર, 2023ના રોજ હમાન દ્વારા મુક્ત કરવામાં આવ્યો હતો. હમાસ શનિવારે 6 બંધકોને મુક્ત કરશે. આ અગાઉ નક્કી કરાયેલ સંખ્યા કરતાં બમણી છે. આ બંધકોના બદલામાં ઈઝરાયલ ઓક્ટોબર 2023થી ધરપકડ કરાયેલી 19 વર્ષથી ઓછી ઉંમરની તમામ મહિલાઓ અને પેલેસ્ટિનિયનોને મુક્ત કરશે. આ સાથે ઈઝરાયલ ઈજિપ્ત સરહદ દ્વારા ગાઝામાં કાટમાળ દૂર કરવાના મશીનો લઈ જવાની પરવાનગી આપશે. જ્યારે કેફિરને બંદી બનાવવામાં આવ્યો ત્યારે તે માત્ર 9 મહિનાનો હતો. તે સમયે તે હમાસ દ્વારા પકડાયેલો સૌથી નાનો બંધક હતો. હમાસે નવેમ્બર 2023માં દાવો કર્યો હતો કે શિરી અને તેના બે બાળકો ઈઝરાયલી બોમ્બ ધડાકામાં માર્યા ગયા છે.ત્યાર પરિવારના સભ્યોના મૃત્યુ માટે ઈઝરાયલી પીએમ નેતન્યાહૂને દોષી ઠેરવી રહ્યા હતા.

## હબરાનામાં પેસેન્જર ટ્રેન હાથીઓના ટોળા સાથે અથડાઈ

(એજન્સી) શ્રીલંકા તા 21

શ્રીલંકાના હબરાના વિસ્તારમાં ગુરુવારે અકસ્માત થયો હતો. પેસેન્જર ટ્રેન હાથીઓના જૂથ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી હતી કે આ અકસ્માતમાં છ હાથીઓના મોત થયા હતા. જ્યારે બે ઘાયલ હાથીઓની સારવાર ચાલુ છે. આ ઘટના શ્રીલંકામાં અત્યાર સુધીની સૌથી ખરાબ ટ્રેન-હાથી ટક્કરની ઘટનાઓમાંની એક માનવામાં આવે છે. વન્યજીવ સંરક્ષણ સંગઠનો અનુસાર, દર વર્ષે લગભગ 20 હાથીઓના ટ્રેન અકસ્માતમાં મૃત્યુ થાય છે. શ્રીલંકાના હબરાનામાં એક પેસેન્જર ટ્રેન હાથીઓના ટોળા સાથે અથડાઈ હતી. જેમાં છ હાથીઓના મોત થયા અને બે ઘાયલ થયા. હતા વન્યજીવ નિષ્ણાતોના મતે, દર વર્ષે લગભગ 20 હાથીઓના ટ્રેન અકસ્માતમાં મૃત્યુ થાય છે. વનનાબૂદીને કારણે હાથીઓ માનવ વિસ્તારોમાં પહોંચી રહ્યા છે. સરકારે ટ્રેન ડ્રાઈવરોને સાવધ રહેવાની સૂચના આપી છે. શ્રીલંકામાં ટ્રેનો અને હાથીઓ વચ્ચે આવા અકસ્માતો સામાન્ય બની ગયા છે. આ ઉપરાંત, ગયા વર્ષે માનવ-હાથી સંઘર્ષમાં 170 થી વધુ લોકો અને લગભગ 500 હાથીઓના મોત થયા હતા.

## ઈઝરાયલમાં 3 બસમાં બોમ્બ વિસ્ફોટ:આતંકવાદી હુમલાની આશંકા

(એજન્સી) તેલ અવીવ તા 21

ગુરુવારે ઈઝરાયલની રાજધાની તેલ અવીવમાં બસમાં એક પછી એક વિસ્ફોટ થયા. આ બસો બાટ યામ અને હોલોન વિસ્તારોના પાર્કિંગમાં ખાલી ઉભી હતી. વિસ્ફોટમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. પોલીસે આતંકવાદી હુમલાની શંકા વ્યક્ત કરી છે. બે અન્ય બસોમાં પણ બોમ્બ મળી આવ્યા છે. ઈઝરાયલી પોલીસે જણાવ્યું હતું કે કુલ પાંચ બોમ્બ એકસરખા હતા અને ટાઈમરથી સેટ કરેલાં હતા. બોમ્બ સ્ક્વોડ દ્વારા નિષ્ક્રિય કરાયેલા બોમ્બને સુરક્ષિત રીતે દૂર કરવામાં આવ્યા છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલે અહેવાલ આપ્યો છે કે બોમ્બ શુક્રવારે સવારે બ્લાસ્ટ થવાના હતા. પરંતુ તેમના ટાઈમર ખોટી રીતે સેટ કરવામાં આવ્યા હતા, જેના કારણે રાત્રે વિસ્ફોટ થયો.



વિસ્ફોટ પછી, નેતન્યાહૂએ ઈઝરાયલ સંરક્ષણ દળોને પશ્ચિમ કાંઠે આતંકવાદી ઠેકાણાઓ સામે મોટા પાયે કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપ્યો છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે દેશભરમાં બસ અને ટ્રેન સેવાઓ બંધ કરી દીધી છે. બોમ્બ વિસ્ફોટ પછી બસોના 2 ફોટા... બાટ યામમાં પાર્કિંગમાં વિસ્ફોટ થયા બાદ એક બસ બળીને ખાખ થઈ ગઈ. બાટ યામમાં પાર્કિંગમાં વિસ્ફોટ થયા બાદ એક બસ બળીને ખાખ થઈ ગઈ. વિસ્ફોટ પછી ફોરેન્સિક નિષ્ણાતો બસની તપાસ કરવા પહોંચ્યા. બસ કંપનીનું નિવેદન- ડ્રાઈવર બસમાંથી ઉતરતાની સાથે જ વિસ્ફોટ થયો ડેન બસ કંપનીના ડિરેક્ટર ઓફીર કરણીએ મીડિયાને જણાવ્યું કે, વિસ્ફોટ થયેલી બસોમાંથી એક બસમાં સવાર એક મુસાફરે પાછળની સીટ પર એક શંકાસ્પદ બેગ જોઈ હતી. તેણે ડ્રાઈવરને આ વાતની જાણ કરી હતી. તેઓ ડેપો પહોંચ્યા, બસમાંથી ઉતર્યા અને તેઓ બહાર નીકળતાની સાથે જ બસમાં વિસ્ફોટ થયો. તેલ અવીવ પોલીસ વડા સરગારોવે પશ્ચિમ કાંઠાથી આતંકવાદી હુમલાની શંકા વ્યક્ત કરી છે. સરગારોફે કહ્યું કે વિસ્ફોટક ઉપકરણ પર કંઈક લખેલું હતું. જોકે, આ અંગે વધુ માહિતી આપવામાં આવી ન હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેના પર બદલો લેવાની ધમકી લખેલી હતી. ગુરુવારે ઈઝરાયલની રાજધાની તેલ અવીવમાં બસમાં એક પછી એક વિસ્ફોટ થયા. આ બસો બાટ યામ અને હોલોન વિસ્તારોના પાર્કિંગમાં ખાલી ઉભી હતી. વિસ્ફોટમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. પોલીસે આતંકવાદી હુમલાની શંકા વ્યક્ત કરી છે. બે અન્ય બસોમાં પણ બોમ્બ મળી આવ્યા છે. ઈઝરાયલી પોલીસે જણાવ્યું હતું કે કુલ પાંચ બોમ્બ એકસરખા હતા અને ટાઈમરથી સેટ કરેલાં હતા. બોમ્બ સ્ક્વોડ દ્વારા નિષ્ક્રિય કરાયેલા બોમ્બને સુરક્ષિત રીતે દૂર કરવામાં આવ્યા છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલે અહેવાલ આપ્યો છે કે બોમ્બ શુક્રવારે સવારે બ્લાસ્ટ થવાના હતા.

## દાવો- પોપના અંતિમ સંસ્કારનું રિહર્સલ થઈ રહ્યું છે

(એજન્સી) રોમ તા 21

ખ્રિસ્તી કેથોલિક ધર્મના સર્વોચ્ચ ધાર્મિક નેતા પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કાર માટે રિહર્સલ શરૂ થઈ ગઈ છે. રોમન કેથોલિક ચર્ચના મુખ્ય મથક વેટિકન અનુસાર, પોપે કહ્યું છે કે તેમને ન્યુમોનિયાથી બચવાની અપેક્ષા નથી. આ દાવો સ્વિસ અખબાર બ્લિક દ્વારા કરવામાં આવ્યો છે. આ સમાચાર સામે આવ્યા પછી, સ્વિસ ગાર્ડના પ્રવક્તાએ તેને અફવા ગણાવી અને કહ્યું કે ગાર્ડ્સને કર્ફ્યુ હેઠળ રાખવામાં આવ્યા છે. સ્વિસ ગાર્ડ્સ તેમની સામાન્ય દિનચર્યા કરી રહ્યા છે. હકીકતમાં, 88 વર્ષીય પોપ ફ્રાન્સિસ ન્યુમોનિયા અને



ફેફસાના ચેપને કારણે ગયા અઠવાડિયાથી રોમની જેમેલી હોસ્પિટલમાં દાખલ છે. વેટિકનમાં હાલની પરિસ્થિતિને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. વેટિકને ગુરુવારે કહ્યું કે, પોપની હાલત સ્થિર છે. તેમના લોહીના પરીક્ષણોમાં થોડો સુધારો જોવા મળી રહ્યો છે. સીએનએનએ વેટિકનના એક સૂત્રને ટાંકીને જણાવ્યું છે કે, પોપ તેમના પલંગ પરથી ઉભા થઈ શકે છે અને હોસ્પિટલના રૂમમાં ખુરશી પર બેસી શકે છે. સોમવારે શરૂઆતમાં વેટિકને કહ્યું હતું કે, પોપ ફ્રાન્સિસ શ્વસન માર્ગમાં પોલી માઈક્રોબાયલ ચેપથી પીડિત છે, જેના કારણે તેમની તબીબી સારવારમાં ફેરફાર કરવો પડ્યો હતો. આ પછી, મંગળવારે જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, બંને ફેફસાંમાં ન્યુમોનિયા હોવા છતાં પોપ ફ્રાન્સિસ સારા મૂડમાં છે. જ્યારે બુધવારે એવો અહેવાલ આવ્યો હતો કે પોપની હાલત ગંભીર છે. વેટિકન પ્રવક્તા માટ્ટેઓ બ્રુનીના જણાવ્યા અનુસાર, પોપ ફ્રાન્સિસના નજીકના સહાયકો સિવાય બીજું કોઈ તેમને મળવા આવ્યું ન હતું. બ્રુનીએ કહ્યું કે પોપ હોસ્પિટલમાંથી કામ કરી રહ્યા હતા.મુલાકાત પછી મેલોનીએ કહ્યું કે, પોપની હાલતમાં થોડો સુધારો થયો છે અને તેમના ચહેરા પર સ્મિત હતું. પોતાના નિવેદનમાં તેમણે કહ્યું, 'અમે હંમેશની જેમ મજાક કરી. પોપે હજુ પણ રમૂજની ભાવના ગુમાવી નથી. પોપની ભરતી થયા પછી તેમને મળનારા મેલોની પ્રથમ નેતા છે.'

## હવે કેનેડામાં સ્ટડી અને વર્ક પરમિટ થઈ શકે છે રદ

(એજન્સી) કેનેડા તા 21

કેનેડાએ તેના ઈમિગ્રેશન નિયમો પહેલા કરતા વધુ કડક બનાવ્યા છે. નવા નિયમો હેઠળ, બોર્ડર અને ઈમિગ્રેશન અધિકારીઓ હવે અસ્થાયી નિવાસી દસ્તાવેજો જેમ કે અભ્યાસ અને વર્ક પરમિટને રદ કરી શકશે. આ ફેરફારો ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) દ્વારા લાગુ કરવામાં આવ્યા છે, જે 31 જાન્યુઆરી, 2025થી અમલી બને છે અને કેનેડા ગેઝેટ II માં પ્રકાશિત થાય છે. આ રીતે, કેનેડામાં અભ્યાસ કરવા અથવા કામ કરવાનું વિચારી રહેલા લોકોની મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે. આઈઆરસીસીએ આ મામલે નિવેદન જાહેર કર્યું છે. તેના નિવેદનમાં, IRCCએ કહ્યું, "અમે પ્રક્રિયાઓને સુધારવાનું ચાલુ રાખીશું અને સરહદને સુરક્ષિત કરવા અને ઈમિગ્રેશન સિસ્ટમની સુરક્ષા માટે સાધનોમાં રોકાણ કરીશું." નવા નિયમો હેઠળ અધિકારીઓ ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ETA) અને પરમેનન્ટ રેસિડેન્સ વિઝા (TRV)ને રદ કરી શકે છે. જો ગુનાહિત રેકોર્ડ હોય અથવા તેના સંજોગોમાં કોઈને કોઈ રીતે ફેરફાર થતો હોય તો આવું થઈ શકે છે.

## અમેરિકામાંથી દેશનિકાલ 300 ઈમિગ્રન્ટ્સ પનામામાં કેદ :તેમાં ઘણા ભારતીયો; હોટલની બારીઓ પાસે ઊભા રહી મદદ માગી રહ્યા

(એજન્સી) પનામા તા 21

અમેરિકાએ 300 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પનામા દેશનિકાલ કર્યા છે. અહીં આ લોકોને એક હોટલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા છે. ભારત ઉપરાંત, આ ઈમિગ્રન્ટ્સમાં નેપાળ, શ્રીલંકા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ચીન, વિયેતનામ અને ઈરાનના લોકોનો સમાવેશ થાય છે. આ લોકો પોતાના દેશમાં પાછા ફરવા તૈયાર નથી. આ લોકો હોટલની બારીઓમાંથી મદદ માટે વિનંતી કરી રહ્યા છે. કેટલાક લોકો કાગળો પર 'અમને મદદ કરો' અને 'અમને બચાવો' લખીને બારીમાંથી બતાવી રહ્યા છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના દેશમાં મોકલવા પનામા ઉપરાંત ગ્વાટેમાલા અને કોસ્ટારિકા સાથે પણ કરાર કરવામાં આવ્યા છે.



### ભારતીય દૂતાવાસ પનામા અધિકારીઓના સંપર્કમાં

પનામામાં ભારતીય દૂતાવાસ તેના લોકોની સંભાળ માટે અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે. દૂતાવાસે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું- અધિકારીઓએ અમને જણાવ્યું છે કે, ભારતીયોનું એક જૂથ અમેરિકાથી પનામા પહોંચી ગયું છે. તે બધાને એક હોટલમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. દૂતાવાસની ટીમે કોન્સ્યુલર એક્સેસ મેળવી લીધો છે.

### 171 ઈમિગ્રન્ટ્સ પોતાના દેશમાં પાછા જવા માટે તૈયાર

પનામાના મંત્રી ફ્રેન્ક એબ્રેગોએ જણાવ્યું હતું કે, 171 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સ્વેચ્છાએ તેમના દેશમાં જવા માટે સંમત થયા છે, જ્યારે 97 અન્ય દેશમાં જવા માગે છે. આ લોકોને કોલંબિયા-પનામા સરહદ નજીક ડેરિયન જંગલમાં બનેલા કેમ્પમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. અહીંથી યુએન રેફ્યુજી એજન્સી તેમના બીજા દેશમાં ટ્રાન્સફરની વ્યવસ્થા કરશે.આ વર્ષે 4 ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં અમેરિકાએ ત્રણ રાઉન્ડમાં 332 ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કર્યા છે.

## આ દેશમાં સૂર્ય ક્યારેય નહીં થાય અસ્ત, ચાલી રહ્યુ છે યુદ્ધના ધોરણે કામ

(એજન્સી) લંડન તા 21

એક સમય હતો જ્યારે બ્રિટનનો સૂર્ય મધ્યાહને તપતો હતો. બ્રિટન માટે એવુ કહેવાતુ કે તેનો સૂર્ય ક્યારેય અસ્ત નથી થતો. કારણ કે અનેક દેશોને તેણે ગુલામ બનાવ્યા હતા. પરંતુ આજના સમયમાં એક એવો પણ દેશ છે જ્યાં થોડા વર્ષો બાદ સૂર્ય ક્યારેય અસ્ત નહીં થાય અને એ દેશ તેના પર યુદ્ધના ધોરણે કામ કરી રહ્યો છે. ત્યારે ક્યો છે એ દેશ અને કઈ ટેકનોલોજીની લેવાઈ રહી છે મદદ. જાણો વિગતવાર

ફ્રાન્સ વિશ્વનો સૌથી વિકસીત અને શક્તિશાળી દેશો પૈકીનો એક છે. આજકાલ તે એક અનોખી ટેકનોલોજી માટે ચર્ચામાં છે. ફ્રાન્સ ભારત સહિત અન્ય 30 દેશોની મદદથી એક એવો સૂર્યને બનાવવા જઈ રહ્યુ છે જે ક્યારેય અસ્ત નહીં થાય. આ સૂર્ય ક્યારેય ડૂબશે નહીં. આ ચમત્કાર સર્જવામાં ભારતનો પણ સિંહફાળો છે. ફ્રાન્સ તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, વૈજ્ઞાનિક પ્રગતિ અને સૈન્ય શક્તિ માટે જાણીતો છે. ટેકનોલોજીના ક્ષેત્રે હવે ફ્રાન્સ દુનિયા સમક્ષ નવો એક કિર્તિમાન સ્થાપવા જઈ રહ્યો છે.

તાજેતરમાં પીએમ મોદી ફ્રાંસની મુલાકાતે ગયા ત્યારે તેમણે ITER પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. આ પ્રોજેક્ટ અનેક દેશોના સહયોગથી બની રહ્યો છે. જેમા ભારત મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે. સૂર્યમાં જે પ્રકારે ઊર્જા ઉત્પન્ન થાય છે, આ પ્રોજેક્ટન ઉદ્દેશ્ય પણ એ જ પ્રકારે વીજળી ઉત્પન્ન કરવાનો છે. 'ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર એ છે. વર્ષ 2006માં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ભવનમાં એલિસી પેલેસમાં સાત દેશો ITER પ્રોજેક્ટ પર સાથે કામ કરવા માટે રાજી થયા હતા.

અમિત શાહે નવી દિલ્હીમાં આસામ રાઈફલ્સ દ્વારા આયોજિત 'એકતા ઉત્સવ-એક અવાજ, એક રાષ્ટ્ર'માં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી

# ઉત્તર પૂર્વ માટે એકતા શબ્દ ખૂબ જ મહત્વપૂર્ણ : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં આસામ રાઈફલ્સ દ્વારા આયોજિત 'એકતા ઉત્સવ-એક અવાજ, એક રાષ્ટ્ર'માં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે આસામ રાઈફલ્સના મહાનિર્દેશક સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં કહ્યું કે ઉત્તર પૂર્વ માટે એકતા શબ્દ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આઝાદી પછી ઘણા વર્ષો સુધી, દિલ્હીથી ઉત્તરપૂર્વના આટલા મોટા વિસ્તારનું ભૌતિક અને ભાવનાત્મક અંતર ખૂબ જ મોટું હતું. તેમણે કહ્યું કે કનેક્ટિવિટી દ્વારા, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર-પૂર્વ અને દિલ્હી વચ્ચેનું ભૌતિક અને હૃદયથી હૃદયનું અંતર દૂર કર્યું છે. આજે ઉત્તર પૂર્વ સમગ્ર ભારતનું છે અને સમગ્ર ભારત ઉત્તર પૂર્વનું છે. શ્રી શાહે કહ્યું કે મોદી સરકારે પૂર્વોત્તર માટે બજેટ જોગવાઈઓમાં સેંકડો રૂપિયાનો વધારો કર્યો છે અને પૂર્વોત્તરને 3-4 ગણું વધુ બજેટ આપ્યું છે. તેમણે કહ્યું કે 2027 સુધીમાં, ઉત્તર પૂર્વના તમામ આઠ રાજ્યો રેલ અને હવાઈ જોડાણ દ્વારા દિલ્હી સાથે જોડાયેલા હશે.

ગૃહમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ ઉત્તર પૂર્વને સમગ્ર ભારતમાં અષ્ટલક્ષ્મી તરીકે પ્રખ્યાત બનાવ્યું છે.






તેમણે કહ્યું કે ઉત્તર પૂર્વના તમામ 8 રાજ્યો દેશને દરેક રીતે સમૃદ્ધ બનાવવા માટે સક્ષમ છે. ઉત્તર-પૂર્વના યુવાનો માટે આર્થિક, સાંસ્કૃતિક, સુરક્ષા, રમતગમત અને સંશોધન અને વિકાસના ક્ષેત્રોમાં અપાર તકો રહેલી છે. મોદી સરકારે પર્યટનથી લઈને ટેકનોલોજી, રમતગમતથી લઈને અવકાશ, કૃષિથી લઈને ઉદ્યોગસાહસિકતા અને બેંકિંગથી લઈને વ્યવસાય સુધીના દરેક ક્ષેત્રમાં ઉત્તર પૂર્વ માટે ઘણી શક્યતાઓ ખોલવાનું કામ કર્યું છે.

શ્રી અમિત શાહે કહ્યું કે આપણા ઉત્તર પૂર્વમાં 220 થી વધુ વંશીય જૂથો અને 160 થી વધુ જાતિઓ રહે છે. અહીં 200 થી વધુ બોલીઓ અને ભાષાઓ બોલાય છે, 50 થી વધુ અનોખા તહેવારો ઉજવવામાં આવે છે અને 30 થી વધુ પરંપરાગત નૃત્યો અને 100 થી વધુ વાનગીઓ હજુ પણ આ પ્રદેશમાં અસ્તિત્વમાં છે. તેમણે કહ્યું કે આ બધું સમગ્ર ભારત માટે એક વિશાળ સમૃદ્ધ વારસાનો ખજાનો છે અને સમગ્ર દેશને આ વારસા પર ગર્વ છે. શ્રી શાહે કહ્યું કે ઉત્તર પૂર્વ વિના ભારત અને ભારત વિના ઉત્તર પૂર્વ અધૂરું છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીએ જણાવ્યું હતું કે આ પૂર્વોત્તર એકતા મહોત્સવની થીમ એક અવાજ, એક રાષ્ટ્ર છે. તેમણે કહ્યું કે આપણો દેશ અનેક ભાષાઓ, સંસ્કૃતિઓ, ભોજન અને પોશાકનું અદ્ભુત મિશ્રણ છે અને વિવિધતામાં આ એકતા આપણા દેશની વિશેષતા અને સૌથી મોટી તાકાત છે. એકતા ઉત્સવના આ પાંચ દિવસીય ભવ્ય ઉજવણીએ દિલ્હીમાં ઉત્તર-પૂર્વની એકતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિ દર્શાવવાનું કામ કર્યું છે. શ્રી શાહે કહ્યું કે આસામ રાઈફલ્સ ભારતનું સૌથી જૂનું અર્ધલશ્કરી દળ છે અને આસામ રાઈફલ્સ ઉત્તર પૂર્વના સાચા મિત્ર તરીકે ઓળખાય છે. તેમણે કહ્યું કે આસામ રાઈફલ્સે ઉત્તર-પૂર્વને અનેક કટોકટીઓમાંથી બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે આજે આ કાર્યક્રમ દ્વારા, આસામ રાઈફલ્સે સમગ્ર દેશ અને વિશ્વ સમક્ષ ઉત્તર-પૂર્વની એકતા અને સાંસ્કૃતિક શક્તિનું પ્રદર્શન કરવામાં સફળતા મેળવી છે.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં 212 ટીમો અને 1500 વિદ્યાર્થીઓએ રમતગમતના કાર્યક્રમોમાં ભાગ લીધો હતો અને 150 થી વધુ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તેમણે કહ્યું કે આજે જીતેલા મોટાભાગના ઈનામો મણિપુરમાં આવ્યા છે, જે મણિપુરમાં રમતગમતનું મહત્વ દર્શાવે છે. ઉત્તર-પૂર્વમાં રમતગમતની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રી મોદીએ મણિપુરમાં દેશની પ્રથમ રમતગમત યુનિવર્સિટી બનાવવાનું નક્કી કર્યું. શ્રી શાહે કહ્યું કે ભારતમાં રમતગમતના વિકાસ માટે સ્પોર્ટ્સ ફોર ઓલ, સ્પોર્ટ્સ ફોર એક્સેલન્સ એ ફોર્મ્યુલા બની ગયા છે. ગૃહમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત 2036 માં ઓલિમ્પિક રમતોનું આયોજન કરશે, જેમાં ભારત ટોચના 10 માં હશે.

20 રૂપિયા લે અને મોઢું બંધ રાખ...'

## 'બિહારમાં પ્રિન્સિપાલે બીજા ધોરણની વિદ્યાર્થિનીનું જાતીય શોષણ કર્યું



(એજન્સી) બિહાર । તા. 21

બિહારના જમુઈના એક સરકારી શાળામાં અત્યંત શરમજનક ઘટના બની છે. જમુઈના સોનો ગામની સરકારી શાળાના પ્રિન્સિપાલ શમશેર આલમે બીજા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને અડપલાં કર્યા હતાં. તેમજ તેનું મોઢું બંધ રાખવા માટે રૂ. 20 આપી લાલચ આપી હતી. પ્રિન્સિપાલ શમશેર આલમે બીજા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને રૂ. 20ની લાલચ આપી તેની સાથે યૌન શોષણ કર્યું હતું. બાદમાં બાળકીને કહ્યું કે, આ લે 20 રૂપિયા, તારૂ મોઢું બંધ રાખજે, પૈસા આવશે તો સૌથી પહેલાં તને જ આપીશ. આ ઘટના બાદ બાળકી શોકમાં ગરકાવ થઈ હતી.

### બાળકી ડરી ગઈ, શાળાએ જવાનું બંધ કર્યું

નાની છ વર્ષની બાળા સાથે આ દુષ્કર્મની ઘટના બનતાં તે શોકમાં ગરકાવ થઈ હતી. તે એટલી હદે ડરી ગઈ હતી કે, તેણે શાળાએ આવવાનું જ બંધ કરી દીધું હતું. બાળકીના વર્તનમાં ફેરફાર તેમજ શાળાએ ન જવાનું કારણ જાણવાનો પ્રયાસ કર્યો તો બાળકી જોર-જોરથી રડવા લાગી અને તેણે પોતાની મમ્મીને પ્રિન્સિપાલની કરતૂત વિશે જણાવ્યું.

### પોલીસ ફરિયાદ થઈ

જમુઈ જિલ્લાના સોનો ગામમાં સ્થિત નવીન પ્રાથમિક મકતબ, ખપરિયા વિદ્યાલયના પ્રિન્સિપાલે બીજા ધોરણમાં અભ્યાસ કરતી નાની બાળાનું યૌન શોષણ કરવાની જાણ થતાં ગ્રામજનો રોષે ભરાયા હતા. શાળાની બહાર ગ્રામીણોની ભીડ એકઠી થઈ હતી, તેમજ તમામે પ્રિન્સિપાલનો વિરોધ કર્યો હતો. બાળકીની દાદીએ તો શમશેર આલમને ચંપલ વડે ફટકાર્યો હતો. સોનો પોલીસ સ્ટેશને લેખિત ફરિયાદ નોંધી પ્રિન્સિપાલની ધરપકડ કરી હતી.

### શમશેર આલમ શરીરથી અપંગ

ડીસીપી આફતાબ આલમે જણાવ્યું હતું કે, નવીન પ્રાથમિક મકતબ ખપરિયા શાળાનો પ્રિન્સિપાલ શમશેર આલમ શરીરથી દિવ્યાંગ છે, પરંતુ તેના મગજમાં ખૂબ કચરો ભરાયેલો છે. વિકૃત માનસિકતા ધરાવતો આ પ્રિન્સિપાલને ગ્રામજનોએ માર માર્યો હતો. બીજી બાજુ શમશેર આલમે પોતાની ઉપર મૂકાયેલા તમામ આરોપોને ખોટા ઠેરવ્યા છે. તેમણે કહ્યું કે, તે 14 વર્ષથી શાળામાં કાર્યરત છે. શિક્ષણ વિભાગે પ્રિન્સિપાલની આ કરતૂતના કારણે શો કોઝ નોટિસ પાઠવી છે. આરોપો સાબિત થાય તો તેની વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મોતને ભેટેલાં તમામ લોકો એક જ પરિવારના હતાં

# મહાકુંભથી પરત ફરતાં શ્રદ્ધાળુઓની કાર ટ્રકમાં ઘૂસી, બિહારમાં ગમખ્વાર અકસ્માતમાં 6ના મોત

(એજન્સી) બિહાર । તા. 21

બિહારના આરામાં માર્ગ અકસ્માતમાં મહાકુંભથી પરત ફરતાં પરિવારનો અકસ્માત થતાં એકસાથે 6 લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. આ ઘટના શુક્રવારે (21 ફેબ્રુઆરી) વહેલી સવારે આરા-મોહનિયા નેશનલ હાઈવે પર પેટ્રોલ પંપ પાસે થઈ હતી. અહીં એક ઊભેલાં ટ્રક સાથે પાછળથી કારે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, કારનો ભૂકો બોલાઈ ગયો હતો. અકસ્માતમાં સવાર તમામ 6 લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. અકસ્માત બાદ ઘટનાસ્થળે પહોંચેલા પોલીસે તમામ મૃતકોને બહાર કાઢ્યા. મોતને ભેટેલાં તમામ લોકો એક જ પરિવારના હતાં. પરિવાર પટણાના જક્કનપુરનો રહેવાસી હતો અને પ્રયાગરાજ કુંભમાં સ્નાન કરીને પરત ફરી રહ્યો હતો. મૃતકોના પરિવારજનોએ જણાવ્યું કે, તમામ લોકો ગુરૂવારે (20 ફેબ્રુઆરી) મહાકુંભ સ્નાન માટે પ્રયાગરાજ ગયા હતાં. શુક્રવારે (21 ફેબ્રુઆરી) સવારે ઝોકું આવી જવાથી કાર ટ્રક સાથે અથડાઈ હતી.



### મૃતકોમાં 4 મહિલા અને 2 પુરૂષ

જણાવી દઈએ કે, મૃતકોમાં 4 મહિલા અને 2 પુરૂષ છે. પટણાના જક્કનપુર સ્થિત સુદામા કૉલોની નિવાસી વિશુન દેવ પ્રસાદના દીકરા સંજય કુમાર, પત્ની કરૂણા દેવી, દીકરા લાલ બાબૂ સિંહ તેમની ભત્રીજી અને પ્રિયમ કુમારી છે. આ સિવાય પટણાના કુંભાર નિવાસી આનંદ સિંહની દીકરી આશા કિરણ, ચંદ્રભૂષણ પ્રસાદની દીકરી જૂહી રાની અકસ્માતમાં મોતને ભેટ્યાં છે.

### ઝોકું આવતા 6 લોકોના થયાં મોત

મૃતક સંજયના ભાઈએ જણાવ્યું કે, બુધવારે એક સ્કૉર્પિયોથી 7 લોકો અને બલેનો કારથી પતિ-પત્ની, દીકરા, ભત્રીજા સહિત 6 લોકો પ્રયાગરાજ મહાકુંભમાં ત્રિવેણી સ્નાન માટે ગયા હતાં. પ્રયાગરાજથી પરત ફરતાં સમયે સંજય કુમારના દીકરા લાલ બાબુ ગાડી ચલાવી રહ્યા હતાં. આ દરમિયાન લાલ બાબુને ઊંઘનું ઝોકું આવી ગયું. જેથી ગાડી રસ્તાના કિનારે ઊભાં ટ્રકથી અથડાઈ હતી. મૃતકના ભાઈએ જણાવ્યું કે, જતાં સમયે પણ લાલ બાબુને ઊંઘનું ઝોકું આવી ગયું હતું.

લોકો અને પાર્ટી કાર્યકરોનો પણ આભાર માન્યો

## રાયબરેલી માટે રાહુલ ગાંધીની 'ડબલ એન્જિન MP થિયરી', કહ્યું - 'અહીંથી પ્રિયંકા અને હું...'

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

દેશમાં ચૂંટણી ગમે તે હોય પણ ડબલ એન્જિન એક એવો શબ્દ છે જે ખૂબ જ સાંભળવા મળે છે. રાજ્યની ચૂંટણીઓમાં, ભારતીય જનતા પાર્ટી (BJP) નેતાઓ ડબલ એન્જિન સરકારના નારા આપે છે. તેમજ એક સમયે સત્તામાં રહેલી આમ આદમી પાર્ટીએ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં પણ ડબલ એન્જિનને તેના પ્રચારનો મુખ્ય આધાર બનાવ્યો હતો. હવે પહેલીવાર ડબલ એન્જિનનો ઉપયોગ સરકાર માટે નહીં પણ સાંસદ માટે કરવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશની રાયબરેલી સીટના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બે એમપીની થિયરી આપી છે, જેના પછી ડબલ એન્જિન એમપી ચર્ચામાં આવી ગયા છે.રાહુલ ગાંધી ગુરુવારે તેમના સંસદીય ક્ષેત્ર રાયબરેલીના ઉંચાહારમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા. ત્યાં તેમણે કહ્યું હતું કે, 'રાયબરેલી એક એવી બેઠક છે, જે સમગ્ર ભારતમાં કદાચ એકમાત્ર એવો મતવિસ્તાર છે કે જ્યાં બે સાંસદો છે. એક હું અને એક પ્રિયંકા. તેને પણ અહીં બોલાવો. ક્યારેક તમારે પ્રિયંકાને પણ આમંત્રણ આપવું જોઈએ. તે મને વાયનાડ બોલાવે છે અને હું પણ જાઉં છું. પ્રિયંકા ગાંધી પણ રાયબરેલીના સાંસદ છે, તેથી તમારે તેમને પણ અહીં આમંત્રણ આપવું જોઈએ.'રાહુલ ગાંધીએ આ કાર્યક્રમમાં લોકસભા ચૂંટણીમાં સમર્થન આપવા બદલ રાયબરેલીના લોકો અને પાર્ટી કાર્યકરોનો પણ આભાર માન્યો હતો.

'વિદ્યાર્થિનીને CPR આપવામાં આવ્યું હતું'

## સ્કૂલે જતી ધો.10ની વિદ્યાર્થીની અચાનક ઢળી પડી, હાર્ટ એટેકને કારણે મોતથી પરિવાર શોકમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ધોરણ 10માં ભણતી 16 વર્ષીય વિદ્યાર્થીની શ્રી નિધિનું હાર્ટએટેકના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું. શ્રી નિધિ સ્કૂલે જતી વખતે તેને હૃદયરોગનો હુમલો આવ્યો હતો.



હુમલા પછી તરત જ શ્રી નિધિને હોસ્પિટલ લઈ જવામાં આવી, પરંતુ તેમને બચાવી શકાઈ નહીં. મૃતકના પરિવારના સભ્યોનું કહેવું છે કે, 'શ્રી નિધિને છાતીમાં દુ:ખાવો થયો હતો અને તે ઢળી પડી હતી. આ ઘટના શાળાની નજીક બની હતી.'ઘટનાસ્થળે હાજર લોકોએ તાત્કાલિક શ્રી નિધિને હોસ્પિટલ લઈ ગયા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા. ડોક્ટરોએ જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થિનીને CPR આપવામાં આવ્યું હતું. પરંતુ કોઈ પ્રતિભાવ મળ્યો નહીં. આ પછી તેમને બીજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા.' આ ઘટનાને કારણે શાળામાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ ઘટનાથી બધા આશ્ચર્યચકિત છે કે 16 વર્ષીય વિદ્યાર્થિનીને હાર્ટ એટેક કેવી રીતે આવ્યો. અલીગઢના સિરૌલી ગામના છઠ્ઠા ધોરણના વિદ્યાર્થી મોહિત ચૌધરીનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. વિદ્યાર્થી સ્પોર્ટ્સ ડે પર કાર્યક્રમની તૈયારી કરી રહ્યો હતો અને આ દરમિયાન તે ઢળી પડ્યો હતો. જ્યારે તે હોસ્પિટલ પહોંચ્યો ત્યારે ડોક્ટરોએ કહ્યું કે તેનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું છે.

2 મિનિટ બોલવામાં પણ તકલીફ!

## મહારાષ્ટ્રના દિગ્ગજ મંત્રીને થઈ દુર્લભ બીમારી, જેની કોઈ સારવાર પણ નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

મહારાષ્ટ્રના મંત્રી ધનંજય મુંડે ઘણા આરોપોથી ઘેરાયેલા છે, જેના કારણે તેમને અનેક સવાલો પૂછવામાં આવી રહ્યા છે. આ સવાલોના જવાબ આપવામાં અસમર્થ ધનંજય મુંડેની હવે બોલતી જ બંધ થઈ ગઈ છે. એવામાં હવે મહારાષ્ટ્રના મંત્રી અને NCP અજિત પવાર જૂથના નેતા ધનંજય



મુંડેએ ગુરુવારે એક મોટો ખુલાસો કરતા કહ્યું હતું કે, 'મને 'બેલ્સ પાલ્સી' નામની બીમારી છે, જેના કારણે મારી બોલવાની ક્ષમતા પર અસર પડી છે.'બેલ્સ પાલ્સી એક એવી બીમારી છે, જેના કારણે ચહેરાના સ્નાયુઓ નબળા પડી જાય છે. ધનંજય મુંડેએ ફેસબુક પર પોતાની એક પોસ્ટ દ્વારા આ વાતનો ખુલાસો કર્યો છે. ધનંજય મુંડેએ પોતાની પોસ્ટમાં કહ્યું, 'હાલમાં હું બે મિનિટ પણ યોગ્ય રીતે બોલી શકતો નથી, જેના કારણે હું કેબિનેટની બેઠકો અને જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈ શકતો નથી.'નિષ્ણાતો અનુસાર, બેલ્સ પાલ્સી ચહેરાના સ્નાયુઓના નબળા પડવા અથવા લકવા સાથે સંકળાયેલ છે. તે અચાનક શરૂ થઈ શકે છે અને દર્દીની સ્થિતિ 48 કલાકની અંદર બગડી શકે છે. આ સામાન્ય રીતે ચહેરા અથવા માથામાં દુખાવો અને અસ્વસ્થતાનું કારણ બને છે. તે કોઈપણ ઉંમરે થઈ શકે છે, પરંતુ તે સગર્ભા સ્ત્રીઓ અને ડાયાબિટીસ, ઈન્ફ્લ્યુએન્ઝા, શરદી અથવા શ્વસન સમસ્યાઓ ધરાવતા લોકોને વધુ અસર કરે છે.

# હાથરસ નાસભાગમાં 121 ના મોત મામલે ભોલે બાબાને ક્લિનચીટ, પોલીસ-આયોજકને જવાબદાર ઠેરવાયા

(એજન્સી) હાથરસ । તા. 21

ઉત્તર પ્રદેશના હાથરસમાં 2 જુલાઈ, 2024ના રોજ બનેલી ભયાનક નાસભાગની ઘટનામાં ન્યાયિક પંચે પોતાનો અહેવાલ સરકારને સોંપ્યો છે. આ દુર્ઘટનામાં 121 લોકોના દુ:ખદ મોત થયા હતા તેમજ ઘણા લોકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના સત્સંગ કાર્યક્રમ દરમિયાન થઈ હતી અને હવે આ મામલે ન્યાયિક પંચે પોતાનો રિપોર્ટ સરકારને સોંપી દીધો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ ઘટના માટે સત્સંગના આયોજકો મુખ્યત્વે જવાબદાર હતા, જોકે પોલીસ અને વહીવટીતંત્રની બેદરકારીને પણ ગંભીર ભૂલ ગણવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, જે સત્સંગમાં નાસભાગ થઈ હતી તેના આયોજકોએ સુરક્ષાના ધોરણોનું પાલન કર્યું ન હતું. જોકે, SITની જેમ જ જ્યુડિશિયલ કમિશને પણ સત્સંગ પ્રવચનકર્તા સૂરજપાલ ઉર્ફે 'ભોલે બાબા'ને આ દુર્ઘટનાથી અલગ ગણીને તેમને ક્લિનચીટ આપી છે. તપાસમાં તારણ આવ્યું કે નાસભાગમાં બાબાની કોઈ ભૂમિકા ન હતી, પરંતુ અરાજકતા અને ગેરવહીવટને કારણે આ ઘટના બની હતી.રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પોલીસે પણ તેમની જવાબદારી ગંભીરતાથી નિભાવી નથી. ભીડ વ્યવસ્થાપન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી ન હતી, જેના કારણે અચાનક નાસભાગ મચી અને મોટી સંખ્યામાં લોકો કચડાઈ ગયા હતા અને જીવ ગુમાવ્યા હતા.

## પરીક્ષામાં નકલ કરતાં રોક્યા તો ધડાધડ ફાયરિંગ કર્યું, બિહારમાં એક વિદ્યાર્થીનું મોત

(એજન્સી) બિહાર । તા. 21

બિહારના સાસારામમાંથી એક ચોંકાવનારો અને ગંભીર મામલો સામે આવ્યો છે. અહીં એક પરીક્ષા કેન્દ્રમાં ઉત્તરવહીમાં જોઈને ચોરી કરતા રોક્યા તો બે ગ્રુપ વચ્ચે મારપીટ અને અંધાધૂંધ ફાયરિંગ થયું. આ દરમિયાન ગોળી વાગવાથી 16 વર્ષના વિદ્યાર્થીનું મોત નીપજ્યું છે. વિવાદમાં સામેલ તમામ વિદ્યાર્થીઓ ધોરણ 10ની પરીક્ષા આપી રહ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે એક સગીર છોકરાને હથિયાર સાથે પકડ્યો છે. વિદ્યાર્થીના મોતથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.આ ઘટના ધૌડાઢ પોલીસ સ્ટેશન વિસ્તારના તારાચંડી નજીક બની હતી જ્યાં ધોરણ 10ની પરીક્ષા ચાલી રહી હતી. પરીક્ષા કેન્દ્રમાં ઉત્તરવહીઓ જોઈને ચોરી કરતા રોકતા વિદ્યાર્થીઓમાં વિવાદ થઈ ગયો અને બંને ગ્રુપો એકબીજા સાથે અથડાયા. આ ફાયરિંગમાં એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું છે જ્યારે બીજો વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયો છે.મૃતક અમિત કુમાર ડેહરીના શંભૂ બિગહાના નિવાસી મનોજ યાદવનો દીકરો હતો. વિવાદમાં સામેલ તમામ છોકરા હાઈ સ્કૂલ ડેહરીના વિદ્યાર્થી છે. આ તમામનું પરીક્ષા કેન્દ્ર સાસારામના સંત અન્ના હાઈ સ્કૂલમાં છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે પરીક્ષા દરમિયાન જ્યારે એક્ઝામ હોલની અંદર ઉત્તરવહીમાં જોઈને ચોરી કરતા રોક્યા તો કેટલાક છોકરાઓએ બબાલ કરી. આ બબાલમાં મારપીટ દરમિયાન જ ફાયરિંગ કરવામાં આવ્યું જેમાં બે વિદ્યાર્થીઓને ગોળી વાગી. સારવાર દરમિયાન અમિત કુમારનું મોત થઈ ગયું છે જ્યારે બીજી તરફ બીજો વિદ્યાર્થી સંજીત કુમારની હાલત ગંભીર છે. પોલીસે અમિતના મૃતદેહને પોસ્ટમોર્ટમ કરીને પરિવારને સોંપી દીધો છે.

પબ્લિક નોટિસ
ઈઝી હોમ ફાઇનાન્સ લિમિટેડ
easy home finance
CIN: U74999MH2017PLC297819
રજિસ્ટર્ડ ઓફિસ : 302, 3 જો માળ, સવોય ચેમ્બર્સ, દત્તાત્રેય રોડ એન્ડ વી પી રોડ (એક્સટેન્શન), સાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ - 400054
ટેલીફોન નંબર :- 022 26609500
ઈમેલ : cs@easyhomefinance.in વેબસાઈટ : www.easyhimefinance.in

શાખા કચેરીના સરનામાની સુધારણા.

રાજકોટ ખાતેની ઈઝી હોમ ફાઇનાન્સ લિમિટેડની બ્રાન્ચ ઓફિસને 10 જાન્યુઆરી 2025 થી નીચે જણાવેલ "વાસ્તવિક સરનામા" પર ખસેડવામાં આવી હતી. નોટિસ દ્વારા કંપનીના ગ્રાહકને ચોક્કસ શાખા સ્થાન વિશે જાણ કરવામાં આવી છે કારણ કે અગાઉની પ્રકાશિત નોટિસમાં કેટલીક ટાઇપોગ્રાફિકલ ભૂલ હતી.

| શાખા | સ્થળાંતરની તારીખ | પ્રકાશિત સરનામું | સાચું સરનામું | રાજ્ય |
|---|---|---|---|---|
| રાજકોટ | જાન્યુઆરી 10, 2025 | ઓફિસ નંબર 1117, 11 મો માળ, આર કે આઈકોનિક, શીતલ પાર્ક પાસે, 150 ફુટ રિંગરોડ સામે, રાજકોટ - 360006 | ઓફિસ નંબર 1116, 11 મો માળ,ટાવર બી, આર કે આઈકોનિક, શીતલ પાર્ક પાસે, 150 ફુટ રિંગરોડ સામે, રાજકોટ - 360006 | ગુજરાત |

10 જાન્યુઆરી 2025 થી "વાસ્તવિક સરનામું" હેઠળ ઉલ્લેખિત સ્થાન એ વ્યવહાર અને ગ્રાહક સેવાની સ્વીકૃતિનો અધિકૃત મુદ્દો છે. આ સંદર્ભે એક સંદેશાવ્યવહાર શાખા ગ્રાહકને જાણ કરવામાં આવી છે. ગ્રાહક તેમની પૂછપરછ/ક્વેરીઝ customercare@easyhomefinance.in પર પણ મોકલી શકે છે.

વતી , ઈઝી હોમ ફાઇનાન્સ લિમિટેડ
Sd/- કંપની સેક્રેટરી.

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER
Branch : Mankol, Near karmbhoomi Petroleum, Mankol Chokdi, Sanand Nalsarovar road, Mankol, Amedabad- 382110

PUBLIC NOTICE - PRIVATE SALE OF GOLD

Notice is hereby given public in general and the account holder in particular that gold ornaments in the below mentioned account/s will be put to private sale by Federal Bank Ltd on 07-03-2025 or any subsequent date/s at the branches shown below as the concerned borrowers failed to redeem the pledged items /regularise the loan account/s. Respective branches may be contacted for further information.

| Branch Name | Loan Account Number |
|---|---|
| MANKOL | 21826400018803 |
| MANKOL | 21826400019942 |
| MANKOL | 21826400019199 |
| MANKOL | 21826400019207 |
| MANKOL | 21826400022755 |
| MANKOL | 21826400023423 |
| MANKOL | 21826400017599 |
| MANKOL | 21826400019462 |
| MANKOL | 21826400021278 |
| SANAND | 18466400025436 |
| SANAND | 18466400028513 |
| SANAND | 18466400022912 |

Place: MANKOL
Date: 21-02-2025
Sd/-
Authorised Officer
For, The Federal Bank Ltd

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER
ગ્રાઉન્ડ ફ્લોર, એલીગન્સ આર્કેડ, બેંક ઓફ ઈન્ડિયા પાસે, સ્ટેશન રોડ, મણિનગર, અમદાવાદ, ગુજરાત - 38008

ગોલ્ડ લોન - વેચાણ નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને ખાતાધારકોને સૂચના આપવામાં આવે છે કે નીચે જણાવેલ ખાતા/ઓ માં ગીરવે રાખેલા સોનાના દાગીનાની ઈ-ઓક્શન ફેડરલ બેંક લિમિટેડ દ્વારા 07/03/2025 ના રોજ ઓનલાઈન પોર્ટલ દ્વારા હાથ ધરવામાં આવશે, https://gold.samil.in પર રસ ધરાવતા ખરીદદારો હરાજી પોર્ટલ પર લૉગ ઈન કરી શકે છે અથવા વધુ માહિતી માટે બેંકનો સંપર્ક કરી શકે છે. જો ઉપર દર્શાવેલ તારીખે કોઈપણ કારણોસર ઈ-ઓક્શન સાકાર ન થાય તો, ગીરવે મૂકેલા આભૂષણોની કોઈપણ અથવા તમામ વસ્તુઓના સંદર્ભમાં, બેંક આગળની કોઈપણ તારીખ/ઓ પર કોઈપણ વધુ સૂચના વિના વસ્તુઓનું ખાનગી વેચાણ હાથ ધરશે.

| શાખાનું નામ | લોન એકાઉન્ટ નંબર |
|---|---|
| અમદાવાદ / મણિનગર | 18796100142069 |
| અમદાવાદ / મણિનગર | 18796100147498 |
| અમદાવાદ / મણિનગર | 18796400003128 |
| અમદાવાદ / મણિનગર | 18796400003227 |
| અમદાવાદ / મણિનગર | 18796400003375 |
| અમદાવાદ / મણિનગર | 18796400000747 |
| અમદાવાદ / મણિનગર | 18796800031588 |
| અમદાવાદ / મણિનગર | 18796800034129 |
| અમદાવાદ / મણિનગર | 18796100145849 |
| અમદાવાદ / મણિનગર | 18796800036066 |
| અમદાવાદ / મણિનગર | 18796800030747 |
| અમદાવાદ / મણિનગર | 18796800031778 |
| અમદાવાદ / મણિનગર | 18796800036868 |
| અમદાવાદ / મણિનગર | 18796100142861 |
| અમદાવાદ / મણિનગર | 18796800030663 |
| અમદાવાદ / મણિનગર | 18796800030887 |
| અમદાવાદ / મણિનગર | 18796800030929 |
| અમદાવાદ / મણિનગર | 18796100143745 |
| અમદાવાદ / મણિનગર | 18796800032420 |
| અમદાવાદ / મણિનગર | 18796800036009 |

સ્થળ : અમદાવાદ
તારીખ : 22/02/2025
S/d- અધિકૃત અધિકારી
ધી ફેડરલ બેન્ક લિમિટેડ લિ. વતી

### રાજ્ય વહીવટી સેવાના 20 અધિકારીઓને IAS બનાવાયા

રાજ્ય વિધાનસભા ગૃહમાં આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ વિશેના પૂછાયેલા પ્રશ્નના જવાબમાં પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આઈએએસનું 313નું મહેકમ છે, આ પૈકી 257 આઈએએસની જગ્યા ભરાયેલી છે અને 56 જગ્યાઓ ખાલી છે. દરમિયાનમા ગુજરાત સરકારે 20 ગેસ કેડરના અધિકારીઓને આઈએએસમાં નોમિનેશન આપતા ગુજરાતને ચાલુ વર્ષે 30 આઈએએસ અધિકારીઓ મળશે તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

### શટલ રિક્ષામાં કડી જતી મહિલાને બેભાન કરી રૂ.2.19ની લાખ લૂંટ

અમદાવાદ | અમદાવાદના સુભાષબ્રિજથી કડી જવા માટે શટલ રિક્ષામાં બેઠેલી મહિલાને અડાલજ કેનાલ પાસે બેભાન કરી દાગીના-રોકડ સહિત રૂ.2.19 લાખ લૂંટી લેવાયા હોવાનો બનાવ સાંતેજ પોલીસ મથકમાં નોંધાયો છે. રિક્ષામાં પેસેન્જર તરીકે બેઠેલી બે છોકરીઓએ શેરડીનો રસ પીવડાવી મહિલાને બેભાન કરી દીધી હતી. આ બનાવમાં રિક્ષાચાલક, બે છોકરીઓ અને એક મહિલાએ એક સંપ કરી છેતરપિંડી આચરી હોવાની શંકાના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

### એઈડ્સ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા અમદાવાદમાં આયોજિત ત્રિ-દિવસીય રાષ્ટ્રીય સંમેલન

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે HIV તબીબી નિષ્ણાતોના રાષ્ટ્રીય સંમેલન - ASICON 2025નો પ્રારંભ કરાવ્યો

(એજન્સી) અમદાવાદ | તા.21




ગુજરાતમાં પ્રથમ વખત યોજાઈ રહેલા આ સંમેલનના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌને માતૃભાષા દિવસની શુભકામનાઓ પાઠવી હતી. એઈડ્સ નાબૂદીના પ્રયાસો અને ASICON સંમેલન વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશમાં એઈડ્સ નાબૂદીના પ્રયાસોમાં ગુજરાત અગ્રેસર છે. ASICON 2025 જેવા કાર્યક્રમો આ પ્રયાસોને વધુ વેગવાન બનાવશે. ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ અને આરોગ્ય સેવાઓની વ્યાપક ઉપલબ્ધતા થકી ટકાઉ વિકાસ લક્ષ્યાંકો અનુસાર વર્ષ 2030 સુધીમાં એઈડ્સમુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે પણ આ કોન્ફરન્સ માર્ગદર્શક અને દિશાસૂચક સાબિત થશે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના આ વર્ષના બજેટમાં લોકોની સ્વાસ્થ્ય સુખાકારી સુનિશ્ચિત કરવા અને આરોગ્ય માળખાને વધુ મજબૂત કરવાના ધ્યેય સાથે આરોગ્ય બજેટમાં 16%ના વધારા સાથે 23,385 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં 'હોલિસ્ટિક હેલ્થકેર'ની પ્રણાલિને આત્મસાત્ કરતાં રાજ્યમાં ખૂણેખૂણા સુધી, છેવાડાના ગામો સુધી અને સામાન્યમાં સામાન્ય માનવીને પણ સરળતાથી આરોગ્ય સેવાઓ મળી રહે તેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. રાજ્યમાં પેટા આરોગ્ય કેન્દ્રોથી લઈને આધુનિક સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો સહિત 11,000થી વધુ સ્વાસ્થ્ય કેન્દ્રોનું એક્ટિવ અને એફિશિયન્ટ નેટવર્ક ગુજરાતમાં છે, એમ તેમણે ઉમેર્યું હતું. જેને 2047 સુધીમાં 84 વર્ષ જેટલું કરવાનો લક્ષ્યાંક વિકસિત ગુજરાત રોડમેપમાં રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'સર્વે સન્તુ નિરામયા'ની ભાવના સાથે નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે અનેકવિધ આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. વડાપ્રધાનશ્રીએ ટીબી, એઈડ્સ અને કેન્સર જેવી ગંભીર બીમારીઓ સામે લડવા માટે સૌને મિશન મોડ પર કામ કરવા પ્રેરિત કર્યા છે. આ વર્ષના કેન્દ્રીય બજેટમાં અસાધારણ બીમારીઓની સારવારમાં ઉપયોગી 36 જેટલી જીવનરક્ષક દવાઓને મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

# ભુજ મુન્દ્રા હાઈવે પર કેરા પાસે ટ્રેલર અને ખાનગી બસ, કન્ટેનર ટ્રેલર વચ્ચે સર્જાયો ગંભીર અકસ્માત

## 5 જિંદગી અકસ્માતમાં હોમાઈ 30 જેટલા ઘાયલ

મહેશ એલ.સોની નખત્રાણા

ભુજ મુન્દ્રા કેરા હાઈવે પર આજે બપોરના એક દોઢ વાગ્યાની આસપાસ ટ્રેલર ટ્રેલર કન્ટેનર અને ખાનગી બસ વચ્ચે ત્રીપલ અકસ્માત સર્જાતા પાંચ વ્યક્તિના મોત નિપજયા હતા. જ્યારે ૩૦ વ્યકિતઓ ને ઈજા પહોંચી હતી. ઓવરટેક કરવાની લ્હાયમાં અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માત એટલો બધો ગંભીર હતો કે ખાનગી બસ નો આગળ નો ભાગ સંપૂર્ણ નાશ પામ્યો હતો. ભુજની જી કે જનરલ હોસ્પિટલ માં અકસ્માત ગ્રસ્ત પરીવાર જનોની રોકકળથી વાતાવરણ ગમગીન બન્યું હતું. કચ્છ કલેકટર અમિત અરોરા જી. કે .જનરલ હોસ્પિટલ પહોંચી ઘાયલો ના ખબર અંતર પૂછ્યા હતા. અને ઘાયલોની તત્કાળ સારવારનાં આદેશો આપ્યા હતા. તો પશ્ચિમ કચ્છ પોલીસવડા પણ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ફોરેન્સિક ટીમ પણ ઘટના સ્થળે પહોંચી અકસ્માત કેવી રીતે સર્જાયો તેની તપાસ હાથ ધરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ અકસ્માત બાબતે દુઃખ વ્યકત કરી શોક વ્યક્ત કર્યો હતો અને અકસ્માતમાં જાન ગુમાવનારાઓની આત્માની શાંતિ માટે પ્રાર્થનાં કરી હતી.



### અકસ્માત માં મુત્યુ પામેલાની નામ યાદી

- આશિફ ફરીકમામદ માજોઠી (ઉં.વ.22), રહે-અમનનગરી કેમ્પ એરિયા ભુજ
- કુલસુમબેન મામદહુશેન સમા (ઉં.વ.50), રહે- શાહ મુરાદ બુખારી પીરની દરગાહની બાજુમાં મુંદ્રા
- સાલે સચુ રાયશી (ઉં.વ.24), રહે-ભીંરડીયારા
- શાહ આલમ ગુલામ મહંમદ (ઉં.વ.36), સજજપુર, ટાંડા આંબેડકરનગર ઉત્તરપ્રદેશ
- બીજા મુત્યુ પામેલા લોકો ની ઓળખ બાકી

### હાઈકોર્ટમાં 15 વર્ષ અને 5 મહિનાની સગીરાની ગર્ભપાતની અરજી

# સગીરાને 19 અઠવાડિયાનો ગર્ભ, સોલા સિવિલ હોસ્પિટલને સગીરાના મેડિકલ તપાસના નિર્દેશ

(એજન્સી) અમદાવાદ | તા.21



ગુજરાત હાઈકોર્ટમાં 15 વર્ષની અને 5 મહિનાની દુષ્કર્મ પીડિતાના 19 સપ્તાહના ગર્ભના ગર્ભપાતનો મામલો આવ્યો છે. પીડિતા તરફથી હાઈકોર્ટ સમક્ષ અરજી કરીને ગર્ભપાતની માગ કરવામાં આવી હતી. હાઈકોર્ટ દ્વારા આ મામલે પીડિતાની તબીબી તપાસ કરવાનો આદેશ સોલા સિવિલ હોસ્પિટલના નિષ્ણાંત તબીબોને આપવામાં આવ્યો છે. સાથે જ આદેશ કર્યો છે કે, 24 ફેબ્રુઆરીના રોજ પીડિતાની તપાસ કર્યા પછીનો રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે.

આ સમગ્ર મામલે પીડિતાના વાલી તરફથી હાઈકોર્ટમાં ગર્ભપાતની માગ સાથે અરજી કરવામાં આવી છે. જેમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે, પીડિતા માત્ર 15 વર્ષ અને 5 મહિનાની છે અને તે રેપ જેવા જઘન્ય ગુનાનો ભોગ બની છે. તેની નાની ઉંમર, શારીરિક સ્વાસ્થ્ય અને તેની સાથે બનેલી રેપની ઘટનાને ધ્યાને લઈ તેને શક્ય એટલી ઝડપે ગર્ભપાતની મંજૂરી આપવી જોઈએ. એટલું જ નહીં આ મામલે વાડજ પોલીસ સ્ટેશનમાં પોક્સોના કાયદા ઉપરાંત વિવિધ ધારા હેઠળ ગુનો નોંધાયો હોવાથી ગર્ભપાત બાદ ભ્રુણના ટીસ્યુના DNA સાચવવાનો આદેશ કરવામાં આવે. આ અરજીમાં હાઈકોર્ટે આદેશ કરતાં નોંધ્યું હતું કે પીડિતાને 19 સપ્તાહનો ગર્ભ હોવાથી તેના ગર્ભપાતની મંજૂરી માગવામાં આવી છે. આ અંગેનો રિપોર્ટ તેને ડોક્ટરો તરફથી આપવામાં આવ્યો છે. રાજ્ય સરકાર તરફથી જણાવવામાં આવ્યું હતું કે, આ પ્રકારના કેસોમાં પીડિતાની તબીબી તપાસ માટેની વ્યવસ્થા સોલા સિવીલ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે. ઉક્ત રજૂઆતને ધ્યાનમાં લેતાં પીડિતાને સોલા સિવિલમાં તેના વાલી સાથે જઈ તપાસ કરાવવાનો આદેશ કરવામાં આવ્યો છે. હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા પીડિતાનું ગર્ભપાત શક્ય છે કે કેમ અને શક્ય છે તો એમાં કેટલું જોખમ રહેલું છે તે અંગેની તપાસ કરીને કોર્ટ સમક્ષ રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. આ અંગે સરકારી વકીલને પણ જાણ કરવાની રહેશે, જેથી તેઓ કોર્ટને જરૂરી માહિતી આપી શકે. હાઈકોર્ટના આદેશ બાદ હવે આ કેસમાં 24મી ફેબ્રુઆરીના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે.

# મહેસાણામાં છેલ્લા 2 વર્ષમાં ખેડૂતોને 1777 વીજ-કનેકશન અપાયા

(એજન્સી) અમદાવાદ | તા.21

ખેડૂતોને કૃષિવિષયક જોડાણો સત્વરે પુરા પાડવા રાજ્ય સરકારનો નિર્ધાર છે તેવું વિધાનસભા સત્રમાં ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈનું કહેવું છે,ખેડૂતોને ખેતીવાડી વીજ જોડાણ માટે વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઈ ખર્ચ લેવાતો નથી તેમજ તમામ ખર્ચના તફાવતના નાણાં સરકાર દ્વારા ફાળવવામાં આવે છે,મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૩૯૦૭ લાખના ખર્ચે ૧૭૭૭ વીજ કનેકશનો અપાયા છે.

આજે વિધાનસભા ખાતે મહેસાણા જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણ અંગેના પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રી એ ઉમેર્યું કે, ખેડૂતોને નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે આગવુ ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે. એક નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે વીજ કંપનીને વીજ લાઈન અને ટ્રાન્સફોર્મરની કામગીરી માટે અંદાજિત સરેરાશ રૂ.૧.૭૩ લાખ જેટલો ખર્ચ થાય છે. પરંતુ ખેડૂત પાસેથી વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઈ ખર્ચ લેવામાં આવતો નથી અને તમામ ખર્ચના તફાવતના નાણાં સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે,સામાન્ય યોજના હેઠળ વીજ જોડાણ માટે ખેડૂત પાસેથી માત્ર સર્વિસ કનેક્શન ચાર્જ અને એનર્જી ડિપોજિટના નાણાં જ લેવામાં આવે છે. જે હેઠળ પાંચ હો.પા.ના વીજ જોડાણ માટે આ યોજના હેઠળ ખેડૂતે રૂ. ૭,૮૫૫ ભરપાઈ કરવાના થાય છે તથા ૧૦ હો. પા.ના વીજ જોડાણ માટે ખેડૂતે રૂ. ૧૪,૧૯૦ ભરપાઈ કરવાના થાય છે. સાગરખેડૂ યોજના હેઠળ પણ આજ રીતે ચાર્જ લેવામાં આવે છે. રાજ્યમાં સામાન્ય યોજના સિવાય ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવે છે.મંત્રીએ અન્ય એક પૂરક પ્રશ્નના પ્રત્યુતરમાં જણાવ્યું કે, રાજ્યના આદિજાતિ વિસ્તારોના ખેડૂતોએ આ યોજના હેઠળ માત્ર એનર્જી ડિપોજિટના નાણાં જ ભરવાના રહે છે. એ જ રીતે રાજ્યના અનુસૂચિત જાતિના ખેડૂતોએ આ યોજના હેઠળ માત્ર એનર્જી ડિપોજિટના નાણાં જ ભરવાના રહે છે. મંત્રીએ ઉમેર્યું કે, અગાઉ ખેડૂતોને નવા ખેતીવાડી વીજ જોડાણ માટે ૧૦-૧૫ વર્ષ સુધી રાહ જોવી પડતી હતી પિતાજી એ અરજી કરી હોય તો પુત્રને વીજ જોડાણ મળે તેવી સ્થિતિ હતી પરંતુ હાલમાં રાજ્ય સરકારની પ્રો એકટીવ નીતિના પરિણામે ૩ થી ૬ માસમાં મંજૂરી આપી દેવામાં આવે છે. છેલ્લા દશ વર્ષમાં વર્ષે સરેરાશ ૮૫ હજારથી વધુ નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

# શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ પર લારી-ગલ્લા સહિતના દબાણો દૂર કરવાની કાર્યવાહી

(એજન્સી) અમદાવાદ | તા.21

શહેરમાં ગેરકાયદેસર દબાણો અને ટ્રાફિકની સમસ્યાને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ તેમજ પોલીસ દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવ કરીને વિવિધ વિસ્તારોમાંથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જોકે માત્ર ગુજરાત હાઈકોર્ટમાં થયેલી અરજીને લઈને ટ્રાફિક પોલીસ દ્વારા કોર્પોરેશન સાથે કામગીરી દેખાડવા પૂરતી કામગીરી કરી હોય તેમ આજે વિવિધ વિસ્તારોમાંથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે 98 લારીઓ, 304 બેનર અને હોર્ડિંગ્સ, 129 વાંસ- વળી-તાડપત્રી, 539 પરચુરણ માલસામાન મળી 1070 જેટલો પરચુરણ માલ સામાન જપ્ત કર્યો હતો.

## નો પાર્કિંગ અને દબાણોને લઈ કુલ 1.22 લાખનો દંડ કરાયો

દબાણો દૂર કરવાની કામગીરીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભદ્ર ઈસર માંથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા જોકે આ દબાણો આગામી 26 ફેબ્રુઆરીના રોજ નગર દેવી ભદ્રકાળીની યાત્રાને લઈને દૂર કરવામાં આવ્યા હતા. દાણાપીઠથી લઈને ઢાલગરવાડ સુધી પણ દબાણો દૂર કરી અને રોડ પર સ્વચ્છતા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ તથા ઉત્તર ઝોનના અધિકારીઓ -કર્મચારીઓ સાથે રહીને ગરીબનગર ચાર રસ્તાથી મચ્છીમાર્કેટથી કલંદરી સુધી ટ્રાફિક પોલીસ સાથે દબાણો દૂર કરાયા હતા. કોર્પોરેશન દ્વારા નો પાર્કિંગ અને દબાણોને લઈ કુલ 1.22 લાખનો દંડ કરાયો હતો.

### મેરિટાઈમ બોર્ડના NOC પછી શરૂ થઈ શકશે

# સાબરમતીમાં રિવર રાફ્ટિંગ માટે 3 કંપનીએ અરજી કરી

(એજન્સી) અમદાવાદ | તા.21

રિવરફ્રન્ટ પર રિવર રાફ્ટિંગ કરવા માટે ત્રણ એજન્સીએ અરજી કરી છે. આમ્રપાલી ઈન્ડસ્ટ્રીઝ, એટલાન્ટિક વોટર સ્પોર્ટ્સ અને અમદાવાદ ક્યાક નામની એજન્સીઓએ રિવરફ્રન્ટ પર રિવર રાફ્ટિંગ કરવા માટે કલેક્ટર ઓફિસ ખાતે અરજી કરી છે. જેમાં એજન્સીઓએ કલેક્ટર ઓફિસમાં અરજી કર્યા બાદ સુરક્ષા અને સલામતી માટેની ચકાસણી ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા કરવામા આવશે. ગુજરાત મેરિટાઈમ બોર્ડની ટીમ દ્વારા સ્થળ તપાસ કર્યા બાદ નોન-ઓબ્જેકશન સર્ટિફિટેકટ આપશે ત્યારબાદ એજન્સીઓને રિવર રાફ્ટિંગની મંજૂરી અપાશે. હરણી બોટ કાંડ બાદ સરકાર દ્વારા રિવર રાફ્ટિંગના નિયમો વધારે કડક બનાવાયા છે. રજિસ્ટ્રેશન માટે અરજી કરનારી એજન્સીએ બોટ દીઠ 5 હજાર રૂપિયા ફી તરીકે ચૂકવવાના રહેશે.અરજી કરનારી એજન્સીઓએ કંપનીનું રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ, ફર્મનું લાઈસન્સ, જીએસટી નંબર, રાફ્ટિંગ ગાઈડના સર્ટિફિકેટ સહિતના દસ્તાવેજ આપવાના હોય છે.

### ઓર્થો ઉપરાંત અન્ય સર્જરી વિભાગો પણ શરૂ કરવાની યોજના

# સુવિધા:રેલવેના કર્મીઓ અને પરિવાર માટે સાબરમતીમાં હોસ્પિટલ બનાવાશે

(એજન્સી) અમદાવાદ | તા.21

રેલવે કર્મચારીઓ પરિવારજનોના આરોગ્યની ચિંતા છોડી કોઈ પણ પ્રકારની ચિંતા વગર ટ્રેનોનું સુરક્ષિત સંચાલન કરી શકે તે માટે રેલવે દ્વારા સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યું છે. જેમાં રેલવે કર્મચારીઓની સમયાંતરે મેડિકલ ચેકઅપ કરવાની સાથે જરૂર જણાય તો તેમને શહેરની અન્ય મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલોમાં પણ સારવાર માટે મોકલવામાં આવે છે. ત્યારે અમદાવાદ સહિત ડિવિઝનના તમામ રેલવે કર્મચારઓ તેમજ તેમના પરિવાર જનોને સારવાર માટે અન્ય હોસ્પિટલોમાં ભટકવું ન પડે અને એક જ જગ્યા નિષ્ણાત ડોક્ટરોની સારવાર તેમજ જરૂરી ઉપચાર મળી રહે તે ઉદ્દેશ્યથી સાબરમતી ખાતે આવેલ ડિવિઝનલ રેલવે હોસ્પિટલનું ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. હોસ્પિટલના ડેવલપમેન્ટ વિશે માહિતી આપતા અધિકારીએ જણાવ્યું કે, સાબરમતી ખાતે 75 બેડની હોસ્પિટલમાં હવે આગામી દિવસોમાં નવી હોસ્પિટલમાં બિલ્ડિંગ તૈયાર કરવાની સાથે તેમાં 250થી વધુ બેઠકની ક્ષમતા સાથે ઓડિટોરિયમ, કોન્ફરન્સ રૂમ, નવી ઓપીડી, નિષ્ણાંત ડોક્ટરોની કન્સલ્ટિંગ સહિત અન્ય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત હોસ્પિટલમાં નવા આરઓ પ્લાન્ટ લગાવવાની સાથે એક્વાગાર્ડ લગાવવામાં આવી રહ્યા છે, દર્દીઓના કપડાં ધોવા માટે વોશિંગ મશીન વસાવવામાં આવી છે. તેની સાથે જ હોસ્પિટલમાં નવા ઓપરેશન થિયેટર તૈયાર કરવામાં આવનાર છે જ્યાં જનરલ સર્જરી ઉપરાંત ઓર્થોપેડિક સર્જરી, લેપ્રોસ્કોપિક સર્જરીની સુવિધા શરૂ કરાશે.

# સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ

## શેરબજારમાં રોકાણની લાલચે 1.4 કરોડની ઠગાઈ

(એજન્સી) અમદાવાદ | તા.21




શેરબજારમાં પૈસા ઈન્વેસ્ટ કરવાથી સારૂ એવુ વળતર મળશે અને ટીપ્સ પણ અમે આપીશુ તેવી સ્કીમ બતાવી બે વ્યક્તિઓએ ભેગા મળીને સાત મિત્રો પાસેથી રોકાણના બહાને રૂ.1.40 કરોડ પડાવી લીધા હતા. જે બાદ રોકાણ કરેલા પૈસા કે વળતર આપ્યુ ન હોવાથી બન્નેએ ઠગાઈ કરી હોવાની જાણ થતા આ મામલે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

ઈસનપુરમાં રહેતા 29 પાર્થ શાહ સીએ તરીકે કામ કરે છે. વર્ષ 2022માં તેમના એક મિત્રએ શેર બજારમાં પૈસા ઈન્વેસ્ટકરવાથી સારૂ એવુ વળતર મળે છે મે 10 લાખ ઈન્વેસ્ટ કર્યા છે. આ સ્કીમ યશ બુલચંદાણી તથા નીલ મહેતા ચલાવી રહ્યા છે તેમ જણાવીને યશ અને નીલ સાથે મુલાકાત કરાવી હતી. જે બાદ યશે અને નીલે પાર્થભાઈને રોકાણ કરવા બાબતે સમજાવ્યા હતા અને રોકાણ કરવા બાબતે સારી ટીપ્સ પણ અમે આપીશુ જેથી તમને સારું વળતર મળશે તેમ જણાવ્યુ હતુ. જેથી પાર્થભાઈને વિશ્વાસ આવી ગયો હતો અને રોકાણ કરવા તૈયાર થયા હતા. એટલુ જ નહીં તેમણે તેમના મિત્ર વૈભવ, ચિન્મય, ગૌરવ, કૌશલ, ધવલ અને વિવેકને પણ રોકાણ કરવા માટે તૈયાર કર્યા હતા.

જે બાદ આ તમામે કુલ રૂ.1.40 કરોડનું રોકાણ કર્યુ હતુ. જો કે રોકેલા પૈસાનો નફો મળ્યો ન હતો અને રોકેલા પૈસા પરત માંગ્યા તો પરત આપતા ન હતા. જેથી યશ બુલચંદાણી અને નીલ મહેતાએ શેર બજારમાં પૈસા ઈન્વેસ્ટ કરવાથી ઉંચુ વળતર અપવાવવાની લાલચ આપીને કુલ રૂ.1.40 કરોડ પડાવી લીધા હોવાની જાણ પાર્થ શાહને થતા તેમણે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

# તપાસમાં બે વિદેશી આઈપી એડ્રેસ પકડાયા

## રાજકોટની હોસ્પિટલના CCTV રોમાનિયા, એટલાન્ટાથી હેક થયા

(એજન્સી) અમદાવાદ | તા.21

રાજકોટના નર્સિંગ હોમમાં સારવાર માટે આવતી મહિલાઓના સીસીટીવી ફુટેજ યુ-ટ્યુબ પર વાયરલ કરનાર ત્રિપુટીને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. જ્યારે પોલીસે સીસીટીવી ફુટેજ વેચીને રૂપિયા કમાવાનો કારસો કરનાર પ્રજ્જવલ તૈલી, પ્રજ પાટીલ અને ચંદ્રપ્રકાશને ઝડપી લીધા છે. તેમના મોબાઈલમાંથી સંખ્યાબંધ હોસ્પિટલ, મોલ, શોપ અને પાર્લરના ફુટેજ મળ્યા છે. પોલીસે હાલ ત્રણેયની પ્રાથમિક પૂછપરછ કરતા આવા વિડીઓ જોવા માટે વિકૃત લોકો રૂ. 800થી બે હજાર ચુકવતા હતા. ત્યારે હેકર દ્વારા સીસીટીવી હેક કરવામાં આવ્યા હતા તેમના આઈપી એડ્રેસ રોમાનીયા અને એટલાન્ટાના હોવાનું સામે આવ્યુ છે. સાઈબર સેલ અને ક્રાઈ બ્રાન્ચની જુદી-જુદી ટીમોએ આ અંગે તપાસ શરૂ કરતા અભદ્ર વીડિયો વાઈરલ થયા તે યુ-ટ્યૂબ ચેનલો અને ટેલિગ્રામ ગ્રુપ મહારાષ્ટ્રના સાંગલી, લાતુર તેમજ યુપીના પ્રયાગરાજમાંથી ઓપરેટ થતા હોવાની વિગતો મળી હતી. જેને આધારે પોલીસે ત્રણની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછ અને તપાસ કરતા તેઓ યુટ્યુબ ચેનલ પર થોડો ભાગ મુકીને તેની સાથે ટેલીગ્રામ ચેનલની લીંક મુકતા હતા. આવા વિડીઓ ખરીદવા માટે પહેલા ઓનલાઈન રૂપિયા જમા લેવામાં આવતા હતા. તેમજ હેકરના આઈપી એડ્રેસ રોમાનિયા અને એટલાન્ટાના હોવાનું સામે આવ્યું છે. જોકે સખ્યાબંધ લોકોએ આવા વિડીઓ માટે રૂપિયા ચૂકવ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસે કોઈ વીડીઓ ડિલીટ કરાયા છે કે કેમ તેની તપાસ માટે સાયબર એક્ટપર્ટસની પણ મદદ લીધી છે. આ અંગે રાજકોટના મુખ્ય જિલ્લા અધિકારી ફૂલમાળીએ વધુમાં જણાવ્યું હતું કે, મેડિકલ એથિક્સમાં દરેક દર્દીની પ્રાઈવસી જાળવવાનો નિયમ છે.

### પાયલ મેટરનિટીને લેબર રૂમમાં CCTV રાખવા મુદ્દે નોટિસ

રાજકોટના 150 ફૂટ રિંગ રોડ પર આવેલી પાયલ મેટરનિટી હોસ્પિટલમાં સારવાર માટે આવેલી મહિલાઓના પ્રાઈવેટ પાર્ટના વીડિયો વાઈરલ કરવાની ઘટનામાં તંત્ર એક્શનમાં આવ્યું. રાજકોટ આરોગ્ય વિભાગના સીડીએચઓ સહિત 5 ડોક્ટરની ટીમની કમિટીએ પાયલ મેટરનિટી હોસ્પિટલમાં ચેકિંગ કર્યું હતું. જેના 24 કલાક બાદ 20 ફેબ્રુઆરીએ નોટિસ આપી ત્રણ દિવસમાં ખુલાસો કરવા આદેશ કરવામાં આવ્યો છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...